# પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૭ ● અંક-૨ ● ફેબ્રુઆરી ૨૦૧૦ ● પાના ૨૮ ● કીમત રૂા.૧૦

## જિન-વચન

### પરમ મુક્તિ

सोही उज्जुयभूयस्स धम्मो सुद्धस्स चिट्ठई ।
निव्वाणं परमं जाइ घयसित्ते व पावए ।।

–उत्तराध्ययन– ३-१२

સરળ મનુષ્યની શુદ્ધિ થાય છે. શુદ્ધ માણસમાં જ ધર્મ સ્થિર થાય છે. ઘીથી સિંચાયેલા અગ્નિની જેમ શુદ્ધ થઈ તે મનુષ્ય પરમ મુક્તિ પામે છે.

सरल मनुष्य को शुद्धि प्राप्त होती है । शुद्ध मनुष्य में धर्म स्थिर होता है । जिस में धर्म स्थिर होता है वह घृत से अभिषिक्त अग्नि की तरह परम निर्वाण को प्राप्त होता है ।

One who is straightforward attains purity. One who is pure becomes steadfast in religion. Such a person attains the highest emancipation (Nirvana), like the lustre of fire sprinkled with ghee.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

## આચમન

### પાપીનો પણ પ્રતિનિધિ

ગાંધીજીનું સત્યાગ્રહનું એક વ્યાકરણ હતું. આ વ્યાકરણનો નિયમ ન પાળતાં જે સત્યાગ્રહ કરવામાં આવે છે તે દુરાગ્રહ બને છે, જબરદસ્તીનો એક પ્રકાર બને છે. છેલ્લાં વીસ વરસોમાં [1950 પછીના] કોઈએ પણ શુદ્ધ સત્યાગ્રહના દાખલા લોકો આગળ મૂક્યા નથી. પરિણામે સત્યાગ્રહની જગ્યા હત્યાગ્રહે લીધી છે. હત્યાગ્રહ કાં તો કાયદેસર સરકારને ખાઈ જશે, અથવા સર્વત્ર ગુંડાનું રાજ્ય શરૂ કરશે.

જ્યારે ચૌરીચૌરા હત્યાકાંડ થયો, ત્યારે ગાંધીજીએ એને રાષ્ટ્રીય પાપ માન્યું અને પોતે પ્રાયશ્ચિત્તરુપે અપવાસ કર્યા. ત્યારે કેટલાક લોકો ગાંધીજી પાસે જઈ કહેવા લાગ્યા કે, 'આપ અહિંસાના પૂજારી છો એ આખી દુનિયા જાણે છે. ત્યાં જે લોકોએ હિંસા કરી, તેમની સાથે આપનો દૂરનો પણ સંબંધ જોડવાની હિંમત કોઈ કરવાનું નથી. પછી આપ એ પાપ માટે પોતાને જવાબદાર શા માટે માનો છો?'

ગાંધીજીએ જવાબ આપ્યો: 'હું પોતાને મનથી ભારતનો પ્રતિનિધિ માનું છું. આખાય ભારતનો હું સેવક પ્રતિનિધિ છું. ભારતના પુણ્યવાન તેમ જ પાપી, બધાનો હું પ્રતિનિધિ છું. આ દેશની કોઈ પણ વ્યક્તિએ આ રીતે હિંસા કરી, તો તેની જવાબદારી મારે માથે આવી પડે છે. સમગ્ર ભારત વતી હું પશ્ચાતાપ ન કરું, તો મારું પ્રતિનિધિત્વ લજવાશે.'

તેથી જ રાષ્ટ્રે એમને રાષ્ટ્રપિતા કહ્યા.

### બચત પર નજર

યરવડા જેલમાં ગાંધીજીનાં કપડાં એમના સાથી શંકરલાલભાઈ ધોતા. એક દિવસ ગાંધીજીએ ધીરેથી એમને કહ્યું: તમે કપડાં ધોવાનું રહેવા દો. હું ધોઈ લઈશ.

ધોવામાં કંઈ ઊણપ રહે છે કે શું એ અંગે શંકરલાલભાઈએ પૂછ્યું.

ગાંધીજીએ સંતોષથી કહ્યું: કપડાં તો બરોબર ધોવાય છે, પણ મને લાગે છે કે સાબુ કાંઈક વધારે પડતો વપરાઈ જાય છે. હું એટલો સાબુ બમણા દિવસ ચલાવું.

શંકરલાલભાઈએ કહ્યું: હવે કરકસરથી વાપરીશ. એમને એમ કે સાબુ ભલે થોડો વધુ વપરાય પણ કપડાં બરોબર ઊજળાં થવાં જોઈએ. હવે કરકસરની દૃષ્ટિ એ પામ્યા.

એક સવારે ગાંધીજી કહે: શંકરલાલ, આજે સગડી ન સળગાવતા. પાણી ગરમ નથી કરવું.

શંકરલાલભાઈએ પૂછ્યું: કેમ?

ગાંધીજીએ કહ્યું: રાતના ઓરડામાં ફાનસ રહે છે. મને વિચાર આવ્યો કે તેની ઉપર પાણી ભરીને ટમલર મૂકી રાખું તો સવાર સુધીમાં ગરમ થઈ રહેશે. પ્રયોગ સફળ થયો. પાણી મારે પીવા જેવું ગરમ થઈ ગયું છે.

❑ **મહેન્દ્ર મેઘાણી**

'ગાંધી-ગંગા'

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ |
|---|---|---|---|
| (૧) | એક પ્રેરણાત્મક જીવન : શ્રી રુપચંદજી ભંશાલી | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | ભારતીય સર્વ દર્શનોની દૃષ્ટિએ આત્મવિચારણાનો ઇતિહાસ | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | ૧૦ |
| (૩) | વિભાવાચરણ V/S સ્વભાવાચરણ | સુમનભાઈ એમ. શાહ | ૧૪ |
| (૪) | ચરિત, ચરિત્ર, ચારિત્ર, ચારિત્ર્ય | નેમીચંદ જૈન<br>અનુવાદક : પુષ્પાબેન પરીખ | ૧૫ |
| (૫) | સંબંધો | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૬ |
| (૬) | જયભિખ્ખુ જીવનધારા-૧૫ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૧૮ |
| (૭) | મહાવીર જૈન વિદ્યાલ. દ્વારા યોજિત ૨૦મો જૈન સાહિત્ય સમારોહ | – | ૨૧ |
| (૮) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૧૬ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૪ |
| (૧૦) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૨૬ |
| (૧૨) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૭ |
| (૧૩) | પંથે પંથે પાથેય : અવિસ્મરણીય કાશ્મીર પ્રવાસ | ગાંગજીભાઈ શેઠિયા | ૨૮ |



**'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી**

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે

૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૭માં વર્ષમાં પ્રવેશ

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

**પૂર્વ તંત્રી મહાશયો**

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : ૫૭ ● અંક : ૨ ● ફેબ્રુઆરી ૨૦૧૦ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૬ ● ફાગણ સુદ –તિથિ-૨ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●        ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## એક પ્રેરણાત્મક જીવન
## શ્રી રુપચંદજી ભંશાલી

કેટલાંક પ્રસંગોનું નિમિત્ત વ્યવહાર હોય છે. કેટલાંકનું આનંદ અભિવ્યક્તિનું તો કેટલાંકનું પારંપારિક, પરંતુ આ બધાંથી પર કુદરત અને શુભ કર્મો પણ પોતાનું નિમિત્ત પોતે જ શોધીને એક ભવ્ય પ્રસંગનું સર્જન કરાવી દે છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા આયોજિત ૨૦મા જૈન સાહિત્ય સમારોહનો પ્રસંગ એક ઋષિતુલ્ય વ્યક્તિ અને એમના પરિવારના શુભ કર્મોનું નિમિત્ત બની ગયો.

'જૈન ગ્રંથ ગૌરવ' શીર્ષકથી યોજાયેલ ત્રિદિવસીય આ સમારોહ રતલામ ખાતે જાન્યુઆરીની ૨૯, ૩૦, ૩૧ના યોજાયો અને જૈન ધર્મના ચારેય ફિરકાના અને અજૈન એવા પણ ૧૫૦ વિદ્વદ્જનોએ એક છત્ર નીચે એકત્રિત થઈ જૈન સાહિત્યના ગૌરવભર્યા વિવિધ ગ્રંથોની ચર્ચા-ચિંતન કર્યાં. (વિગતે અહેવાલ આ અંકમાં અન્યત્ર છે.)

આ સમગ્ર જ્ઞાનોત્સવનું યજમાનપદ શોભાવ્યું ઋષિતુલ્ય પિતા શ્રી રુપચંદજી અને જ્યેષ્ટ બંધુ સુશ્રાવક માણકચંદજી ભંશાલીના પરિવારે.

આજના શણગાર, વૈભવ અને ઉત્સવપ્રિય સમાજ વચ્ચે એક પરિવારે પોતાના પિતા અને જ્યેષ્ટ બંધુને જ્ઞાનાંજલિ દ્વારા શ્રદ્ધાંજલિ આપી એ એક અમૂલ્ય અને પ્રેરણાત્મક ઘટના છે. ઉત્તમ પિતૃ-ભ્રાતૃ-તર્પણ છે.

**આ અંકના સૌજન્યદાતા :**
**ડૉ.શ્રીમતી ભદ્રાબેન શાહ**
**અને શ્રી દીલીપભાઈ શાહ**

પૂ. રુપચંદજી આ સાહિત્ય સમારોહના પ્રણેતા અને આ સંસ્થા–શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પૂર્વપ્રમુખ અને 'પ્ર.જી.'ના તંત્રી ડૉ. રમણલાલ ચી. શાહના જ્ઞાનમિત્ર હતા અને આ સંસ્થાના આવા જ એક મહામાનવ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ પૂ. રુપચંદજીના પ્રેરક પુરુષ હતા.

ડૉ. રમણલાલ ચી. શાહના બે ગ્રંથો, 'જૈન ધર્મ દર્શન' અને 'જૈન આચાર દર્શન'નો હિંદી અનુવાદ પણ આ ભંશાલી પરિવારે પ્રકાશિત કર્યો છે.

આ પ્રકાશન કાર્ય દરમિયાન પૂ. રુપચંદજીના જીવનને અને એમના પરિવારમાં સરસ્વતી અને લક્ષ્મી બંને આસનસ્થ છે, તેમજ હૃદયમાં અને જીવનચર્યામાં જૈન ધર્મ દ્રઢસ્થ છે એવા એ કુટુંબીજનોને ઓળખવાનો અને સમજવાનો એક અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો.

'બાપુજી સા : એક પ્રેરણાદાયી જીવન' એ શીર્ષકથી ગુજરાતી, હિન્દી અને હવે અંગ્રેજીમાં એમના પુત્ર શ્રી વલ્લભ ભંશાલીએ એક નાની પુસ્તિકા આ સમારોહ સમયે પ્રકાશિત કરી. પુત્રની કલમે લખાયેલી આ પુસ્તિકામાં સહજ પ્રવેશો પછી પૂરી જીવનાભૂતિ પામ્યા પછી જ તમે એના બે મુખ્ય પૃષ્ટોને ભેગા કરી શકો એવી આ પુસ્તિકામાં પિતૃભક્તિની ગંગા છે.

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com

પૂ. રુપચંદજીનો જીવનકાળ ૧૯૧૫ થી ૨૦૦૭, આયુષ્ય સાડા એકાણું વર્ષ. જન્મ રાજસ્થાનના, મારવાડ પાલીમાં. એમના પૂર્વજો રાજ્યના પદાધિકારી હતા. પિતાનું નામ પન્નાલાલજી અને માતાનું નામ ગુમાનબાઈ. આ દંપતીને બે પુત્ર, રુપચંદજી અને પારસમલ. પિતાએ બન્ને પુત્રોને નાનપણમાં જ જૈન છાત્રાલયમાં મોકલી દીધાં. રુપચંદજી આઠ વર્ષની ઉંમરમાં જ પૂ. વલ્લભસૂરિના શિષ્ય મુનિ તિલકદાસની સાથે ઘેર પત્ર મોકલી સાધુ બનવા માટે ચાલી નીકળ્યા હતા. આ રુપચંદજી ૧૧–૧૨ વર્ષની ઉંમરે ગ્વાલિયર નજીક શિવપુરીમાં પૂ. વિજયધર્મસૂરિજી (કાશીવાળા) દ્વારા સ્થપાયેલ વીરતત્ત્વ પ્રકાશક મંડળના વિદ્યાર્થીગૃહમાં ગયા. રુપચંદજીએ ચાર વર્ષ શિવપુરીમાં રહીને સંસ્કૃતમાં ઉત્તર માધ્યમાની પરીક્ષા પાસ કરી. ધાર્મિક સૂત્રો શીખ્યાં. અહીં શિક્ષણ અને અધ્યયનની ઊંડી લગન લાગી. ૧૪-૧૫ વર્ષની વયે રુપચંદજી રજાઓમાં પાલી આવે અને શેરી સફાઈ જેવું સમાજ સેવાનું કામ પણ કરે. ૧૭ વર્ષની ઊંમરે રુપચંદજી મુંબઈ આવ્યા અને દાદીના સંબંધીની પેઢી ઉપર કામે લાગ્યા.

પાલીના ઉત્તમ કુટુંબોમાં છાજેડ પરિવાર. એમની સૌથી મોટી પુત્રી રુપકુંવર સાથે રુપચંદજીની સગાઈ થઈ. ૧૯ વર્ષનો વર અને ૧૫ વર્ષની કન્યા. પાલીનો પ્રતિભાશાળી છોકરો અને સમર્થ પરિવારની ગંભીર અને બુદ્ધિમાન છોકરી. બન્ને આત્માનું મિલન થયું. શાનદાર વિવાહની યોજના થઈ, પરંતુ એ ૧૯૩૩ની ગાંધી ચળવળનું વર્ષ અને ચારે તરફ રાષ્ટ્રીય જુવાળ, રુપચંદજી આ વાતાવરણથી બાકાત કેમ રહી શકે ? ખાદી પહેરવી, રેંટિયો કાંતવો, ભૂગર્ભ પ્રવૃત્તિમાં રસ લેવો, સ્વાતંત્ર્યવીરોને સહકાર આપવો વગેરે રુપચંદજીની પ્રવૃત્તિ બની અને લગ્ન માટે શરતો મૂકી, ખાદી જ પહેરશે અને જૈન વિધિથી જ લગ્ન કરાશે. અને દૃઢ માનવીની આ શરતો સ્વીકારાઈ અને લગ્નની શરણાઈ ગુંજી ઉઠી.

રુપચંદજીને દાદા ગુરુ પૂ. આચાર્ય વિજય ધર્મસૂરિજીમાં અનન્ય શ્રદ્ધા હતી. જીવનની વિકટ પળોએ એઓ આ 'બાપજી'ને યાદ કરતા અને સહાય મળી રહેતી. રોજ સવાર-સાંજ આ 'બાપજી'ની એઓ આરાધના કરતા. આ આરાધના એમનામાં શ્રદ્ધા, સંસ્કાર અને બળ જન્માવતા. આ આરાધના જ એમની બધી સફળતાનો આત્મા હતી.

હવે કેટલાંક અમી છાંટણા શબ્દો એમના સુપુત્ર વલ્લભભાઈની ઉપર નિર્દેષેલ પુસ્તિકામાંથી અવતારીએ :

''મહામાનવ રુપચંદજીનું જીવન એટલી બધી ઘટનાઓ અને પ્રતિભાઓથી અલંકૃત છે કે તેને સંક્ષિપ્તમાં લખવાનું અસંભવ છે.

રુપચંદજીને શિવપુરીથી નાની ઉંમરમાં જ વિભિન્ન વિષયોમાં રસ પડ્યો. અને તેનાથી આરંભ થયો પુસ્તક સંગ્રહનો અને તેમાંના દરેક પુસ્તકના અધ્યયન અને ચિંતનનો.

યોગ, સાહિત્ય, વિભિન્ન મતોના ધાર્મિક પુસ્તકો અને ગ્રંથો, ઇતિહાસ, કાવ્ય, ઇત્યાદિ વાંચ્યાં અને યથાશક્તિ બાળકોને વંચાવ્યાં.

જ્યોતિશાસ્ત્ર તથા હસ્તરેખાશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો. જ્યોતિષ છોડીને આયુર્વેદને અપનાવ્યું. આયુર્વેદના પુસ્તકોનો વિપુલ સંગ્રહ કર્યો. ઊંડું જ્ઞાન પ્રાપ્ત કર્યું અને તેને સેવાનું માધ્યમ બનાવ્યું. અનેક ઔષધિઓ બનાવી. જીવનભર પોતાનું સ્વાસ્થ્ય સાચવ્યું. (સોનેરી વાળને કાળા બનાવ્યા અને અંત સુધી વાળ કાળા રહ્યા.) અન્યોની સેવા કરી, ત્યાં સુધી કે હૉસ્પિટલોમાં ડૉક્ટરો તથા નર્સોના પણ ઉપચાર કર્યા.

હિન્દી, ગુજરાતી અને સંસ્કૃત ભાષાઓ ઉપર સારી નિપુણતા. જૈન સૂત્રો, સ્તોત્રો અને અનેક શાસ્ત્રોનું, ગીતાના શબ્દ, અર્થ અને ભાવાર્થનું સારું જ્ઞાન. ઘણું બધું કંઠસ્થ.

વિષયના દરેક પાસા પર ચિંતન કરતા અને તેને આત્મસાત્ કરતા. તેમની ટિપ્પણો અદ્વિતીય, સરળ અને માર્મિક હતી. કોઈ પણ વિષય પરની વાત સંક્ષિપ્ત હોય. ચર્ચા નહીંવત્, કદાગ્રહ ક્યારેય નહીં.

પૂ. બાપુજી કહેતા : આપણાં અસ્તિત્વના ત્રણ પાસાં છે : તન, મન અને ધન. મન સૌથી વ્યાપક છે. પરંતુ દુર્ભાગ્યની વાત એ છે કે આપણે સૌથી વધારે સમય અને શક્તિ ધનના ક્ષેત્ર ઉપર ત્યાર પછી તન ઉપર અને ઓછામાં ઓછો સમય મન પાછળ આપીએ છીએ.

પૂજ્ય બાપુજી રોજ જિનેશ્વર ભગવાનની પૂજા કરતાં. પૂજા ઘણી જ શાંતિથી કરતાં, સારગર્ભિત એવા ચૈત્યવંદન અને સ્તવન જ ગાતા. તેઓશ્રી રોજ સામાયિક કરતા. નવરાશના સમયમાં પણ સામાયિક કરતા. શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહનો દાખલો આપતા કે રોજ એક સામાયિક કરવાના નિયમને કારણે તેઓ આટલા મોટા વકીલ, સમાજસેવક અને સાહિત્યકાર બની શક્યા હતા.

રોજ સવારસાંજ નવસ્મરણના પાઠ અને ગુરુદેવ વિજય ધર્મસૂરિની પૂજા, જાપ, આરતી, ઇત્યાદિ કરતા. આ બધું અર્થપૂર્ણ રીતે અને પરમ ભક્તિભાવથી કરતા હતા. નિયમોનું શાંતિપૂર્ણ અનુશાસન કરતા, તેમના નિયમોમાં કદીય ચૂક નથી આવી. છેલ્લા મહિનાઓમાં અસ્વસ્થ હોવા છતાં યથાશક્તિ નિયમો પાળતાં. તેઓ ભારપૂર્વક કહેતા કે, 'એવા અને એટલા નિયમો ન રાખો જેથી તમને કે અન્યોને તે નિયમો ભારરૂપ લાગવા માંડે.'

પર્યુષણમાં ઉપવાસ ઉપરાંત દરરોજ આઠ સામાયિક કરતા.

આખો દિવસ મૌન રાખતા. સામાયિકમાં નવકારનો જાપ, પૂ. વૃદ્ધિચંદ્રજી મહારાજ સાહેબ, પૂ. આનંદઘનજી મ.સા., પૂ. યશોવિજયજી મહારાજ રચિત સજ્ઝાય, સ્તવનનું સ્વાધ્યાય કરતા. ધ્યાન કરતા. સંવત્સરીના દિવસે ઉપાશ્રયમાં કલ્પસૂત્ર સાંભળતા અને ઘરે પણ વાંચતા. ઘણાં વર્ષોથી સમગ્ર પરિવાર સાથે સવારસાંજ પ્રતિક્રમણ કરતા.

પૂ. બાપૂજીએ કરોડો નવકાર જાપ કર્યા. ૧૫-૨૦ વર્ષથી રોજ યશોવિજયજી રચિત જ્ઞાનસાર, તત્ત્વાર્થ સૂત્ર અને યોગસારનો સ્વાધ્યાય કરતા. ૧૭ વર્ષથી રોજ શ્રીમદ્ ભાગવદ્ ગીતા તથા આદ્ય શંકરાચાર્ય રચિત 'ભજગોવિંદમ્' વાંચતા.

તેમની ભક્તિમાં પ્રેમ ઉભરાતો હતો – રૂઢિ જરા પણ નહીં. તે કહેતા કે 'શુદ્ધ હોય તો પણ લોકોથી વિરુદ્ધ હોય તે ન કરવું, ન આચરવું.' આટલા માટે આપણી પોતાની સમજ સાચી હોય તો પણ આવશ્યકતા ન હોય તો લોકોથી વિરુદ્ધ કામ ન કરવું. ધર્મ સગવડિયો ન થઈ જાય તેનું તે હંમેશાં ધ્યાન રાખતા.

આત્મશુદ્ધિ માટે તપની અનિવાર્યતા તેમને પૂર્ણ રૂપે પ્રાપ્ત હતી. તેમાં પણ સહજ અને અભ્યંતર તપની. તપના તમામ પ્રકાર તેમણે અપનાવ્યા હતા. સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ બધું તેમના જીવનમાં હતું.

રોજ ૪–૪.૩૦ વાગે ઊઠતા. ૧૨ વર્ષની ઉંમરથી જ આ નિયમ બનાવ્યો હતો. ૮૫ વર્ષની ઉંમર સુધી પૂર્ણ રીતે સ્વાવલંબી જીવન હતું. જાતે જ કપડાં ધોવાં, પથારી ઉપાડવી, પાણી ગરમ કરવું ઈત્યાદિ. ઘરમાં દીકરા, વહુઓ, નોકર બધાં જ હતાં. પણ સંભવતઃ કોઈને પણ કશું કામ કરવાનું કહેતા ન હતા. બહુ જ નાની ઉંમરથી ચૌદશનો ઉપવાસ, પ્રતિક્રમણ ઇત્યાદિ કરતા. લગભગ ૬૫ વર્ષ સુધી આ નિયમનું પાલન કર્યું. ૬૦-૬૫ અઠ્ઠાઈઓ (આઠ દિવસના ઉપવાસ), ૧૦૦-૧૨૫ નવપદજી (નવરાત્ર)ના નવ દિવસના આયંબિલ તપ કર્યાં. આયંબિલ દરમિયાન મંદિરમાં માત્ર ખમાસમણાં ઈત્યાદિ કરતા અને પૂજા ઘેર વાંચતા.

૮૯ વર્ષની ઉંમરે છેલ્લી અઠ્ઠાઈ કરી. તેઓ કહેતા, 'શક્તિ પ્રમાણે તપ તો કરવું જ જોઈએ. તેનાથી ઓછું કે વધારે પણ નહીં. શક્તિથી વધારે તપ કરવાથી અહંકાર અને મિથ્યાત્વનો ભાવ જાગે છે; ઓછું કરવાથી પ્રમાદ ઉપર વિજય પ્રાપ્ત થતો નથી.'

પૂ. બાપુજીએ ૪૨ વર્ષ (૧૯૬૫થી ૨૦૦૭) પત્ની રુપકુંવરનો વિયોગ સહજ અને સમતાપૂર્વક સહન કર્યો.

તેમનું જીવન ગાંધીજીથી પ્રેરિત હતું. ખાદી પહેરતા હતા. રૂમાલ, ટુવાલ, જૂતાં બધું જ ખાદીભંડારમાંથી લાવતાં હતાં. જરૂરિયાતો ઓછામાં ઓછી રાખતા. ૪૦ વર્ષ પહેલાં વર્ષમાં રૂા. ૫૦ (પચાસ)ના સ્વખર્ચનું લક્ષ્ય હતું. મોંઘવારીને કારણે વધુમાં વધુ રૂા. ૨૦૦૦ થઈ ગયું હશે. ધોતી, ઝભ્ભો, ટોપી અને બંડી જ પહેરતા. પરંતુ કોઈ રૂઢિ ન હતી.

સત્ય અને પ્રેમની એક ઝલક : ભાગીદારીના ધંધામાં ગરબડ થતી દેખાઈ એટલે છૂટા થઈ ગયા. આર્થિક તંગીએ તેમને ભીંસમાં મૂક્યા. નોકરી કરવા નીકળી પડ્યા. શેઠજીએ થોડા દિવસ બાદ કહ્યું કે બે નંબરનો હિસાબ પણ રાખવો પડશે. તેમણે ના પાડી અને પગાર ચારસો રૂપિયાથી અઢીસો રૂપિયા થઈ ગયો. આ સમય એવો હતો કે જ્યારે ડૉક્ટરની ફી પણ બાકી રહેતી. ભલે બાકી રહે પણ ઈમાનદારી-સત્ય સૌથી પહેલું હોય.

રાજકારણમાં સ્વાર્થનો પ્રવાહ જોઈને તેમણે રાજકારણનો સદંતર ત્યાગ કરી દીધો.

મુંબઈ આવ્યા પછી સેવાના નવા અનેક ક્ષેત્રો ખુલ્યાં; જેમાં એક કામ આજીવન ચાલ્યું. એ હતું બહારથી આવતા વિદ્યાર્થીઓને મદદ કરવી. અજાણ્યા વિદ્યાર્થીઓની સાથે જઈ તેમને છાત્રાલયમાં દાખલ કરાવવા; સી.એ. કોર્સ માટે આર્ટિકલ તરીકે રખાવવા, તેમના માટે ડિપોઝીટ ભરવી, નોકરી અપાવવી વગેરે. તેમાંથી કેટલાક વિદ્યાર્થીઓ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરનારા પણ નીવડ્યા.

આ બાબતમાં એટલા ઉત્સાહી હતા કે કેટલાય લોકોને પોતાના નાના ઘરમાં લાવીને રાખ્યા. બે યુવકોના પિતા બનીને લગ્ન પણ કરાવ્યું. આ એમના અદ્ભુત આત્મવિશ્વાસ અને પત્નીના અનુપમ સાથને કારણે શક્ય હતું. વધારે સંપત્તિ ન હતી અને ૬ બાળકોનો પરિવાર હોવા છતાં આ બધું ચાલ્યા કર્યું. ૨૦૦૧માં એક યુવક દીપકભાઈને ઉપાશ્રયમાંથી સાથે લાવ્યા હતા. કેટલાય માસ ઘેર રાખ્યો. એને હીરાનું કામ શીખવાડ્યું, મૂડી આપી. પ્રેમ અને પ્રેરણા આપ્યાં. આજે તે સફળ વ્યાપારી અને આદર્શ ગૃહસ્થ છે.

તેઓ કહેતા, 'માત્ર હોંશિયાર વિદ્યાર્થીને જ મદદ ન કરો જેની ઈચ્છા પ્રબળ હોય તેને વિશેષ મદદ કરો.'

'આગળ વધો અને અન્યને આગળ વધવાની પ્રેરણા આપો.' એ જ રુપચંદજીનું સૂત્ર હતું.

તેઓ પોતે ઘણા અપરિગ્રહી હતા.

ગરીબોની હૉસ્પિટલમાં જવાની શરૂઆત વ્યાપારમાં હતા ત્યારથી કરી દીધેલી. એમણે ત્રણ હૉસ્પિટલોમાં અભિયાન શરૂ કર્યું– સેન્ટ જ્યોર્જ, જી. ટી. અને કામા. ધીરે ધીરે કે.ઈ.એમ, કસ્તુરબા, નાયર અને જે. જે.ને પણ તે અભિયાનમાં જોડી દીધાં. વિશાળ કદની જે. જે.માં અઠવાડિયામાં એક વાર જતા અને અન્ય જગ્યાએ ૨-૩ વાર. અઠવાડિયામાં ૫-૬ દિવસ પૂરા ૫-૬ કલાક આ કામમાં વ્યસ્ત રહેતા. કોઈ પણ કારણસર આ કાર્યમાં વિઘ્ન આવે તે તેઓ સહન કરી શકતા નહોતા.

સને ૧૯૯૬માં પોતે જ કેન્સરમાં સપડાયા. રોગના ઉપચાર (રેડીએશન) વખતે પણ તેઓ નિયમિત રીતે હૉસ્પિટલોમાં જતા હતા. પરિવાર તેમના સ્વાસ્થ્ય અંગે ચિંતિત હતો ત્યારે પણ તેઓ તો મસ્ત હતા લોકસેવામાં જ. તેઓ દરેક દર્દી પાસે જતા અને સ્નેહ દર્શાવતા. સુખદુઃખની વાતો કરતા. જે પણ નાનામાં નાનું

અને મોટામાં મોટું કામ હોય તે કરતા. તન, મન અને ધનથી દરદી સાથે એકાત્મતા કેળવવાનો પ્રયાસ કરતા. તેના માટે પોસ્ટકાર્ડ લખતા. સંદેશા પહોંચાડતા. એવી નાની બાબતોમાં રસ લેતા જેથી દર્દીને પોતાના પ્રત્યે દયનીયતા નહિ પણ પોતાપણું લાગે.

ધીરે ધીરે હૉસ્પિટલના વ્યવસ્થાપકોમાં તેઓ અજાણ્યાને બદલે અભૂતપૂર્વ વિભૂતિ બની ગયા. કેટલાક ડૉક્ટરો અમને કહેતા કે, 'જ્યારે આપના પિતાજી કોઈ દર્દી પાસે ઊભા હોય ત્યારે અમને એમનામાં સાક્ષાત્ ઈશ્વર જ દેખાય છે.'

તેઓ ક્યારેય વ્યવસ્થા કે પ્રસિદ્ધિમાં પડ્યા ન હતા. ગમે તેટલું દબાણ પણ તેમને નમાવી શક્યું ન હતું. યથાસંભવ તેઓ 'કાકાજી'ના નામથી જ ઓળખાતા. ઘણા પત્રકારો તેમની પાસે જતા પરંતુ તેઓ તેમનાથી અળગા રહેતા.

'कर्मफलहेतु र्भूर्मा'ને તેઓ બરાબર જાણતા હતા. આ નિત્યક્રમ ૩૦ વર્ષ સુધી ચાલ્યો.

નાયર હૉસ્પિટલે તેમની પ્રેરણાથી પોતાની વધારાની જગામાં વ્યવસાય પ્રશિક્ષણ શરૂ કર્યું. સ્વતંત્રતા અને સ્વાવલંબનની તેમની ભાવના અહીં પણ દેખાઈ.

કહેતા કે 'એક વ્યક્તિ કામ પર લાગે તો પાંચના પેટ ભરાય.'

જેમ જેમ જીવનમાં આર્થિક સમૃદ્ધિ આવતી ગઈ તેમ તેમ વધારે વહેંચવાની હંમેશાં વૃત્તિ રહી. મુંબઈ હૉસ્પિટલ તેમની પ્રિય સંસ્થા હતી અને ત્યાં લગાતાર યોગદાન અપાતું રહ્યું.

પોતાના જન્મસ્થળ પાલીમાં કન્યા મહાવિદ્યાલય બનાવ્યું, જેની ત્યાં અત્યંત જરૂર હતી.

પાલીની શાનદાર ગૌશાળામાં મોટો ફાળો આપ્યો. તેમનું અને તેમના નાના ભાઈ પારસમલજીનું મહત્ત્વપૂર્ણ યોગદાન હતું.

તેઓ કહેતા હતા કે, 'પ્રામાણિકતાથી ખૂબ કમાઓ અને સારા કામમાં ખર્ચો, લોકોના કામમાં આવો. ઉચ્ચ શિક્ષણની ઇચ્છાવાળાને વિશેષ શિક્ષણ આપો.' આ વાત ઉપર વિશેષ ભાર મૂકતા હતા. દાનમાં તેમની ભાવના હંમેશા સેવાની જ હતી–દાતાની નહીં.

તે કહેતા બોધિ-લાભ અર્થાત્ મોક્ષપ્રાપ્તિ માટે શરીરથી સ્વસ્થ હોવું અનિવાર્ય છે. તે માટે જ આરોગ્યની પ્રાર્થના બોધિથી પહેલાં કરવામાં આવી છે. 'આરુગ્ગ'નો અર્થ–ભાવ આરોગ્ય (સ્વસ્થતા) એવો અર્થ કરવો ન જોઈએ. તે માટે જૈન દૃષ્ટિકોણની ચર્ચા કરી રહ્યા છે, કારણ કે તેમણે સ્વાસ્થ્યને સૌંદર્ય, શૃંગાર અથવા ભોગનું સાધન નહિ, પરંતુ મોક્ષનું જ સાધન બનાવ્યું.

'માંદગીને વધવા ન દો'–આ તેમનું સૂત્ર હતું.

જે સજાગ અને સ્વસ્થ હોય છે, તેમને થોડો પણ ફેરફાર તરત જ ખ્યાલમાં આવી જાય છે અને તે માટે તેમને સહજ ચિંતા થતી હતી. બીજું, જ્યારે કોઈ સમસ્યા નાની હોય ત્યારે તેનું સમાધાન કરવું સરળ હોય છે. આ બીજી વાતમાં ઊંડો અનુભવ અને અત્યંત કૌશલ્ય સમાયેલું છે.

મુંબઈમાં ૪૫ વર્ષ સુધી કોઈ મોટા ઘરમાં રહેવાની સુવિધા પ્રાપ્ત થઈ ન હતી, પરંતુ તેઓ દિવસમાં કેટલીય વાર ઊંચો દાદરો ચઢી-ઉતરીને પણ પછી મરીનડ્રાઈવ કે હેન્ગીંગ ગાર્ડન ચાલવા જતા. કોઈક વાર ત્યાં સુધી ન જઈ શકાય તો નાના એવા રૂમમાં પણ સેંકડો ચક્કર લગાવતા અને ઘણી તન્મયતાથી નિયમિત યોગાસન કરી લેતા હતા.

તેમણે જાણી લીધું હતું કે સ્વાસ્થ્ય, સેવા અને આત્મકલ્યાણ આ ત્રણે એકબીજા પર આધારિત છે.

મારું એવું માનવું છે કે તેમના જેવી વ્યક્તિ સંસારથી મુક્ત થવા માટે જ સંસારમાં આવે છે. તે સમજી જાય છે કે 'સ્વતંત્ર' થવા માટે 'સ્વસ્થ' હોવું જરૂરી છે. આવી ઊંડી અને સ્પષ્ટ સમજ કોઈ વિરલને જ હોય છે.

એમણે મને ઘણી વાર ચેતવ્યો હતો કે મોહ ન રાખવો; હું એમની એ ચેતવણીને પ્રૌઢ થયા પછી જ થોડી થોડી સમજી શક્યો છું.

એમના વ્યવહારનું વિશ્લેષણ કરવાથી કેટલાક સિદ્ધાન્તો સમજમાં આવે છે.

અનાવશ્યક ચર્ચા-પ્રપંચ કરવો નહીં. પ્રપંચ કરતાં કરતાં તથ્યો, ઘટનાઓની સાથે બીજાઓના અભિપ્રાય જોડાઈ જાય છે અને સ્વયં આપણે પણ અભિપ્રાય બાંધવા–બનાવવા મંડી પડીએ છીએ, એવું કરવાથી મનમાં વ્યર્થ કષાયો વધે છે અને એમની છાયા સંબંધો ઉપર પડે છે.

એક સૂક્ષ્મ પ્રભાવ પડે છે કે આ અભિપ્રાય ઊંડા રાગ-દ્વેષમાં બદલાઈ જાય છે. આનાથી ભરાયેલું મન સરળતાથી નિર્ણયો લઈ શકતું નથી, કાર્ય પણ કરી શકતું નથી.

પોતાના પિતાજીના અકાળ અવસાન પછી એમણે માતાની વિકટ સ્થિતિ જોઈ. આજથી પચાસ-સાઈઠ વર્ષ પહેલાંના સમયમાં વિધવાની સ્થિતિ ઘણી દુઃખદાયક હતી. મહિનાઓ સુધી એ ઘરની બહાર નીકળી શકતાં નહીં. આવી સ્થિતિમાં એ માત્ર બે સપ્તાહ પછી જ માતુશ્રીને રિવાજોની પરવા કર્યા વગર મુંબઈ લઈ આવ્યા. શોભાસ્પદ વસ્ત્રો પહેરાવ્યાં અને ગૌરવપૂર્વક જીવન જીવવાનું શીખવ્યું.

અચાનક આર્થિક પરિસ્થિતિ ખરાબ થઈ જતાં તેઓએ ગભરાયા વગર દીકરીના શ્વસુર પાસે જઈને પોતાની સ્થિતિ બતાવી. શાનદાર જાન બોલાવવાને બદલે એમણે દીકરીને સસરાના શહેરમાં લઈ જઈ ત્યાં લગ્ન કરાવી દીધું. પછી બે દીકરીઓના લગ્ન એકીસાથે કરાવી દીધાં. ખર્ચ ભરપૂર કર્યો, પણ નિરર્થક મહેનત ટાળી દીધી. બધાં સંબંધીજનોમાં એમની સ્નેહભરી ધાક રાખી.

એમનો સંદેશ–'મોહ મત કરો' એ આ સંદર્ભમાં દ્યોતક છે. ભાઈસાહેબનું શિક્ષણ અધવચ્ચે જ છૂટી જવું, વ્યાપારમાં ઘણી ઊથલ-પાથલ થઈ જવી, નાની વયમાં મારાં માતાજીનું નિધન થઈ

જવું, અનેકાનેક સંબંધીઓનું સ્વાર્થી અને કૃતઘ્ની થઈ જવું અથવા પૈસા લઈને પાછા ન આપવા જેવી ઘટનાઓમાં એ પોતાની શક્તિ મુજબના પ્રયાસો કરી જોતા અને નિષ્ફળ જાય તો આગળ વધતા.

પોતાની પરિસ્થિતિને કર્મફળ સમજીને સમયના પ્રવાહને એમણે અપનાવી લીધો. કોઈને દોષ ન દીધો, ન કોઈને ઠપકો આપ્યો. જે કરવું પડે તે એમણે કર્યું.

ધન ઉપાર્જન કરવાની બાબતમાં એમની સમજણ સ્પષ્ટ હતી. ગૃહસ્થે પ્રત્યેક સમયે ધન મેળવવાનો ઉત્સાહ સેવવો જોઈએ, પણ એને માટે લાલસા રાખવી જોઈએ નહીં. ખોટા માર્ગો કે ખોટી રીતિઓથી ધન કમાવું જોઈએ નહીં; ધનનો ખોટો ઉપયોગ પણ કરવો જોઈએ નહીં. જો કે એ ૬૧ વર્ષની ઉંમરે ધન કમાવાની પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઈ ચૂક્યા હતા, તો પણ સંતાનોને થોડી પણ ચિંતામાં જોતાં તો કહેતા કે 'ગભરાઓ છો કેમ, હું કમાઈશ–ચાલો, મારી સાથે. મુશ્કેલી આવી છે તો શું થઈ ગયું? શૂન્ય થઈ જાઓ તો ફરીથી પાછા ચાલવાનું શરૂ કરવું.' ક્યારેય આવી કઠિન સ્થિતિ આવી નહીં, પરંતુ એમને વિવશતા કે દીનતા કદી પસંદ નહોતી. પોતાના મનને તરત જ ઉત્સાહમાં લાવવાનું એ ખૂબ જાણતા હતા.

કહેતા કે 'વધારે પડતી સંપત્તિ દુ:ખનું મૂળ છે, ખૂબ કમાઓ અને શુભ માર્ગે ખર્ચ કરો.'

સંસારમાં થોડું જ વધારે આનંદ આપે છે' આ સિદ્ધાંત જ એમની જીવનશૈલી દ્વારા અમને શીખવી ગયા.

તેમના જીવનનો સંદેશ કે મૂલ્યાંકન છે : 'આચરણ અધિક, ઉપદેશ–ચર્ચા ઓછી.'

વિદ્યાવિજયજી મ.સા. પાસેથી શિવપુરીમાં શીખેલી અને અપનાવેલી વિચારધારાઃ

'જે થવાનું હશે તે થશે,
જે થાય તે સારાને માટે,
ઉતાવળ ન કરો
અને ખેદ ન કરો.'

'कषायमुक्ति किलमुक्तिरैव' – કષાયોથી મુક્તિ જ ભવ-મુક્તિ છે. એ સિવાયની કોઈ બાબત પર લક્ષ્ય રાખવું નિરર્થક છે.

'समयं गोयम ! मा पमाय' મહાવીરે પોતાનો મુખ્ય ઉપદેશ પરમ શિષ્ય ગૌતમને સંબોધીને આપ્યો હતો–હૈ ગૌતમ, એક ક્ષણનો પણ પ્રમાદ ન કરો. જૈન ધર્મનો આ જ સાર છે. સારો માર્ગ જાગૃતિનો છે. જે ક્રિયાઓમાંથી જાગૃતિનું લક્ષ્ય નીકળી ગયું છે તે ક્રિયાઓ માત્ર નિરર્થક જ નહીં, નુકસાન કરવાવાળી છે.

પાંડિત્યપૂર્ણ વાતો સાંભળી અવારનવાર કહેતા. 'બહુ જ સારું પરંતુ હોશમાં રહેજો.' 'अहं-ममेति मंत्रोयं' – 'અહં અને મમ'–મોહના બે મહાશસ્ત્રો છે. આ શત્રુ દરેક સ્થાને છુપાઈને આવે છે, ખાસ તો પંડિતાઈમાં વિશેષ રૂપથી.

અમને ખિન્ન અને મુંઝાયેલી સ્થિતિમાં જોતા ત્યારે કહેતા 'શાંત રહો, જે થઈ રહ્યું છે તે જુઓ. સ્વયંને જુઓ. મનને ભારે થવા ન દેશો.'

વર્ષોથી વિપશ્યના ધ્યાન કરતાં કરતાં આ જ સમજાયું કે મનનો ભાર શરીર પર અભિવ્યક્ત થાય છે અને જો સાધક તેને તરત સમજી લે તો તે કષાયોમાં ફસાતો નથી અને નીકળવા માંડે છે.

'परस्पृहा महादुःखं निस्पृंहत्वं महासुखं' – 'બીજાની અથવા બીજા દ્વારા અપેક્ષા મહાદુ:ખ છે અને તેનાથી મુક્તિ મહાસુખ છે.' 'જ્ઞાનસાર'ના આ ઉપદેશનું પુનરાવર્તન કરતા રહેતા હતા.

જીવનમાં આર્થિક દૃષ્ટિએ કેટલાક પડતીના પ્રસંગો પણ આવ્યાં. એ સમયમાં જે લોકોથી ઘોર નિરાશા પ્રાપ્ત થઈ તેમના પ્રત્યે મનમાં કોઈ કટુતા આવવા ન દીધી. તેમની સાથે આજીવન સ્નેહસંબંધો બનાવી રાખ્યા. અમને સંસાર સ્વરૂપ સમજાવવા માટે એક ઘટના વિશે કહેતા : અમુક વ્યક્તિને તૈયાર કરી તેનું લગ્ન કરાવ્યું. તે સમયે તે કહેતો, 'મારી ચામડીના જૂતાં બનાવીને પહેરાવું તો પણ આપના ઉપકારનો બદલો વાળી શકીશ નહીં,' એ જ વ્યક્તિએ મુશ્કેલીના સમયમાં કહ્યું કે, 'જાવ જાવ, તમને આપવા માટે મારી પાસે કશું નથી. મને નહીં પણ આપની પત્ની અને બાળકોને પ્રેમ કરો.' આવા પ્રસંગો વર્ણવી કહેતા કે 'બુદ્ધિ કર્માધીન છે.'

પૂજ્ય માતાજીને નાની ઉંમરે કેન્સર થયું હતું. તેમના જેવી વિદુષી, ધર્મપરાયણ, તપસ્વી, કર્મઠ અને સમર્પિત સંગિની તો અનેક જન્મોમાં પણ ન મળે. ઘણા ઉપચાર કરાવ્યા પરંતુ નિદાન ઘણું મોડું થયું. તેમણે ઘણી સેવા કરી. એક વર્ષ બધું છોડી રાતદિવસ તેમની પાસે રહ્યા. એક દિવસ સંધ્યા-પ્રાર્થના કરતી વખતે તેમને આભાસ થયો કે અંતિમ દિવસ આવી ગયો છે. અમને કહ્યું, 'ત્રણ કલાક અથવા ત્રણ દિવસ-એટલો જ સમય બાકી છે.' એક કલાકમાં જ માતાજીની સ્થિતિ બહુ જ ખરાબ થઈ. બાપુજીસા સંપૂર્ણ સજાગ થઈ ગયા અને સંગિનીના સમાધિમરણની યોજના તૈયાર કરી લીધી. તેમણે માતાજીને કહેવાનું શરૂ કર્યું. 'તમારો અંતિમ સમય આવી ગયો છે. તમને ભૂમિ ઉપર સુવાડી રહ્યા છીએ.' ઘોર અને અસહ્ય વેદનામાં પણ તેમનો સંદેશો માતાજીના મનમાં વીજળીની જેમ વ્યાપી ગયો, તેઓ પૂરેપૂરાં જાગી ગયાં. પૂજ્ય બાપુજી આગળ બોલ્યા, 'સંસારમાંથી મન ઊઠાવી લો. બધાંની ક્ષમાપના કરી લો. અને પોતાના આત્મામાં ધ્યાન લગાવી દો. કોઈ આખરી ઈચ્છા હોય તો કહો.' ત્રણ પુત્રીઓ (ત્રણે પુત્રો કરતાં મોટી) અને ત્રણ પુત્રો (ત્રણે ઉંમરમાં નાના જ હતા. મોટો ૧૬ વર્ષનો અને સૌથી નાનો ૧૧ વર્ષનો)નો પરિવાર હતો. પરંતુ તેઓ એવાં આત્મલીન થયાં કે બધું જ ભૂલી ગયાં. વિચારીને ધીમા સ્વરે બોલ્યાં, 'મારા ગળાની કંઠી મોટી પુત્રીને આપી દેજો.' હાથ જોડીને પાસે ઊભેલા બધા જ પરિવારજનોની ક્ષમાયાચના કરી અને પછી શાંત થઈ ગયાં અને શાંતિમુદ્રામાં જ સંસાર છોડી દીધો.

૩૧ વર્ષોનો સાથ, નાના બાળકો, પોતાની ઉંમર ૫૦-૫૧ વર્ષ. એક વર્ષથી દિવસ-રાત જેની સેવામાં હતા તેવી પત્ની ચાલી ગઈ. તેઓ હિમાલય જેવા બની ગયા–કંઠમાંથી એક શબ્દ નહીં, આંખોમાં આંસુ નહીં. ઘરમાં કેટલાય સભ્યો ઉપસ્થિત હતા. નાનાં મોટાં બધાં અસ્વસ્થ થયાં, પરંતુ તેઓ અટલ હતા. આગામી ૪૨ વર્ષ સુધી પત્નીને જરૂર યાદ કરતા હશે, પરંતુ તેના અભાવનું દુઃખ જણાવા દીધું નથી. બાળકોની સફળતા અને સંપન્નતા જોઈને એક-બે વાર કહ્યું હશે કે, 'તે કેવળ તંગી જોઈને ચાલી ગઈ. સુખ જોઈ શકી નહીં.'

તેઓ આવી વિપરિત સ્થિતિમાં આટલા અચલ કેવી રીતે રહ્યા? મૃત્યુને કદાચ ઊંડાણથી જાણતા હતા. આથી કેવળ પત્નીનું જ નહીં પરંતુ કોઈ પણ મૃત્યુ તેમને હલાવી શક્યું નથી.

સને ૧૯૬૫માં પત્નીનો વિયોગ થયો. ૨૦૦૧ સુધી કોઈ અકાળ અકારણ ઘટના બની નહિ. પાછો ભૂકંપ આવ્યો. પૌત્રી શુભાના લગ્નના માત્ર સાત દિવસ પહેલાં સૌથી મોટો પુત્ર માણક, જે તેમના હૃદયનો માણેક હતો, દવાઓની મિશ્ર પ્રતિક્રિયાથી ગંભીર રીતે બિમાર થઈ ગયો. તે ગંભીર સ્થિતિમાં હૉસ્પિટલમાં હતો ત્યારે જેમ તેમ કરી પૌત્રીના લગ્ન પતાવ્યાં.

૫ ફેબ્રુઆરી ૨૦૦૧, સવારે ૮-૩૦ વાગે હું ઘેર આવ્યો. તેઓ પોતાના નિત્યક્રમમાં વ્યસ્ત હતાં. થોડીવારમાં નિત્યક્રમ પરવારીને આવ્યા. મેં કહ્યું, 'બેસી જાવ'. 'બોલ બેટા.' મેં કહ્યું, 'ભાઈસાહેબ હવે રહ્યા નથી.' તેમનો ચહેરો ગંભીર બની ગયો. શરીર સ્તબ્ધ થઈ ગયું. સ્થિતિ વિકટ થવા લાગી. પછી અચાનક બોલ્યા, 'મને એક મિનિટ આપ.' આંખો બંધ થઈ ગઈ ને જાણે ક્યાંક ખોવાઈ ગયા. ૧૫-૨૦ સેકન્ડ બાદ ફરી સ્વસ્થ થઈ ગયા. થોડી વાર પછી બોલ્યા, 'જે થાય છે તે સારા માટે' ૫૨ વર્ષનો યુવાન દીકરો અકસ્માત અકારણ મૃત્યુ પામ્યો. એવો પુત્ર જેણે ૧૬ વર્ષની ઉંમરે ઘરમાં માતાનું સ્થાન સંભાળ્યું હતું. પોતાના ગાઢ પ્રેમથી, સાહસ અને સમજથી પોતાના પરિવાર અને અગણિત લોકોને પ્રેમથી રહેવાનું શીખવ્યું અને રસ્તો બતાવ્યો. માણક ભાઈસાહેબે ભંશાલી પરિવારમાં સંસ્કાર, સમૃદ્ધિ અને વિકાસ ત્રણેના પાયા નાંખ્યા હતા અને તેના યશમાં ચાર ચાંદ લગાડ્યા હતા. માણક પિતાના તો શ્રવણ જ હતા. જીવનમાં માણક દ્વારા જેટલું સુખ અને સન્માન મળ્યું હતું તેટલું કોઈનાથી મળ્યું ન હતું. એવો પુત્ર અચાનક ચાલ્યો જાય અને તેઓ કહે, 'જે થાય છે તે સારા માટે'. સંસારી માટે આ માનવું કે જાણવું અત્યંત અઘરૂં છે. ફરી પાછી તે જ અટલતા, એક શબ્દ નહીં, એક આંસુ નહીં, જીવન પૂર્વવત્.

દરેક વખતે તે મૃત્યુને અંગૂઠો દેખાડતા. દરેક પરિસ્થિતિમાં તેઓ કાંઈક ને કાંઈક સારું જ જોતા હતા. પુત્રીઓ ગઈ તો કહ્યું, 'જુઓ દુઃખ જોયું નહીં અને સધવા તરીકે જઈ રહી છે.' પુત્રી પછી જમાઈ ગયા તો પણ તે જ 'પત્નીના વિયોગનું દુઃખ જોયું નહીં.' વગેરે.

ડિસેમ્બર ૨૦૦૫માં જી. ટી. હૉસ્પિટલની એક સીડી જે તેઓ સામાન્ય રીતે ઉપયોગમાં લેતા ન હતા, તેના ઉપરથી તેઓ પડી ગયા. ઊતરતી વખતે વિચારતા હતા કે, 'આનું હું સમારકામ કરાવીશ.' પોતે જ પડી ગયા. નાની વહુ મીનુ વર્ષોથી એમના સેવાકાર્યમાં જોડાઈ ગઈ હતી. આજે પણ એણે એ ક્રમ જાળવી રાખ્યો છે. તેનો ફોન આવ્યો. સમાચાર મળતાં જ હું દોડ્યો. તેઓ અધિક્ષકના ઓરડામાં બેઠા હતા. મેં ગભરાઈને પૂછ્યું, 'શું થયું બાપુજી? સાંભળ્યું છે કે હાડકું ભાંગ્યું છે?' તેમણે કહ્યું 'બહુ સારૂં થયું. છેલ્લા પગથિયેથી પડ્યો, છેક ઉપરથી પડ્યો હોત તો?' હાથમાં કાચો પાટો હતો અને ચહેરા ઉપર હાસ્ય. જીવન માટે પ્રેમ હતો, પરંતુ કાયાની આસક્તિ નહોતી.

પ્રત્યેક શ્વાસને ઋણરૂપ માનતા હોય એવી રીતે એઓ જીવન જીવ્યા. 'હું કઈ રીતે દરેક ક્ષણે સ્વસ્થ રહું જેથી મારું જીવન અન્યને ઉપયોગી થાય અને જીવન પ્રસન્ન રહે.' 'દુઃખી દેખ કરુણા જગે, સુખી દેખ મન મોદ'–દુઃખીને જોઈને મનમાં કરૂણા જાગે, સુખીને જોઈ મન પ્રસન્ન થાય. ઉચ્ચતમ બ્રહ્મવિહારી અધ્યાત્મભાવ તેમણે નિભાવ્યો.

આ જીવન એમનો યજ્ઞ હતો. 'तेन त्यक्तेन भूंजीथा' અર્થાત્ ત્યાગીને ભોગવી જાણો એવા ઉપનિષદના ઉપદેશનું તેમણે અક્ષરશઃ પાલન કર્યું હતું. તેમણે, આ જીવન સત્યને સમજી લીધું હતું. એની પ્રમુખ પ્રતીતિ એ એમનો બિનસાંપ્રદાયિક સ્વભાવ હતો. બીજું સંસારમાં ખાસ તો મનુષ્યજન્મ મળવાથી દરેક પરિસ્થિતિમાં સુખી રહેવાની સહજ વૃત્તિ.

ઈશ્વરનું દરેક માન્ય સ્વરૂપ તેમને માટે વંદનીય હતું. ઘરમાં વિભિન્ન દેવીદેવતાના અનેક ચિત્રો, શૉ-પીસ, કેલેન્ડર વગેરે હોય જ. દરરોજ તેઓ કૃષ્ણ, શંકર, દત્તાત્રય બધાની સમક્ષ એટલી જ શ્રદ્ધાથી ધૂપદીપ કરતા, જેટલી શ્રદ્ધાથી તેઓ મહાવીરસ્વામીની સમક્ષ કરતા. તેમનો ભગવાન આખરે કોણ હતો?

તેમના માટે ઈશ્વર, એ તત્ત્વ હતું, જે સંસારના મોહ અને અસ્થિર સ્વભાવના જીવોમાં જાગૃતિ લાવવાની પ્રેરણા આપતું હતું, સહાયતા કરતું હતું અથવા કહો કે જાગૃતિ અને કરૂણાનું પ્રતિક હતું. લાખો કરોડો નવકાર જપવા છતાં તેમના મનમાં પોતે જૈન પરિવારના છે એવો ભાવ ન હતો. આ મહામંત્રમાં મુક્ત આત્માઓ અને સાધુજનોના ગુણોના શરણે જવાથી સર્વ મંગળ સાધવાની યુક્તિ છે, આ જ વાત ઉપર તેમનું લક્ષ્ય હતું. નવકારમંત્રમાં નિહિત ૧૦૮ ગુણોનું રટણ તેમના મનમાં સતત ચાલ્યા કરતું. આ જ કારણ હતું કે સર્વ તપ અને નિયમો પાળવા છતાં જરા પણ આળસ કે રૂઢિનો પટ ચઢવા દેતા ન હતા. દરેક ક્ષણે જાગૃત, પ્રતિક્ષણ સચેત.

માનવજીવનનો પૂરેપૂરો લાભ લેવા માટે જ તેમણે ગીતાના તમામ યોગો એકસાથે અપનાવ્યા હતા – કર્મઠતા, ભક્તિ, જ્ઞાન, ધ્યાન અને કર્મસંન્યાસ.

તેમની વ્યાપક દૃષ્ટિનાં બે બીજાં ઉદાહરણો : તેમની એક યોજના,

જે પૂ. વિજય ધર્મસૂરિજી સ્થાપિત 'યશોવિજય સંસ્કૃત પાઠશાળા'થી પ્રેરિત હતી, તે હતી જૈન પંડિતો તૈયાર કરવાની. પરંતુ તેઓ સાથે સાથે એમ પણ કહેતા કે આ યોજના અંતર્ગત ૨૫ હિન્દુ પંડિત તથા ૨૫ મુસ્લિમ અને ખ્રિસ્તી પંડિતોને પણ તૈયાર કરો અને તેમના યોગક્ષેમનો ખર્ચ ઉપાડો. તે સમજતા હતા કે સર્વ પરંપરાઓમાં રૂઢિ અને વ્યક્તિપૂજા વધી રહી છે. તત્ત્વ અને સત્ત્વનું જ્ઞાન ઘટી રહ્યું છે. આટલા માટે જ જાણકારોને તૈયાર કર્યા સિવાય જાણકારીનો વધારો થઈ શકે નહીં.

કષાયમુક્તિ જ એમનો ધર્મ હતો, સ્વધર્મ હતો અને તેનું શરણું તેમણે અપનાવ્યું હતું. ભક્તિ, તપ, વાંચન, ચિંતન, ધ્યાન, સેવા વગેરે કરતાં તેમણે આત્માના પ્રત્યેક ગુણને અનુભવમાં ઉતાર્યા હતા. જીવન એક પ્રયોગ બની ગયું હતું. કેવી રીતે પોતાના આત્માને સતત પ્રયત્નથી પરમાત્મારૂપ બનાવી શકાય, અથવા જિનેશ્વર, ઈશ્વરની કેવી રીતે ભક્તિ કરીએ જેથી આત્મા પવિત્ર બને.

એક ઉદાહરણ : નાનપણથી જ ચૌદશનો ઉપવાસ રાખતા હતા. કેન્સરની બીમારીમાં પણ તેમણે તે ચાલુ રાખ્યો હતો. થોડાંક વર્ષો પહેલાં તેઓ પોતાની પુત્રી પુષ્પાને ત્યાં અમેરિકા ગયા હતા. તેણે કહ્યું કે, 'મારા ઘરે ખાવાનું બંધ ન કરશો, આ ચૌદશે ઉપવાસ ન રાખશો. મારે ત્યાં વળી પાછા તમે ક્યારે આવશો?' તેમણે તરત જ વાત માની લીધી. મુંબઈ પાછા આવીને તેના બદલામાં અનુકૂળતા મુજબ ત્રણ દિવસના ઉપવાસ કરી લીધા.

આધ્યાત્મનો અર્થ જ છે 'આત્માની સમીપ', 'આત્મા પ્રેરિત' થાય છે. જ્યારે મિથ્યાત્વ સહજ રીતે છૂટી જાય છે, ત્યારે દરેક કાર્ય કરતી વખતે સાધક સમતા અને આત્મામાં જ દૃષ્ટિ રાખે છે. તેનું જીવન આ જ દર્શાવે છે. પૂ. આનંદઘનજી મ.ના બે પદ તેમની દૃષ્ટિ માટે યોગ્ય રીતે લાગુ પડે છે :

ચારો ચરન કે વાસતે ગૌઆ વનમેં જાય,
ચારો ચરે ચૌદિશી ફિરે, પન બાકી નજર બિછુરિયા માંય,
ચારપાંચ સહેલિયાં મિલ, પાની હિલહિલ જાય,
તાલી દીયે, ખડખડ હસે, બાકી નજર ગગરિયા માંય.

અર્થાત્ જેવી રીતે ગાય ચારે દિશામાં ચારો ચરતી ફરે છે પરંતુ તેનું ધ્યાન તો વાછરડામાં જ હોય છે; જેમ ચાર-પાંચ બહેનપણીઓ પાણી ભરવા જાય, તાલી દે, ખડખડ હસે પરંતુ તેમનું ધ્યાન તો તેમની ગાગર ઉપર જ હોય છે, તેવી જ રીતે જ્ઞાનીની દૃષ્ટિ સંસારના તમામ કામ કરતાં, છતાં આત્મા પર જ રહે છે.

'સંસારની સર્વ જવાબદારી અદા કરતાં, ખેલકૂદ ખાન-પાન, વેપાર-વ્યવહાર બધામાં રસ લેવા છતાં, તેમની દૃષ્ટિ પોતાના ઉજ્જવળ આત્મા પર જ મંડાયેલી રહેતી હતી. દરેક કાર્ય દ્વારા જાણે કે તેને અધિક ઉજ્જવળ બનાવવાનો પ્રયત્ન ચાલુ હતો. આવા વિરલા અનેક જન્મોમાં પણ દુર્લભ, વિશ્વવંદ્ય પૂજ્ય બાપુજીને અમારા સૌના કોટિ કોટિ વંદન.''

આવા તપોનિધિ, પરમ જ્ઞાની, ઈશ્વર ભક્ત, સેવા રત્ન, સંસાર સાગરના ચતુર નાવિક, અનુપમ આત્મયોગી અને મૃત્યુંજય ઋષિ તુલ્ય સુશ્રાવક રુપચંદજીને નમન કરીને ઈશ્વરને પ્રાર્થના કરીએ કે આ મહામાનવનું જીવન આપણને સર્વદા પ્રેરણા અને પથદર્શક રૂપ બની રહો.

એમના પુત્રો વલ્લભભાઈ અને મંગળભાઈ તેમજ પરિવારે ૨૦મા જૈન સાહિત્ય સમારોહનું યજમાનપદ સ્વીકારી – શોભાવીને જ્ઞાનાંજલિ દ્વારા પિતા-ભ્રાતાને શ્રદ્ધાંજલિ અર્પી છે એમાં આપણે પણ આપણા આત્મભાવની એક પાંખડી ઉમેરીએ અને કવિ ન્હાનાલાલના 'પિતૃતર્પણ' કાવ્યની કેટલીક પંક્તિઓને સ્મરીએ :

*છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ;*
*દેવોના ધામના જેવું હૈડું જાણે હિમાલય.*
*શ્વેત વસ્ત્રો સદા ધાર્યાં, પ્રાણની શ્વેત પાંખ શા,*
*તે જ વાઘા સજી જાણે ફિરિશ્તો કો મનુષ્યમાં.*
*સહવારે સાંજરે જેવો તપે ભાનુ દિને દિને,*
*શીળા શીળે તપ્યા તેમ, દઝાડ્યા નહિ કોઈને.*
*નિત્ય જીવનમાં મહાયોગી, તત્ત્વચિંતક ચિંતકો,*
*ચતુર હતા સંસારે, તપોવને તપસ્વી મહીં.*
*શું શું સંભારૂં? ને શી શી પૂજું પૂણ્યવિભૂતિએ*
*પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે.*

વિશ્વના સમગ્ર માતા-પિતાને આપણા વંદન હજો.

❑ **ધનવંત શાહ**

## ભૂલ સુધાર

'પ્રબુદ્ધ જીવન'ના જાન્યુઆરી અંકમાં તંત્રી લેખના પાના ચાર ઉપર આ પ્રમાણે લખ્યું છેઃ

ગાંધીજીના પુસ્તક 'નીતિનાશને માર્ગે' ઉપર અમારા વિદ્વાન મિત્ર સુરેશ જોષીએ ટીકા લખી...'

અહીં સુરેશ જોષીના સ્થાને **રસિક શાહ** વાંચવું. ભૂલ માટે ક્ષમા.

આ લેખ શ્રી રસિક શાહે ૧૯૫૪માં 'મનીષા' સામયિક માટે લખ્યો હતો અને આ લેખ ઉપર ત્રણ માસ પછી સુરેશ જોષી અને યશવન્ત શુક્લે ચર્ચા-ચિંતન લખ્યાં હતા. પ્રસ્તુત લેખ લેખકના તાજેતરમાં પ્રકાશિત પુસ્તક 'અંતે આરંભ'ના ભાગ-૨માં પ્રગટ થયો છે. શ્રી રસિક શાહ, શ્રી સુરેશ જોષી સમયના વિદ્વદ્ ચિંતક છે અને વર્તમાનમાં મુંબઈમાં શાંતાક્રુઝમાં ખીરા નગરમાં ૮૫ વર્ષની ઉંમરે ચિંતન-લેખનમાં વ્યસ્ત છે. ચિંતન-મનન અને સાહિત્ય વિશ્લેષણમાં જેમને રસ હોય એમણે અવશ્ય આ બે પુસ્તકો પાસે જવું જોઇએ.

પ્રાપ્તિ સ્થાન : ઈમેજ પ્રકાશન–મુંબઈ

❑ **તંત્રી.**

# ભારતીય સર્વ દર્શનોની દૃષ્ટિએ આત્મવિચારણાનો ઈતિહાસ

❑ ડૉ. પ્રવિણભાઈ સી. શાહ

**અસ્તિત્વ :**

પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિએ જીવના અસ્તિત્વ વિશે શંકા ઉઠાવી છે અને ત્રીજા ગણધર વાયુભૂતિએ જીવ શરીરથી ભિન્ન છે કે નહિ એ વિશે શંકા કરી છે, એટલે જ સહજ પ્રશ્ન થાય છે કે આ બે શંકાઓમાં શો ભેદ છે? આનો ઉત્તર એ બન્ને સાથેના વાદમાંથી મળી રહે છે. કોઈપણ વસ્તુ વિશે વિચાર કરવામાં આવે ત્યારે તેના અસ્તિત્વનો પ્રશ્ન સૌથી પ્રથમ વિચારણીય બને છે અને પછી જ તેના સ્વરૂપનો પ્રશ્ન ઉઠે છે. તદનુસાર પ્રસ્તુતમાં પણ પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિની ચર્ચામાં મુખ્યરૂપે જીવનું અસ્તિત્વ છે કે નહિ એ ચર્ચવામાં આવ્યું છે. ઈન્દ્રભૂતિનું કહેવું હતું કે જીવ કોઈ પ્રમાણથી સિદ્ધ થઈ શકતો નથી, પણ ભગવાન મહાવીરે જીવની પ્રમાણથી સિદ્ધિ થઈ શકે છે એ બતાવ્યું અને એ પ્રકારે જીવનું અસ્તિત્વ સિદ્ધ થયું. પણ જીવનું અસ્તિત્વ સિદ્ધ થયા છતાં એ પ્રશ્ન તો રહે જ છે કે જીવનું સ્વરુપ કેવું માનવું? શરીરને જ જીવ કેમ ન માનવો? આ ચર્ચા ત્રીજા ગણધર વાયુભૂતિએ ઉઠાવી છે. તાત્પર્ય એ છે કે પ્રથમ અને તૃતીય ગણધરોની ચર્ચા જીવના અસ્તિત્વ અને તેના સ્વરુપની આસપાસ થઈ છે. પ્રથમ આપણે જીવના અસ્તિત્વ વિશેની ભારતીય દર્શનોની વિચારણા વિશે વિચાર કરી લઈએ.

બ્રાહ્મણોના અને શ્રમણોના વધતા જતા આધ્યાત્મિક વલણને લઈને જે લોકો આત્મવાદના વિરોધીઓ હતા તેમનું સાહિત્ય સુરક્ષિત રહ્યું નથી. બ્રાહ્મણોએ અનાત્મવાદીઓ વિશે જે કાંઈ કહ્યું છે તે કેવળ પ્રાસંગિક છે અને તેને જ આધારે વેદકાળથી માંડીને ઉપનિષત્કાળ સુધીની તેમની માન્યતાઓ વિશે કલ્પના કરવી રહી અને તેથી આગળ જઈ જૈનોના આગમ અને બૌદ્ધોના ત્રિપિટકના આધારે ભગવાન મહાવીર અને બુદ્ધના કાળ સુધી અનાત્મ-વાદીઓની શી માન્યતાઓ હતી તે જાણવા મળે છે.

પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિ સાથેના વિવાદમાં મુખ્ય પ્રશ્ન છે જીવના અસ્તિત્વનો. ગણધર ઈન્દ્રભૂતિ દ્વારા વ્યક્ત થતું દૃષ્ટિબિંદુ ભારતીય દર્શનોમાં ચાર્વાક અથવા તો ભૌતિક દર્શનને નામે ઓળખાય છે. અનાત્મવાદી ચાર્વાકો આત્માનો સર્વથા અભાવ છે એમ કહેતા નથી, પણ તેમના મતનું તાત્પર્ય એવું છે કે જગતના મૂળમાં જે એક કે અનેક તત્ત્વો છે તેમાં આત્મા જેવું સ્વતંત્ર તત્ત્વ નથી. અર્થાત્ તેમને મતે આત્મા એ મૌલિક તત્ત્વ નથી.

આ જ વસ્તુને ધ્યાનમાં રાખીને ન્યાયવાર્તિકકાર ઉદ્દ્યોતકરે કહ્યું છે કે સામાન્ય રીતે આત્માના અસ્તિત્વ વિશે દાર્શનિકોમાં વિપ્રતિપત્તિ-વિવાદ છે જ નહિ, પણ વિવાદ જો હોય તો તેના વિશેષ સ્વરૂપમાં છે. એટલે કે કોઈ શરીરને જ આત્મા માને છે, કોઈ બુદ્ધિને જ આત્મા માને છે, કોઈ ઈન્દ્રિયો કે મનને આત્મા માને છે અને કોઈ સંઘાતને આત્મા માને છે, અને કોઈ એ બધાથી ભિન્ન સ્વતંત્ર આત્માનું અસ્તિત્વ સ્વીકારે છે.

વિચારકની દૃષ્ટિ બાહ્યતત્ત્વોમાંથી હટીને જયારે આત્માભિમુખ બની, અર્થાત્ તે જ્યારે વિશ્વનું મૂળ બહાર નહિ પણ પોતાની અંદર શોધવા લાગ્યો ત્યારે પ્રાણતત્ત્વને મૌલિક માનવા લાગ્યો. આ પ્રાણતત્ત્વના વિચારમાંથી જ તે બ્રહ્મ અથવા આત્મદ્વૈત સુધી પહોંચી ગયો.

દાર્શનિક વિચારની એ અદ્વૈતધારાની સાથે જ દ્વૈતધારા પણ વહેતી હતી એની સાક્ષી પ્રાચીન જૈન આગમો, પાલિત્રિપિટક અને સાંખ્યદર્શનાદિ આપે છે. જૈન, બૌદ્ધ અને સાંખ્યદર્શનને મતે વિશ્વના મૂળમાં માત્ર એક જ ચેતન કે અચેતન તત્ત્વ નહિ, પણ ચેતન અને અચેતન એવાં બે તત્ત્વો છે, એવું એ દર્શનોએ સ્વીકાર્યું છે. જૈનોએ તેને જીવ અને અજીવ નામ આપ્યું, સાંખ્યોએ પુરુષ અને પ્રકૃતિ કહ્યાં, અને બૌદ્ધોએ તેને નામ અને રૂપ તરીકે ઓળખાવ્યાં.

ઉક્ત દ્વૈતવિચારધારામાં ચેતન અને તેનું વિરોધી અચેતન એવાં બે તત્ત્વો મનાયાં એટલે તેને દ્વૈતપરંપરા એવું નામ આપ્યું છે, પણ વસ્તુતઃ સાંખ્યોને અને જૈનોને મતે ચેતન નાના-વ્યક્તિભેદે અનેક છે. તે બધા પ્રકૃતિની જેમ મૂળે એક તત્ત્વ નથી. જૈનોને મતે ચેતન જ નહિ, પણ અચેતન તત્ત્વ પણ નાના-અનેક છે. ન્યાયદર્શન અને વૈશેષિકદર્શન પણ જડ-ચેતન એમ બે તત્ત્વોનો સ્વીકાર કરતાં હોવાથી દ્વૈત વિચારણામાં ગણાવી શકાય છે. પણ તેમને મતે પણ ચેતન અને અચેતન એ બન્ને સાંખ્યસંમત પ્રકૃતિની જેમ એક મૌલિક તત્ત્વ નથી, પણ જૈનસંમત ચેતન-અચેતનની જેમ અનેક તત્ત્વ છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી એ બધી પરંપરાને બહુવાદી અથવા નાનાવાદી કહેવી જોઈએ. બહુવાદી વિચારધારામાં પૂર્વોક્ત બધા આત્મવાદી છે એ કહેવાની જરૂર નથી, પણ એ બહુવાદી વિચારધારામાં અનાત્મવાદીઓ પણ થયા છે એની સાક્ષી જૈન આગમ અને પાલિત્રિપિટક આપે છે.

આ રીતે એ બન્ને ધારાઓ વિશે વિચારતાં એક વાત તરી આવે છે કે અદ્વૈતમાર્ગમાં એક કાળે અનાત્માની માન્યતા મુખ્યે હતી અને ક્રમે કરી આત્માદ્વૈતની માન્યતા દૃઢ થઈ. બીજી તરફ નાના વાદીઓમાં પણ ચાર્વાક જેવા દાર્શનિકો થયા છે જેમને મતે આત્મા જેવી વસ્તુને મૌલિક તત્ત્વોમાં સ્થાન હતું નહિ, જ્યારે તેમના વિરોધીઓ જૈન, બૌદ્ધ, સાંખ્યાદિ આત્મા અને અનાત્મા બન્નેને મૌલિક તત્ત્વોમાં સ્થાન આપતા.

બ્રાહ્મણકાળ પર્યન્ત બાહ્ય જગતનું મૂળ ખોજવા પ્રયત્ન કરવામાં આવ્યો છે અને તેના મૂળમાં પુરુષ કે પ્રજાપતિને કલ્પવામાં આવ્યો છે, પણ ઉપનિષદમાં વિચારની દિશા બદલાઈ ગઈ છે : વિશ્વ વિચારનું સ્થાન આત્મવિચારણાએ મુખ્યરૂપે લીધું છે; અને તેથી જ આત્મવિચારની ક્રમિક પ્રગતિનો ઇતિહાસ જાણવાનું પ્રાચીન સાધન ઉપનિષદો છે.

પણ ઉપનિષદ પહેલાંની વૈદિક વિચારધારા અને ત્યાર પછીની

કહેવાતી ઔપનિષદિક વૈદિક વિચારધારાની તુલના કરનારને બન્નેમાં જે મોટો ભેદ દેખાય છે તેના કારણની શોધ વિદ્વાનોએ કરી છે અને સિદ્ધ કર્યું છે કે વેદ સિવાયની અવૈદિક વિચારધારાની અસરને કારણે જ એ ભેદ પડ્યો છે. એવી અવૈદિક વિચારધારામાં જૈન પરંપરાના પૂર્વજોનો ફાળો નાનોસૂનો નથી. એ પૂર્વજોને આપણે પરિવ્રાજક શ્રમણોના નામથી ઓળખી શકીએ.

**દેહાત્મવાદ-ભૂતાત્મવાદ :**

આત્મવિચારણાનાં જે ક્રમિક પગથિયા મંડાયા હશે તેનો ખ્યાલ આપણને ઉપનિષદો આપે છે. બાહ્ય વિશ્વને ગૌણ કરીને પોતામાં જે ચૈતન્ય અર્થાત્ વિજ્ઞાનની સ્ફૂર્તિ અનુભવાય છે તે કઈ વસ્તુ છે એની વિચારણા મુખ્ય રુપે ઉપનિષદોમાં કરવામાં આવી છે. બીજી બધી જડ વસ્તુ કરતાં પોતાના સમસ્ત શરીરમાં જ એ સ્ફૂર્તિનો વિશેષરુપે અનુભવ થતો હોવાથી સર્વપ્રથમ પોતાના દેહને જ આત્મા અથવા જીવ માનવા વિચારકનું મન લલચાય એ સ્વાભાવિક છે.

તૈત્તિરીય ઉપનિષદમાં પણ જ્યાં સ્થૂલથી સૂક્ષ્મ-સૂક્ષ્મતર આત્મસ્વરૂપ ક્રમે કરી બતાવવામાં આવ્યું છે ત્યાં સર્વ પ્રથમ અન્નમય આત્માનો પરિચય આપ્યો છે, અને જણાવ્યું છે કે અન્નથી પુરુષ ઉત્પન્ન થયો છે, તેથી વૃદ્ધિ પણ અન્નથી થાય છે, અને તેનો લય પણ અન્નમાં થાય છે. આમ હોવાથી એ પુરુષ અન્નરસમય છે. આ વિચારણા દેહને આત્મા માનીને થયેલી છે.

આ દેહાત્મવાદને જ મળતો ચારભૂત અથવા પાંચભૂતને આત્મા માનનારાનો વાદ પ્રચલિત હતો તેનો નિર્દેશ જૈન આગમ અને બૌદ્ધ ત્રિપિટકમાં મળે છે. એમ જણાય છે કે વિચારકોએ જ્યારે દેહતત્ત્વનું વિશ્લેષણ કરવા માંડ્યું હશે ત્યારે કોઈએ તેને ચારભૂતાત્મક અને કોઈ તેને પાંચભૂતાત્મક માન્યું. એવા ભૂતાત્મવાદીઓ અથવા દેહાત્માવાદીઓ પોતાના મતના સમર્થનમાં જે પ્રકારની દલીલો આપતા હતા તેમાં મુખ્ય દલીલો આવી હતી.

જેમ કોઈ પુરુષ તલવારને મ્યાનમાંથી જુદી ખેંચી કાઢીને બતાવી શકે છે તેમ આત્માને શરીરથી જુદો કાઢીને કોઈ બતાવી શકતું નથી, અથવા જેમ તલમાંથી તેલ કાઢીને બતાવી શકાય છે કે દહીંમાંથી માખણ કાઢીને બતાવી શકાય છે તેમ જીવને કોઈ શરીરથી જુદો કાઢીને બતાવી શકતું નથી. શરીર ટકે છે ત્યાંસુધી જ તે ટકી રહે છે અને શરીરનો નાશ થતાં તેનો પણ નાશ થઈ જાય છે.

ચિંતકોએ જ્યારે શરીરની આધ્યાત્મિક ક્રિયાઓનું નિરીક્ષણ-પરીક્ષણ કરવા માંડ્યું હશે, ત્યારે પ્રાણ તેમનું પ્રથમ ધ્યાન ખેંચે તે સ્વાભાવિક છે. તેમણે જોયું હશે કે નિદ્રામાં જયારે બધી ઈન્દ્રિયો પોતાનું કામ બંધ કરી દે છે ત્યારે પણ શ્વાસોચ્છ્વાસ તો ચાલુ જ હોય છે, માત્ર મૃત્યુ પછી એ શ્વાસોચ્છ્વાસ દેખાતો નથી. આથી તેમણે નક્કી કયું કે જીવનમાં પ્રાણ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. એટલે તેમણે જીવનની બધી ક્રિયાના કારણ રુપે એ પ્રાણ જ માન્યો.

શરીરમાં થતી ક્રિયાઓમાં જે સાધનો છે તેમાં ઈન્દ્રિયો મહત્ત્વનો ભાગ ભજવે છે, એટલે વિચારકનું ધ્યાન તે તરફ જાય અને ઈન્દ્રિયોને જ આત્મા માનવા પ્રેરાય એ સ્વાભાવિક છે. બૃહદારણ્યક ઉપનિષદમાં ઈન્દ્રિયોની હરીફાઈનો ઉલ્લેખ છે અને તે જ સ્વયં સમર્થ હોય એવો તેમનો દાવો રજૂ કરાયો છે. એ ઉપરથી માની શકાય કે ઈન્દ્રિયોને આત્મા માનવાનું વલણ પણ કોઈનું હશે.

પ્રાચીન જૈન આગમોમાં જે દશ પ્રાણ ગણાવ્યા છે તેમાં ઈન્દ્રિયોને પણ પ્રાણ કહેવામાં આવી છે, તેથી પણ ઉક્ત વાતનું સમર્થન થાય છે. આ રીતે પ્રાણાત્મવાદમાં ઈન્દ્રિયાત્મવાદનો સમાવેશ થઈ જાય છે.

આ પ્રમાણે આત્માને દેહરુપ માનવામાં આવે કે ભૂતાત્મક અથવા તો પ્રાણરુપ માનવામાં આવે કે ઈન્દ્રિયરુપ માનવામાં આવે, છતાં એ બધા મતે આત્મા તેના ભૌતિક રુપમાં જ આપણી સામે આવે છે. તેનું અભૌતિક રુપ આમાંથી પ્રકટ થતું નથી; અથવા તો એમ કહી શકાય કે આ બધા મતો પ્રમાણે આત્મા તેના વ્યક્ત રુપમાં આપણી સામે આવે છે. તે ઈન્દ્રિયથી ગ્રાહ્ય છે, એમ સામાન્યપણે આ બધા મતોમાં મનાયું છે. અને આત્માનું વિશ્લેષણ તેના તે રુપને જ સામે રાખીને કરવામાં આવ્યું છે. એટલે જ તેના અવ્યક્ત અથવા જ્યાંસુધી આત્મા તેના ભૌતિક રુપમાં મનાય ત્યાં સુધી આ લોક સિવાયના પરલોકમાં તેના ગમનની માન્યતા કે તેના કારણ કર્મની માન્યતા કે પુણ્ય-પાપની માન્યતાને અવકાશ નથી રહેતો, પણ જ્યારે આત્માને સ્થાયી તત્ત્વરુપે સ્વીકારવામાં આવે ત્યારે જ એ બધા પ્રશ્નનો વિચાર કરવો સ્વતઃ પ્રાપ્ત થઈ જાય છે.

**મનોમય આત્મા :**

ચિંતકોએ અનુભવ્યું કે પ્રાણ કહેવાતી ઈન્દ્રિયો પણ મન વિના સાર્થક નથી, મનનો સંપર્ક હોય તો જ ઈન્દ્રિયો પોતાના વિષયને ગ્રહણ કરી શકે છે, અન્યથા નહિ; અને વળી વિચારણામાં તો ઈન્દ્રિયો કશું જ કરી શકતી નથી. ઈન્દ્રિય વ્યાપાર ન હોય છતાં વિચારણાનું સાતત્ય બની રહે છે. સુપ્ત મનુષ્યની ઈન્દ્રિયો કશું જ કરતી નથી ત્યારે પણ મન ક્યાંનું ક્યાં પહોંચી જાય છે; એટલે તેઓ ઈન્દ્રિયોથી આગળ વધીને મનને આત્મા માનવા લાગી ગયા હોય એ સંભવે છે. ઉપનિષત્કાળમાં જેમ પ્રાણમય આત્મા એ અન્નમય આત્માનો અંતરાત્મા મનાયો છે તેમ પ્રાણમય આત્માનો પણ અંતરાત્મા મનોમય આત્મા મનાયો છે એ સૂચવે છે કે વિચાર પ્રગતિમાં પ્રાણમય આત્મા પછી મનોમય આત્માની કલ્પના કરવામાં આવી હશે.

મનને આત્મા માનનારાઓનું કહેવું હતું કે જે હેતુઓ વડે દેહથી આત્માને ભિન્ન સિદ્ધ કરવામાં આવે છે તે વડે તે મનોમય સિદ્ધ થાય છે. અર્થાત્ એક ઈન્દ્રિયે જોયેલું અને બીજી ઈન્દ્રિયે સ્પર્શેલું તે એક જ છે એવું પ્રતિસંધાન, મન સર્વવિષયક હોવાથી કરી શકે છે, તેથી મનને જ આત્મા માની લેવો જોઈએ, તેથી ભિન્ન આત્મા માનવો જરૂરી નથી.

ઈન્દ્રિયો અને મન એ બન્ને પ્રજ્ઞા વિના કશું જ કરી શકતાં નથી, એમ કહી ઈન્દ્રિયો અને મનથી પણ પ્રજ્ઞાનું મહત્ત્વ વધારે છે એમ કૌષીતકીમાં જણાવવામાં આવ્યું છે, તે બતાવે છે, કે મનોમય

આત્માનો પ્રજ્ઞાત્મા એ અંતરાત્મા છે. આજ વસ્તુને તૈત્તિરીય ઉપનિષદમાં વિજ્ઞાનાત્માને મનોમય આત્માનો અંતરાત્મા કહીને સૂચવી છે. એટલે પ્રજ્ઞા અને વિજ્ઞાનને પર્યાયો માનવામાં અસંગતિ નથી. ઐતરેય ઉપનિષદમાં પ્રજ્ઞાનબ્રહ્મના જે પર્યાયો આપવામાં આવ્યા છે તેમાં મન પણ છે. એ સૂચવે છે કે પૂર્વકલ્પિત મનોમય આત્મા સાથે પ્રજ્ઞાનાત્માનો સમન્વય છે. તેમાં જ પ્રજ્ઞા અને પ્રજ્ઞાનને પણ એક જ કહ્યાં છે અને પ્રજ્ઞાનના પર્યાય તરીકે વિજ્ઞાનને પણ બતાવ્યું છે.

સાર એ છે કે વિજ્ઞાન, પ્રજ્ઞા, પ્રજ્ઞાન એ બધા શબ્દો એકાર્થક મનાયા અને તે અર્થ તે આત્મા એમ મનાયું. મનોમય આત્મા સૂક્ષ્મ છતાં મન કોઈને મતે ભૌતિક અને કોઈને મતે અભૌતિક છે. પણ વિજ્ઞાનને જ્યારે આત્મા એવું નામ આપવામાં આવ્યું ત્યાર પછી જ આત્મા અભૌતિક તત્ત્વ છે એવી વિચારણાનો પ્રારંભ થયો. આત્મવિચારણામાં વિજ્ઞાન, પ્રજ્ઞા કે પ્રજ્ઞાનને આત્મા કહીને ચિંતકોએ આત્મવિચારની દિશાને જ બદલી દીધી. હવે જ આત્મા એ મૌલિક ચેતન તત્ત્વ છે એવી માન્યતા તરફ વિચાર કે પ્રયાણ આદર્યું અને પ્રજ્ઞાનની એટલી બધી પ્રતિષ્ઠા કરવામાં આવી કે આંતર-બાહ્ય બધાંને પ્રજ્ઞાન કહી દીધાં.

**આનન્દાત્મા :**

મનુષ્યના અનુભવનું વિશ્લેષણ જો કરવામાં આવે તો તેમાં તેનાં બે રૂપો સ્પષ્ટ તરી આવે છે, એક તો વસ્તુવિજ્ઞપ્તિરુપ છે અર્થાત્ વસ્તુનું જે જ્ઞાન થાય છે તે અનુભવનું એક રુપ છે અને બીજું રુપ તે વેદના છે. એક સંવેદન છે તો બીજું વેદન છે.

વસ્તુને જાણવી તે એક રુપ છે અને તેને ભોગવવી એ બીજું રુપ છે. જાણવા સાથે જ્ઞાનનો અને ભોગ સાથે વેદનાનો સંબંધ છે. પ્રથમ જ્ઞાન છે પછી ભોગ છે. એ વેદના પણ અનુકૂળ અને પ્રતિકૂળ બન્ને પ્રકારની હોય છે. પ્રતિકૂળ વેદનાને કોઈ પસંદ કરતું નથી. અનુકૂળ વેદના સૌને ગમે છે. તે સુખ કહેવાય છે. એ સુખની પરાકાષ્ઠાને આનંદ એવું નામ અપાયું છે. બાહ્ય વસ્તુના ભાગથી નિરપેક્ષ એવી અનુકૂળ વેદના એ આત્માનું સ્વરુપ છે અને ચિંતકોએ તેને આનન્દાત્મા એવું નામ આપ્યું છે. અનુભવના એક સંવેદન-રુપના પ્રાધાન્યે પ્રજ્ઞાત્મા અથવા વિજ્ઞાનાત્માની કલ્પના થઈ તો તેના બીજા રુપ વેદનાને પ્રાધાન્યે આનન્દાત્માની કલ્પનાને વેગ મળ્યો હશે એવી સંભાવના થાય છે. આત્મા જેવી એક અખંડ વસ્તુનું ખંડ-ખંડ કરીને દર્શન કરવામાં આવે તો વિજ્ઞાનાત્મા અને આનન્દાત્મા જેવા તેના રુપો વિચારક સમક્ષ ઉપસ્થિત થાય તે સ્વાભાવિક છે.

વિજ્ઞાનનું લક્ષ્ય તો આનંદ જ છે, તેથી ચિંતકોએ વિજ્ઞાનાત્માનો પણ અન્તરાત્મા આનન્દાત્માને માન્યો હોય તો નવાઈ નથી. વળી એક દાર્શનિક અને એક ધાર્મિક એવી બે ભાવના મનુષ્યમાં છે. દાર્શનિક જો કે વિજ્ઞાનાત્માને પ્રાધાન્ય આપે છે, પણ દાર્શનિકમાં જ રહેલો ધાર્મિક આત્મા આનન્દાત્માની કલ્પના કરીને તૃપ્તિ અનુભવે તો તેમાં આશ્ચર્ય નથી.

**પુરુષ, ચેતન આત્મા-ચિદાત્મા-બ્રહ્મ :**

અન્નમય આત્માથી માંડીને વિચારકે આત્માની બાબતમાં આનન્દાત્મા સુધી પ્રગતિ કરી, પણ તેની એ પ્રગતિ હજી આત્મતત્ત્વના જુદાં જુદાં આવરણોને આત્મા માનીને થઈ રહી હતી, પણ એ બધાએ આત્માનો પણ જે આત્મા હતો તેની શોધ કરવાની બાકી જ હતી. એ આત્માની જ્યારે શોધ થઈ ત્યારે કહી દેવામાં આવ્યું કે અન્નમય આત્મા, જેને શરીર કહેવામાં આવે છે તે તો રથ જેવું છે. તેને દોરનાર સારથી છે અને એજ ખરો આત્મા છે. આત્મા વિનાનું શરીર કશું જ કરી શકતું નથી. શરીરની જે ચાલક શક્તિ છે તે જ આત્મા છે. આમ શરીર અને આત્મા એ બન્ને તત્ત્વો પૃથક્ છે એમ સ્પષ્ટ કરવામાં આવ્યું. આત્માથી સ્વતંત્રપણે પ્રાણ કશું જ કરી શકતો નથી. આત્મા એ તો પ્રાણનો પણ પ્રાણ છે. પ્રશ્નોપનિષદમાં તો કહેવામાં આવ્યું છે કે આત્માથી જ પ્રાણનો જન્મ છે. મનુષ્ય પર તેનો પડછાયો આધાર રાખે છે, તેમ પ્રાણ એ આત્માને અવલંબે છે. આ રીતે પ્રાણ અને આત્માનો ભેદ કર્યો.

ઈન્દ્રિય અને મનથી પણ એ આત્મા ભિન્ન છે એની સૂચના કેનોપનિષદમાં કરવામાં આવી છે. ત્યાં જણાવ્યું છે કે ઈન્દ્રિયો અને મન એ બ્રહ્મ-આત્મા વિના કશું જ કરવા સમર્થ નથી. આત્મા છે એટલે જ ચક્ષુ આદિ ઈન્દ્રિયો અને મન પોતપોતાનું કાર્ય કરે છે. જેમ વિજ્ઞાનાત્માઓનો અંતરાત્મા આનંદાત્મા છે તેમ આનંદાત્માનો ય અંતરાત્મા સત્ એવું બ્રહ્મ છે; એમ કહીને વિજ્ઞાન અને આનન્દથી પણ પર એવા બ્રહ્મની કલ્પના કરવામાં આવી છે. આ રીતે ચિંતકોએ આત્માને અભૌતિક તત્ત્વરુપે સ્થિર કરી દીધો. આ પ્રમાણે ભૂતથી માંડીને ચેતન સુધીની આત્મવિચારણાની ઉત્ક્રાંતિનો ઈતિહાસ અહીં પૂરો થાય છે.

પ્રથમ વિજ્ઞાત્માના વર્ણન પ્રસંગે કહેવામાં આવ્યું છે કે તેને સ્વયંજ્યોતિ માનવામાં નથી આવ્યો. સુપ્તાવસ્થામાં તે અચેતન બની જાય છે. તે સ્વપ્રકાશી નથી, પણ આ પુરુષ-ચેતન આત્મા કે ચિદાત્મા વિશે એમ નથી. તે તો સ્વયંજ્યોતિ છે, સ્વયં પ્રકાશે છે. તે તો વિજ્ઞાનનો પણ અંતર્યામી છે. એ સર્વાત્આત્મા વિશે કહેવામાં આવ્યું છે કે તે સાક્ષાત્ છે, અપરોક્ષ છે, પ્રાણનો લેનાર તે છે, આંખનો જોનાર તે છે, કાનનો સાંભળનાર તે છે, મનનો વિચારનાર તે છે, જ્ઞાનનો જાણનાર તે છે. એ જ દૃષ્ટા છે, એ જ શ્રોતા છે, એ જ મન્તા છે, એ જ વિજ્ઞાતા છે. નિત્ય ચિન્માત્રરુપ છે, સર્વ પ્રકાશરૂપ છે, ચિન્માત્ર જ્યોતિરુપ છે.

આ પુરુષ કે ચિદાત્માને અજર, અક્ષર, અમૃત, અમર, અવ્યય, અજ, નિત્ય, ધ્રુવ, શાશ્વત, અનન્ત માનવામાં આવ્યો છે. એના વિશે કઠમાં કહેવામાં આવ્યું છે કે તે અશબ્દ, અસ્પર્શ, અરુણ, અવ્યય, અરસ, નિત્ય, અગન્ધવત્, અનાદિ, અનંત, મહતત્ત્વથી પર, ધ્રુવ, એવા આત્માને જાણીને મનુષ્ય મૃત્યુના મુખમાંથી મુક્ત થઈ જાય છે.

ભગવાન બુદ્ધે અનાત્મવાદનો ઉપદેશ આપ્યો એમ જ્યારે આપણે કહીએ છીએ ત્યારે એમ નથી સમજવાનું કે તેઓ આત્મા જેવી વસ્તુનો સર્વથા નિષેધ કરે છે. તેમના નિષેધનું તાત્પર્ય એટલું જ છે કે ઉપનિષદોમાં જે પ્રકારના શાશ્વત અદ્વૈત આત્માનું પ્રતિપાદન

કરવામાં આવ્યું છે, આત્માને જે પ્રકારે વિશ્વનું એકમાત્ર મૌલિક તત્ત્વ માનવામાં આવ્યું તેનો વિરોધ ભગવાન બુદ્ધે કર્યો છે.

ઉપનિષદના પૂર્વોક્ત ભૂતવાદીઓ અને દાર્શનિક સૂત્રકાળના નાસ્તિકો કે ચાર્વાકો પણ અનાત્મવાદી છે અને ભગવાન બુદ્ધ પણ અનાત્મવાદી છે. એ બન્ને આટલી વાતોમાં સહમત છે કે આત્મા એ સર્વથા સ્વતંત્ર એવું દ્રવ્ય નથી અને તે કે શાશ્વત પણ નથી. અર્થાત્ બન્નેને મતે આત્મા એ ઉત્પન્ન થનારી વસ્તુ છે. પણ ચાર્વાક અને ભગવાન બુદ્ધમાં જે મતભેદ છે તે એ છે કે પુદ્ગલ, આત્મા, જીવ, ચિત્ત નામની એક સ્વતંત્ર વસ્તુ છે એમ ભગવાન બુદ્ધ માને છે, જ્યારે ભૂતવાદી તેને માત્ર એક ચાર કે પાંચ ભૂતોમાંથી નિષ્પન્ન થનારી પરતંત્ર માને છે. ભગવાન બુદ્ધ પણ જીવ, પુદ્ગલ કે ચિત્તને અનેક કારણોથી ઉત્પન્ન તો માને છે અને એ અર્થમાં તે પરતંત્ર પણ છે, પણ એ ઉત્પત્તિનાં જે કારણો છે તેમાં પણ વિજ્ઞાન અને વિજ્ઞાનેતર બન્ને પ્રકારના કારણો વિદ્યમાન હોય છે; જ્યારે ચાર્વાકોને મતે ચૈતન્યની ઉત્પત્તિમાં ચૈતન્યેતર ભૂતો જ કારણો છે, ચૈતન્ય કારણ છે જ નહિ. તાત્પર્ય એ છે કે ભૂતોની જેમ વિજ્ઞાન પણ એક મૂળ તત્ત્વ છે, જે જન્ય અને અનિત્ય છે એમ ભગવાન બુદ્ધ સ્વીકારે છે, જ્યારે ચાર્વાકો માત્ર ભૂતોને જ મૂળ તત્ત્વ માને છે. બુદ્ધ ચૈતન્ય વિજ્ઞાનની સંતતિ-ધારાને અનાદિ માને છે, પણ ચાર્વાકને મતે ચૈતન્યધારા જેવું કશું જ નથી. નદીનો પ્રવાહ ધારાબદ્ધ જલબિન્દુઓથી બને છે અને તેમાં એકત્વની પ્રતીતિ થાય છે, તેમ વિજ્ઞાનની સંતતિ-પરંપરાથી વિજ્ઞાનધારા બને છે અને તેમાં પણ એકત્વની પ્રતીતિ થાય છે. વસ્તુતઃ જલબિંદુઓની જેમ પ્રત્યેક દેશ અને કાલમાં વિજ્ઞાનક્ષણો ભિન્ન જ હોય છે. આવી વિજ્ઞાનધારાનો સ્વીકાર ભગવાન બુદ્ધે કર્યો છે, પણ ચાર્વાકોને તે પણ માન્ય નથી.

ભગવાન બુદ્ધે રુપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને વિજ્ઞાન, ચક્ષુ આદિ ઈન્દ્રિયો, તેના વિષયો, તેનાથી થતું જ્ઞાન, મન, માનસિક ધર્મ અને મનોવિજ્ઞાન એ બધાંને એકેકને લઈને વિચાર કર્યો છે અને બધાંને અનિત્ય, દુઃખ અને અનાત્મ કહી દીધાં છે. એ બધાં વિશે તેઓ પૂછતા કે નિત્ય છે કે અનિત્ય? ઉત્તર મળતો કે તે અનિત્ય છે. એટલે તેઓ ફરી પૂછતા કે જે વસ્તુ અનિત્ય હોય તે સુખ છે કે દુઃખ? ઉત્તર મળતો કે દુઃખ. એટલે તેઓ ફરી પૂછતા કે જે વસ્તુ અનિત્ય હોય, દુઃખ હોય, વિપરિણામી હોય, શું તેના વિશે આ મારું છે, એ હું છું, એ મારો આત્મા છે એવા વિકલ્પો કરી શકાય? ઉત્તરમાં નકાર મળતો અને આ રીતે બધું અનાત્મ જ છે, આત્મા જેવી વસ્તુ શોધી જડતી નથી, એમ તેઓ શ્રોતાને પ્રતીતિ કરાવી દેતા.

બુદ્ધમતે સંસારમાં સુખદુઃખ ઈત્યાદિ અવસ્થાઓ છે, કર્મ છે, જન્મ છે, મરણ છે, બન્ધ છે, મુક્તિ છે–આ બધું જ છે; પણ એ બધાનો કોઈ સ્થિર આધાર નથી. અવસ્થાતા નથી. એ બધી અવસ્થાઓ પૂર્વપૂર્વનાં કારણોને લઈને ઉત્પન્ન થતી રહે છે અને એક નવા કાર્યને ઉત્પન્ન કરીને નષ્ટ થતી રહે છે. આ પ્રકારે સંસારનું ચક્ર ચાલ્યા કરે છે. પૂર્વનો સર્વથા ઉચ્છેદ પણ ઈષ્ટ નથી અને ધ્રૌવ્ય પણ ઈષ્ટ નથી. ઉત્તર પૂર્વથી સર્વથા અસંબદ્ધ છે, અપૂર્વ છે એમ પણ ન કહેવાય. કારણ કે કાર્ય-કારણની સાંકળમાં બન્ને જકડાયેલા છે. પૂર્વનો બધો સંસ્કાર ઉત્તરને મળી જાય છે એટલે હવે પૂર્વ તે ઉત્તરરુપે વિદ્યમાન બને છે, ઉત્તર એ પૂર્વથી સર્વથા ભિન્ન પણ નથી અને અભિન્ન પણ નથી પણ અવ્યાકૃત છે, કારણ કે ભિન્ન કહેવા જતાં ઉચ્છેદવાદ બને અને અભિન્ન કહેવા જતાં શાશ્વતવાદ. ભગવાન બુદ્ધને એ બન્ને વાદો અમાન્ય હતા. એટલે આવી બાબતોમાં તેમણે અવ્યાકૃતવાદનું શરણ સ્વીકાર્યું છે.

**જૈનમત :**

આ બધાં વૈદિક દર્શનોની જેમ જૈન દર્શનમાં પણ આત્મા એ ચેતન તત્ત્વ સ્વીકારાયું છે અને અનેક છતાં પણ એ ચેતનતત્ત્વ સંસારી અવસ્થામાં બૌદ્ધ દર્શનના પુદ્ગલની જેમ મૂર્ત અમૂર્ત છે. જ્ઞાનાદિ ગુણોની અપેક્ષા અમૂર્ત છે, પણ કર્મ સાથેના તેના સંબંધને લઈને તે મૂર્ત પણ છે. આથી વિપરીત બીજાં બધાં દર્શનો ચેતનને અમૂર્ત જ માને છે.

**ઉપસંહાર**

આત્મસ્વરુપ એ ચૈતન્ય છે એ નિષ્કર્ષ ભારતીય બધાં દર્શનોએ સ્વીકાર્યો છે. ચાર્વાક દર્શન જે નાસ્તિક દર્શનને નામે ઓળખાય છે તે પણ આત્માને ચેતન જ કહે છે. તેનો બીજાં દર્શનોથી જે મતભેદ છે તે એ છે કે આત્મા તે ચેતન છતાં શાશ્વત તત્ત્વ નથી. એ ભૂતમાંથી નિષ્પન્ન થાય છે. બૌદ્ધો પણ ચેતન તત્ત્વને બીજાં દર્શનોની જેમ નિત્ય નથી કહેતા, પણ ચાર્વાકોની જેમ જન્મ કહે છે. છતાં ચાર્વાક અને બૌદ્ધમાં એક મહત્ત્વનો ભેદ છે. તે એ કે બૌદ્ધોને મતે ચેતન જન્ય છતાં ચેતન સંતતિ અનાદિ છે. ચાર્વાક પ્રત્યેક જન્ય ચેતનને સર્વથા ભિન્ન જ અપૂર્વ જ માને છે. બૌદ્ધ પ્રત્યેક જન્ય ચૈતન્યક્ષણને પૂર્વજનક ક્ષણથી સર્વથા ભિન્ન કે અભિન્ન હોવાની ના પાડે છે. ચાર્વાકનો ઉચ્છેદવાદ એ ઉપનિષદ અને બીજાં દર્શનોનો આત્મ શાશ્વતવાદ બૌદ્ધદર્શનને માન્ય નથી; એટલે જ તે આત્મસંતતિ અનાદિ છે એમ કહે છે, આત્મા અનાદિ છે એમ નથી કહેતું. સાંખ્ય-યોગ, ન્યાય-વૈશેષિક, પૂર્વમીમાંસા–ઉત્તરમીમાંસા અને જૈન એ બધાં દર્શનો આત્માને અનાદિ માને છે, પણ જૈન અને પૂર્વમીમાંસા દર્શનનો ભાટ્ટપક્ષ આત્માને પરિણામી નિત્ય માને છે, જ્યારે બાકીનાં બધાં દર્શનો તેને કૂટસ્થ નિત્ય માને છે.

આત્માને કૂટસ્થ માનનારા, તેમાં કશા જ પરિણામો થતાં નથી એમ માનનારા પણ સંસાર અને મોક્ષ તો માને છે અને તેને પરિણામી નિત્ય માનનારા પણ તેનો સંસાર અને મોક્ષ માને છે. એટલે કૂટસ્થ કે પરિણામી માનવા છતાં છેવટે સંસાર અને મોક્ષની બાબતમાં કશો જ મતભેદ નથી. તે તો છે જ.

લેખમાં ઉલ્લેખ કરાયેલા ઉપનિષદો આદિ ગ્રંથોના અવતરણો જોઈને સંકલન કરીને ખૂબ જ રસપ્રદ આત્મ વિચારણાનો ઈતિહાસ જિજ્ઞાસુઓને સમજવા માટે ઉપયોગી નીવડશે. ✶✶✶

૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ–૩૮૦ ૦૦૭.
ફોન : ૨૬૬૦૪૫૯૦

# વિભાવાચરણ V/S સ્વભાવાચરણ

❑ સુમનભાઈ એમ. શાહ

સંજ્ઞી પંચેન્દ્રિય સાંસારિક જીવને (માનવ) જીવન વ્યવહારમાં સ્થૂળ, સૂક્ષ્મ અને વાણીના સંજોગો પૂર્વકૃત કર્મના ફળ સ્વરૂપે આવ્યા કરે છે. સંજોગોને જોવા-જાણવાદિની પ્રક્રિયા જીવથી પોતાની ચેતના શક્તિના (દર્શન અને જ્ઞાનોપયોગ) સદ્ભાવ મારફત થયા કરે છે. અથવા જીવને પાંચ ઈન્દ્રિયોના વિષયોનો બોધ થાય છે. ઈન્દ્રિયોના વિષયોમાં તરબોળ કે ઓતપ્રોત થવું તેને આધ્યાત્મિક દૃષ્ટિએ 'પર'ભાવ, વિભાવ, કે 'પર' પદાર્થોમાં મારાપણાનું આરોપણ કરી રમણતા કહેવાય છે એવું જ્ઞાનીઓનું કથન છે. પરંતુ જે આત્મદશાના સાધકને પોતે દરઅસલપણે 'કોણ છે અને કોણ નથી' તેનું ભેદજ્ઞાન કોઈ આત્માનુભવી સદ્ગુરુ પાસેથી પ્રાપ્ત થયું છે તેને સામાન્યપણે પોતાના ક્ષયોપશમ મુજબ ઈન્દ્રિયોના વિષયોમાં તન્મયતા થતી નથી. જો કે આવા સાધકને ઈન્દ્રિયોના વિષયોનો બોધ અવશ્ય થાય છે, પરંતુ તે જિનાજ્ઞાધારી હોવાથી બહુધા તેમાં રમણતા થતી નથી અથવા તેને આત્મસ્વભાવમાં રમણતા વર્તે છે. બીજી રીતે જોઈએ તો સાધકને 'સ્વ' પરિણતિ અને 'પર' પરિણતિનો યથાતથ્ય ભેદ ગુરુગમે વર્તતો હોવાથી તે જાગૃતિપૂર્વક 'પર' પરિણતિને ટાળે છે અને માત્ર 'સ્વ' પરિણતિમાં સ્થિરતા થાય એવા યથાર્થ પુરુષાર્થમાં રત રહે છે. આવા પુરુષાર્થને શુદ્ધ વ્યવહાર ચારિત્ર્યધર્મનું સદાચરણ ઘટાવી શકાય અથવા બ્રહ્મમાં ચર્યા પણ કહી શકાય. રાગદ્વેષ અને અજ્ઞાનવશ જીવને ઈન્દ્રિયોના વિષયમાં તરબોળતા કે તન્મયતા થવાથી અથવા 'પર'ભાવમાં પોતાપણાનું આરોપણ થવાથી તેને રાગાદિ ભાવોનું (ભાવકર્મ) સર્જન થયા કરે છે. આવા બહિરાત્મદશાના જીવને ભાવકર્મોથી જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મો આત્મપ્રદેશો ઉપર રહેલા ગુણોને આવરણ કરે છે. આવો જીવાત્મા ચારગતિમાં ભવભ્રમણ કરી ભ્રાંતિમય સુખ-દુઃખાદિનો ભોક્તા થાય છે. ટૂંકમાં આવા જીવને અબ્રહ્મચર્ય વર્તે છે. એવું પણ ઘટાવી શકાય. હવે પાંચ ઈન્દ્રિયો અને તેના વિષયો જોઈએ.

**પાંચ ઈન્દ્રિયો અને વિષયો :**

પાંચ ઈન્દ્રિયો એ શરીરની ચોક્કસ પ્રકારની રચના કે આકૃતિ છે, જેને પારિભાષિક શબ્દમાં દ્રવેન્દ્રિયો કહેવામાં આવે છે. રૂપ, રસ, વર્ણ, ગંધ, સ્પર્શાદિ ઈન્દ્રિય ગ્રાહ્ય પુદ્ગલ દ્રવ્યના ગુણો છે. જે દ્રવ્ય રસ વર્ણ, ગંધ, સ્પર્શાદિ ગુણો ધરાવે છે તેને રૂપત્વ ગુણ કહે છે. ટૂંકમાં પુદ્ગલ દ્રવ્ય રૂપી કે મૂર્ત છે જ્યારે આત્મદ્રવ્ય અરૂપી કે અમૂર્ત છે. બીજું પુદ્ગલ દ્રવ્ય નિઃશબ્દ છે, પરંતુ તેના નિમિત્તે શબ્દ કે અવાજનું સર્જન થાય છે. વ્યવહારદૃષ્ટિએ સાંસારિક જીવ શરીર અને કર્મબંધ સહિત હોવાથી જીવમાં વર્ણ, રસ, ગંધ, સ્પર્શાદિ ગુણો જોવામાં આવે છે પરંતુ આત્મદ્રવ્ય નિશ્ચય દૃષ્ટિએ આવા ગુણો ધરાવતું ન હોવાથી તે અરૂપી છે.

**વર્ણ** : ધોળો, પીળો, ભૂરો, લાલ અને અને કાળો (આંખથી)
**રસ** : તીખો, કડવો, ખારો, ખાટો અને ગળ્યો (જીભથી)
**ગંધ** : સુગંધ અને દુર્ગંધ (નાકથી)
**સ્પર્શ** : હલકો, ભારે, કોમળ, કઠોર, લૂખો, ચીકણો, ઠંડો અને ગરમ (ત્વચા કે ચામડી).
**(શબ્દ)** : અવાજ કે શબ્દ કાનથી સંભળાય છે.

શુદ્ધ જીવતત્ત્વમાં રૂપી દ્રવ્યના ઉપરના વીસ ગુણો હોતા નથી માટે તેને અરૂપી દ્રવ્ય કહેવાય છે. પાંચ ઈન્દ્રિયો તેના વિષયો પાસે જતી નથી પરંતુ સ્વસ્થાને સ્થિર રહીને જ વિષયોનું ગ્રહણ કરે છે. જેમ કે સ્વાદવાળી વસ્તુ જીભને મળે તો રસાસ્વાદ થાય, સ્પર્શવાળી વસ્તુ ત્વચાને મળે તો સ્પર્શનો અનુભવ થાય, ધ્વનિના તરંગો કાનના પડદાને અથડાય તો શબ્દ કે અવાજ સંભળાય, ગંધના પુદ્ગલો નાકને મળે તો સુગંધ કે દુર્ગંધ અનુભવાય, પદાર્થો ઉપર પડેલું કિરણ પરાવર્તન થઈ આંખમાં આવે તો જોવાનું કાર્ય થાય છે. જ્યારે ઈન્દ્રિયોના વિષયોનો મેળાપ ઈન્દ્રિયો સાથે થાય છે ત્યારે જીવને જે બોધ થાય છે તે ભાવેન્દ્રિયોના સદ્ભાવથી થાય છે. દરેક દ્રવેન્દ્રિયની પાછળ એક ભાવેન્દ્રિય છે, જેનો સ્વામી કે નિયામક મન છે. આમ પાંચ ભાવ-ઈન્દ્રિયો અમુક અપેક્ષાએ આત્મિક પરિણામો છે અને જે લબ્ધિ અને ઉપયોગરૂપ છે. જેમ કે મતિજ્ઞાન આવરણીય કર્મ કે ચક્ષુ અને અચક્ષુ આવરણીય કર્મના ક્ષયોપશમથી જીવને ઈન્દ્રિયોના વિષયોનો બોધ થાય છે. આમ જીવને ઈન્દ્રિયોના વિષયોનો બોધ થવામાં ચેતનતત્ત્વના આંશિક ગુણોનો સ્રોત મુખ્યપણે ઘટાવી શકાય.

**ઉપસંહાર :**

સાંસારિક જીવને જ્યારે પાંચ ઈન્દ્રિયોના વિષયોનો બોધ થાય છે ત્યારે તેનો અભિગમ કેવો વર્તે છે તેના આધારે કાં તો તેને ભાવકર્મોનું સર્જન થાય અથવા કર્મ નિર્જરા સંવરપૂર્વક થાય. જે જીવ રાગદ્વેષ અને અજ્ઞાનવશ છે તેને સમાન્યપણે ઈન્દ્રિયોના વિષયોમાં તાદાત્મ્યપણું વર્તે છે, જે આધ્યાત્મિક દૃષ્ટિએ વિભાવાચરણ ઘટાવી શકાય. અથવા જીવાત્માને અબ્રહ્મચર્ય વર્તે છે એવું પણ કહી શકાય.

જે આત્મદશાના સાધકને અંતરંગમાં શરીરથી અળગાપણું વર્તે છે તે જાગૃતિપૂર્વક પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં ઓતપ્રોત થતો નથી અને આત્મસ્વભાવમાં (જ્ઞાનદર્શનાદિ સત્તાગત ગુણો) સ્થિરતાનો પુરુષાર્થ આચરે છે, જેને અપેક્ષાએ સ્વભાવાચરણ કે બ્રહ્મમાં ચર્યા ઘટાવી શકાય. બીજી રીતે જોઈએ તો સાધકને ધ્યેયલક્ષી પુરુષાર્થ વર્તતો હોવાથી ઈન્દ્રિયોના વિષયોના બોધ વખતે તેને ઉદાસીન વૃત્તિ વર્તે છે, જે અમુક અપેક્ષાએ મુક્તિમાર્ગનાં કારણોનું સેવન ઘટાવી શકાય. આવા સાધકને સદ્ગુરુ તરફથી મળેલ ભેદજ્ઞાનરૂપ સુબોધ અને આજ્ઞાપાલનાદિનું શુદ્ધાવલંબન નિરંતર વર્તતું હોવાથી તે સ્વભાવાચરણમાં ક્રમશઃ સ્થિરતા પામે છે અને વિભાવાચરણ છૂટી જાય છે એવું કહી શકાય.

*છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;*
*નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.*

–શ્રીમદ્ રાજચંદ્ર રચિત આત્મસિદ્ધિ ગા. ૧૧૫

*શુદ્ધ ઉપયોગ ને સમતાધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;*
*કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવનારી.*

–આપ સ્વભાવ સજ્ઝાય–

✶ ✶ ✶

૫૬૩, આનંદવન સોસાયટી, ન્યુ સમા રોડ, વડોદરા–૩૯૦ ૦૦૮.
ફોન : ૭૯૫૪૩૯

શબ્દ-ચર્ચા

# ચરિત, ચરિત્ર, ચારિત્ર, ચારિત્ર્ય

❑ નેમીચન્દ જૈન ❑ અનુવાદક : પુષ્પા પરીખ

શબ્દની માયાજાળ અપરંપાર છે. કોઈ મર્કટની જેમ વૃક્ષ પર ચઢેલો છે તો કોઈ તળેટીમાં છે, કોઈ પર્વત શિખર તરફ ઝડપથી આગળ વધે છે તો કોઈ નદીની લહેરો પર નૌકાવિહારમાં મસ્ત છે, કોઈ તપોધનના કમંડળમાં બિરાજમાન છે તો કોઈ મુનિ મહારાજની પીંછીમાં મયૂરપંખ બની બેઠો છે. કોઈ પદ્માસનમાં છે તો કોઈ શિર્ષાસનસ્થ છે, કોઈ કીલકારીઓ કરે છે તો કોઈ નર્તકીના ઝાંઝરનો ઝણકાર બની બેઠો છે. કોઈને રાજનીતિ માફક આવી ગઈ છે તો કોઈએ જૂઠથી સદા વેગળા રહેવાના સમ લીધા છે. કોઈ બહુરુપી છે તો કોઈ તદ્દન સાદાઈમાં માને છે. જો આપ શબ્દને સમજવા માગતા હો તો એનામય થઈને એને સમજો તો એ તમારો થઈને રહેશે. એટલે કે તમામ મર્મ તમારી હથેળીમાં ધરી દેશે.

અમુક શબ્દો એવા છે કે જે રોજિંદા ચલણમાં તો છે પરંતુ એને બારીકાઈથી સમજવા પડે. આવા શબ્દોનો ઉપયોગ આપણે જુદી જુદી જગ્યાએ કરી તો શકીએ પણ ઉતાવળમાં એનો સૂક્ષ્મ અર્થ આપણે વિચારતા નથી. તેથી એ શબ્દોનો આપણે એક જ અર્થ કરીએ છીએ. દા. ત. ચરિત, ચરિત્ર, ચારિત્ર, ચરિત્તર, ચારિત્ર્ય પણ આવાજ શબ્દો છે કે જેના ઉપયોગમાં આપણે ગોથું ખાઈ જઈએ. ઉચ્ચારમાં ઘણું સામ્ય હોવા છતાં અર્થમાં ઘણો ફેર પડી જાય છે.

**ચરિત** – શબ્દ ક્રિયા અને નામ બંને તરીકે વપરાય છે. ક્રિયાર્થ તરીકે જોઈએ તો–જે થયું છે તે ચરિત છે, જે સંપન્ન થયું છે તે ચરિત છે, જે ઉપલબ્ધ થયું છે તે ચરિત છે, જે રસ્તો લીધો છે તે ચરિત છે. આ ચરિત શબ્દમાં ચરિતાર્થનો ધ્વનિ ઝંકૃત છે. 'રામ ચરિત માનસ' પદમાં પણ આજ ઝણકાર સમાયેલો છે. થોડા વધુ ઊંડા ઉતરીએ તો તેના અર્થમાં તો એક લયબદ્ધ ઝણકાર છે. 'ચરિત' શબ્દ 'ચર' ધાતુમાંથી ઉત્પન્ન થયો છે.

'ચરિત્ર' શબ્દ 'ચરિત'થી થોડો આગળ છે. આચરણ, કર્તવ્ય, શીલ, સ્વભાવ, રહેણીકરણી, પગ, ચાલ, આદિ અર્થોમાં તેનો વપરાશ થયો છે. જ્યારે આપણે જીવન ચરિત / જીવન ચરિત્ર કહીએ ત્યારે એ શબ્દોમાં કોઈ વ્યક્તિના જીવનનું વર્ણન માત્ર હોય છે; પરંતુ જ્યારે આપણે લોકસભા કે ભારતીય જન માટે એ શબ્દનો ઉપયોગ કરીએ ત્યારે આપણે સ્વભાવ કે પરંપરાના અર્થમાં એ શબ્દ વાપરીએ છીએ. 'ચરિત્ર' સામાન્ય શબ્દ છે. ચરિત્ર શબ્દ વિશેષણો સાથે પણ વપરાય છે. જેમકે 'સચ્ચરિત્ર', 'દુર્ચરિત્રં'. 'ચરિત્ર' કોઈ વ્યક્તિ કે વસ્તુની અસ્મિતા કે અસ્મિતાંશનું પ્રતીક પણ હોય છે. કર્તવ્ય કે આચરણના અર્થ માટે પણ એનો ઉપયોગ કરાયો છે.

'ચરિત્ર'થી ઉતરતો શબ્દ છે 'ચરિત્તર'. મોટા ભાગે ખરાબ અર્થમાં જ એનો ઉપયોગ થયો છે. દા. ત. એનું 'ચરિત્તર' સારૂં નથી જેટલું બને તેટલું જલ્દી એનાથી છૂટકારો લઈ લો. જ્યારે ચારિત્ર્ય શબ્દ શુદ્ધ આધ્યાત્મિક છે. જૈનાચારનો તો આ પ્રાણશબ્દ છે. તત્ત્વાર્થ સૂત્રનું પ્રથમ સૂત્ર છે, 'સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' આમાં 'ચારિત્ર' શબ્દ છે અને 'ચરિત્ર' નહીં. કેમ? સંપૂર્ણ સૂત્રમાં ત્રણેય શબ્દો–દર્શન, જ્ઞાન અને ચારિત્ર લોક પ્રચલિત અર્થમાં નથી વપરાયા. અત્રે દર્શન શબ્દનો અર્થ રુચિ, શ્રદ્ધા આદિ છે. જ્ઞાનનો અર્થ સામાન્ય અર્થ નથી કે જેને આપણે Knowledge કહીએ છીએ. અત્રે જ્ઞાન એટલે આત્માની શોધ માટેનું જ્ઞાન. આત્મસ્વરુપની શોધનું જ્ઞાન. આજ જ્ઞાન આગળ વધીને કેવળજ્ઞાન બને છે.

ચારિત્ર્યનો અર્થ સાધુત્વ આચરણ, સદાચાર વગેરે તો છે જ. જેવી રીતે મૈથીલીશરણ ગુપ્તાએ હિન્દીમાં 'નર સે ભારી નારી'માં ભારી અને નારી બે શબ્દો સાથે વાપરી નારી શબ્દને બળવત્તર બનાવ્યો છે તેવું જ લગભગ 'ચરિત્ર' અને 'ચારિત્ર'નું છે. ચારિત્રની એક માત્રા એટલે કે ચનો કાનો વધારીને એને વિશેષ સ્થાન આપ્યું છે. સાધારણ તયા 'ચારિત્ર' શબ્દ લોકપ્રિય નથી પરંતુ ધર્મ અને અધ્યાત્મના ક્ષેત્રમાં એમાંયે ખાસ કરીને જૈન ધર્મ અને જૈન દર્શનોના ક્ષેત્રમાં તો એની અધિક જ પ્રતિષ્ઠા છે.

અત્રે ચારિત્રનો અર્થ છે–સમતારુપ–ધર્મ, પાપ અને પુણ્ય બંનેનો પરિત્યાગ, હિંસા વગેરેમાંથી ક્રમશઃ નિવૃત્તિ. સામાયિક, છેદોપસ્થાપના, પરિહાર-વિશુદ્ધિ, સૂક્ષ્મસામ્પરાય, પ્રખ્યાત ચારિત્ર છે. જ્યારે આપણે 'ચારિત્રારાધના' જેવો શબ્દપ્રયોગ કરીએ છીએ ત્યારે એમાં પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ગુપ્તિ વગેરે એના અર્થમાં સમાયેલા છે.

જૈનાચારમાં તેર પ્રકારના ચારિત્ર ગણાવ્યા છે. આ રીતે ચારિત્ર શબ્દ ધર્મ / અધ્યાત્મનો શબ્દ છે. 'ચારિત્ર' અને 'ચારિત્ર્ય' બે સમાન શબ્દો છે પરંતુ લોકાચારની બહાર છે. સંક્ષેપમાં કહીએ તો-'ચરિત' અર્થાત્ ઘટિત, 'ચરિત્ર' અર્થાત્ આચરણ, સ્વભાવ; ચારિત્ર્ય અર્થાત્ વૈરાગ્ય, મુક્તિ તરફ ઢળતું આચરણ. આ રીતે સહજ રીતે કોઈપણ શબ્દનો યોગ્ય અર્થ આપણી સમજણ અને જ્ઞાન મુજબ કરી તેનો ઉપયોગ કરી શકીએ. ✷✷✷

('તીર્થંકર' હિન્દી સામાયિકના સૌજન્યથી)

૬/બી, ૧લે માળે, કૅનવે હાઉસ, વી. એ. પટેલ માર્ગ, મુંબઈ–૪૦૦ ૦૦૪.
ટે. નં.: ૨૩૮૭૩૬૧૧; મો.: ૯૮૨૦૫૩૦૪૧૫

# સંબંધો

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ (કવિ 'કાન્ત') આજે પણ મારા એક અતિ પ્રિય કવિ છે. અંગ્રેજી ધોરણ પાંચમાથી એમનો છંદ લાગેલો તે હજી છૂટ્યો નથી. એક સમય હતો જ્યારે લગભગ આખો 'પૂર્વાલાપ' મને મોઢે હતો. ખંડ શિખરિણીમાં પ્રથમ વાર લખાયેલું એમનું 'ઉદ્‌ગાર' કાવ્ય આજે પણ બધી જ રીતે અનન્ય છે. કવિવર ન્હાનાલાલ અને સાક્ષરકવિ નરસિંહરાવે એને અનુકરણનું માન આપ્યું છે. શ્રી રામનારાયણ પાઠકે એ કાવ્ય માટે લખ્યું છેઃ 'કોઈ સૌભાગ્યવતી લલનાને હૃદયે લટકતા પારદર્શક હીરા જેવું 'ઉદ્‌ગાર'કાવ્ય છે. એની શરૂઆત આ રીતે થાય છેઃ-

'વસ્યો હૈયે તારેઃ
રહ્યો એ આધારે,
પ્રિયે! તેમાં મારે પ્રણય દુનિયાથી નવ થયો!
નવા સંબંધોનો સમય રસભીનો પણ ગયો!

મારે તો દુન્યવી અનેક સંબંધો થયા છે અને આજેય 'નવા સંબંધો' કાજેનો 'રસભીનો' સમય ઓસરી ગયો નથી! એંશી, બાણુ અને ચોરાણુના એવા ત્રણ સંબંધો છે જેમને હુંકદાપિ મળ્યો નથી અને છતાંયે એકાદ પુસ્તિકા થાય એટલો બધો પત્ર વ્યવહાર અમારી વચ્ચે થયો છે ને હજી ચાલુ છે. સમાન શીલ વ્યસન એના કેન્દ્રમાં હશે પણ સંબંધોના શ્રી ગણેશાય નમઃમાં તો ઋણાનુબંધ! કર્મ અને પુનર્જન્મમાં માનનાર માટે તો એના સ્વીકારમાં વાંધો નહીં આવે. કર્મની ગતિ ય ગહન છે. પુનર્જન્મનું તર્કશાસ્ત્ર (લોજિક) પણ અદ્‌ભુત છે. આ વિચિત્ર વિશ્વમાં શું અશક્ય છે? માનવીના જ્ઞાનની સીમા અતિ સીમિત છે. ધર્મનાં અનેક રહસ્યને ઉકેલવામાં હજી માનવબુદ્ધિ લથડે છે ને કેટલાંક રહસ્યને સમજવામાં પણ વિજ્ઞાન દ્વિધાની સ્થિતિમાં છે.

ભારત વર્ષનું કેવડું મોટું સદ્‌ભાગ્ય હશે કે જ્યારે એમ.એ. (અંગ્રેજી સાથે) થયેલા નરેન્દ્રનો (પછીના સ્વામી વિવેકાનંદ), સ્વામી રામકૃષ્ણ પરમહંસ સાથે પ્રથમ મિલનયોગ સધાયો. ગુરુ–શિષ્યના સમાગમે અધ્યાત્મ–આરોહણમાં ગતિ આવી ને ક્રાન્તિ સર્જાઈ. રામકૃષ્ણની સર્વાંગીણ ગહન અધ્યાત્મ–અનુભૂતિ અને વિવેકાનંદની Dynamic Personality ના યોગે આર્યાવર્ત ધન્ય બની ગયું. ખૂદ ઈતિહાસને પણ ધન્યતાની આવી ઘડી વિરલ! ક્યાં ભારત અને ક્યાં ફ્રાન્સ! અને છતાંયે મહર્ષિ અરવિંદ અને માતાજીનો મિલનયોગ એ યોગ–વિશ્વનો એક વિરલયોગ ગણાય! રાજકારણ ક્ષેત્રે જોઈએ તો, બેરીસ્ટરની ઉપાધિ લઈને ભારત આવેલા શ્રી વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ અમદાવાદની 'ગુજરાત કલબ' ખાતે પત્તાં રમતા હતા અને દૈવયોગે એમનું મિલન મહાત્મા ગાંધીજી સાથે થયું. શરૂમાં તો વલ્લભભાઈને ગાંધીજી પ્રત્યે ખાસ આકર્ષણ થયું નહીં પણ જેમ જેમ એમની નજીક આવ્યા ને એમની રાષ્ટ્રભક્તિની અનેકવિધ વિધેયાત્મક પ્રવૃત્તિઓ જોતા ગયા તેમ તેમ તેમની દિલચસ્પી ને ભક્તિ વધતાં ગયાં ને જતે દિવસે આ બંનેય ગૌરવવંતા ગુજરાતીઓ રાષ્ટ્રપિતા ને સરદાર–સમગ્ર ભારત વર્ષના બની ગયા. ગાંધીજીએ તો ભારતને જ સ્વતંત્ર બનાવ્યું એટલું જ નહીં પણ ભારતની સ્વતંત્રતાને પગલે પગલે અનેક ગુલામ–રાષ્ટ્રોને પણ મુક્તિ ને સ્વતંત્રતાની પ્રેરણા આપી અને સરદાર વલ્લભભાઈએ ભારતના ગૃહપ્રધાનની જવાબદારી ભરી ફરજ અદા કરી, સમર્થ રીતે કર્તવ્યનું પાલન કર્યું એટલું જ નહીં પણ ભારતના લગભગ છસો દેશી રાજ્યોનું વિલીનીકરણ કરી એક ને અખંડ ભારતનું સર્જન કર્યું–એ ઐતિહાસિક સિદ્ધિ ગાંધીજી–સરદારનો મિલનયોગ ન થયો હોત તો? આપણા ગૌરવવંતા ઈતિહાસનું આ સુવર્ણપૃષ્ઠ છે. ગાંધીજી, અરવિંદ અને કવિવર ટાગોર. ગુલામ હિંદની વિસ્મય–વિભૂતિઓ હતી. ટાગોરની 'ગીતાંજલિ'એ ભારતને વિશ્વ-ગૌરવના ફલક પર મૂકી દીધું. એમાં, સને ૧૯૧૨માં કવિ યેટ્‌સે 'ગીતાંજલિ'ની પ્રસ્તાવના લખી એ સંબંધ પણ કૈંક અંશે કારણભૂત. પશ્ચિમના જગતમાં કવિ યેટ્‌સની પ્રસ્તાવનાએ વિધેયાત્મક પ્રતિભાવ પાડ્યો હશે. યુરોપના એક કવિએ, ભારતના બીજા કવિ માટે લખેલુંઃ–

`These lyrics (ગીતાંજલિનાં) displays in their thought a world I have dreamed of all my life.'

આપણા સાહિત્યની વાત કરું તો, પંડિતયુગના આ ચાર દિગ્ગજોને કોણ નથી ઓળખતું? કવિ કાન્ત, કવિવર ન્હાનાલાલ, પ્રો. બ. ક. ઠાકોર અને ભદ્રંભદ્ર'ના લેખક શ્રી રમણભાઈ નીલકંઠ જેમને ગાંધીજીએ ગુજરાતના 'સકલ-પુરુષ' કહેલા. ન્હાનાલાલ, બ. ક. ઠાકોર અને રમણભાઈ નીલકંઠ ત્રણેય 'કાન્ત'ના મિત્રો. જતે દિવસે, કાન્ત ને બ. ક. ઠાકોર અતિ નજીક આવી ગયા પણ ન્હાનાલાલ ને નીલકંઠના 'કાન્ત' સાથેના સંબંધો સ્નિગ્ધ–મધુર રહ્યા.. 'કાન્ત'ના ધર્મ–પરિવર્તનના કટોકટી–કાળે બ. ક. ઠાકોર તટસ્થ રહ્યા, જ્યારે ન્હાનાલાલનો સમભાવ સક્રિય રહ્યો. 'કાન્ત'નાં પત્ની નર્મદાની સુવાવડ ટાણે ન્હાનાલાલનાં માણેકબા લેખે લાગ્યાં; પણ 'કાન્ત'-નીલકંઠના પ્રથમ પરિચયનો પરિચય પ્રો. રા. વિ. પાઠકના શબ્દોમાં કરીએઃ–'એમની નોંધવા જેવી મૈત્રી ('કાન્ત'ની) રા. બ. રમણભાઈ સાથેની પ્રો. બ. ક. ઠાકોર સાથે રાજકોટથી પિછાન ખરું પણ તે **માત્ર પિછાન જ.** રા. બ. રમણભાઈ આ સંબંધમાં લખે છે. 'મણિશંકર સાથે મારો પ્રથમ પરિચય સને ૧૮૮૫માં

થયેલો...સને ૧૮૮૭માં મેં કૉલેજની 'ગુજરાતી એલ્ફિન્સ્ટન સભા' આગળ 'કવિતાની ઉત્પત્તિ અને સ્વરૂપ' એ વિષય ઉપર ભાષણ આપ્યું...ચર્ચગેટ સ્ટેશન ઉપર ટ્રેનની વાટ જોતો હું ઊભો હતો. ત્યાં મણિશંકરે મારા હાથમાં એક ચિઠ્ઠી મૂકી ગયા...તેમાં આ ગીતિ માલમ પડીઃ–

'સાંપ્રત રસમય ઋતુની કદર અરે! જાણતા નથી કોઈ
એ મુજ ખેદ શમે છે જલદરસિક નીલકંઠને જોઈ.'

રમણભાઈના ભાષણને ઉદ્દેશીને આ ગીતિ લખાયેલીઃ 'કાન્ત'નો શ્લેષ ચાલુ રાખીને રમણભાઈએ ઉત્તર લખ્યોઃ–

'રે જાણીને કદર શું કર્યું નીલકંઠે?
પાડ્યાં જ આંસુ ખુશીમાં કરી નાદ ઊંચે!
એ મેઘના જલ થકી મણિ થાય સીપે
જેથી જણાય ગુરુ મેઘની શક્તિ સર્વે.'

ઠાકોર અને ન્હાનાલાલ પહેલાં 'કાન્ત–નીલકંઠ'ની મૈત્રી જામેલી અને રમણભાઈએ 'મારી કીસ્તી', 'અતિજ્ઞાન' એ બે 'કાન્ત'નાં કાવ્યો 'બુદ્ધિપ્રકાશ' અને 'ગુજરાત દર્પણ'માં પ્રગટ કરવા મોકલેલાં એટલું જ નહીં પણ ગુજરાતી ખંડકાવ્યોમાં અદ્યાપિ અનવદ્ય રહેલું. 'વસંત વિજય' ને તો રમણભાઈએ પોતાની ટીકા સાથે પ્રસિદ્ધ કરાવેલુંઃ 'એ પછી આ બંને મિત્રો વચ્ચે આપણી સામાજિક–સ્થિતિની, કાવ્યની ધર્મની રસમય ચર્ચા પત્રો દ્વારા ચાલેલી છે.' આમ, રમણભાઈ નીલકંઠ અને 'કાન્ત'ની મૈત્રીએ એમના પ્રથમ મિલન–યોગે ગુજરાતી સાહિત્યને ઠીક ઠીક સમૃદ્ધ કર્યું છે. 'ભદ્રંભદ્ર'ની લોકપ્રિયતામાં રમણભાઈની અન્ય સાહિત્યિક સેવાઓ ભૂલાઈ નથી ગઈ તો ગૌણ રીતે સ્વીકારાઈ છે! એ દુઃખની વાત છે.

અહીં મારે ઉમાશંકર–સુંદરમ્‌ના મિલનયોગની વાત કરવી છે પણ વચ્ચે ઉમાશંકર પન્નાલાલ પટેલના સંબંધનો ઉલ્લેખ કરી લઉં. બંનેય સાબરકાંઠાના નાના ગામડાના રહેવાસી પણ ભણે ઈડરની સ્કૂલમાં સાથે. મિત્રોય ખરા. ઉમાશંકરે–સાહિત્યના વિશ્વમાં આગળ વધેલા ઉમાશંકરે-પન્નાલાલને પ્રેરણા આપી હશે, શરૂઆતમાં કૈંક સુધારી–મઠારીય આપ્યું હશે પણ 'માનવીની ભવાઈ'માં દૈવત તો ધરતીનું ધાવણ  ધાવેલા, એને યથાર્થ રીતે પચાવેલા સર્જક પન્નાલાલનું જ.

શ્રી ઉમાશંકર પ્રથમ 'સુંદરમ્' ને મળ્યા વિદ્યાપીઠમાં. 'સુંદરમ્' સુથારીકામ કરી રહ્યા હતા–લાકડાંને રંદો મારી રહ્યા હશે. ઔપચારિક વાતો પછી છૂટા પડતાં સુંદરમ્ ઉમાશંકરને એક પત્રમાં પ્રગટ થયેલી કવિતા આપી. કવિતાનું શીર્ષક હતુંઃ 'ચંડોળને'. શીર્ષકની નીચે લખેલું (પૃથ્વી). ઘરે જતાં જતાં ઉમાશંકર વિચારેઃ આ ચંડોળ પંખી 'પૃથ્વી'–ઉપરથી આકાશમાં ઊડ્યું હશે એટલે 'પૃથ્વી' લખ્યું હશે? સુંદરમ્ પૃથ્વી–છંદમાં આ કાવ્ય લખ્યું ત્યાં સુધી ઉમાશંકરને, 'પૃથ્વી' એ એક છંદનું નામ છે તેની જાણ નહીં! અને પછી તો આ બંનેય મિત્રોએ ગુજરાતી સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં જે ખેડાણ કર્યું છે, જે નક્કર પ્રદાન કર્યું છે તેથી આપણે સૌ પરિચિત છી. પંડિત યુગમાંથી પ્રેરણા લઈને ગાંધીયુગમાં પૂર બહારમાં મ્હોરેલા આ બે કવિ–મિત્રોનો સંબંધ એ પણ મૈત્રી–જગતનો એક આદર્શ નમૂનો છે.

શ્રી રમણભાઈ નીલકંઠ પછી 'કાન્ત'ની મૈત્રીના ક્રમમાં બીજે નંબરે આવતા. શ્રી બ ક. ઠાકોરને પણ શરૂમાં છંદનું ઝાઝું જ્ઞાન નહીં. વિચારો ઝાઝા આવે પણ લલિત કોમલકાન્ત પદાવલિ'નાં ફાંફાં! ઠાકોર કહે છે તેમ, વિચાર સિવાયનું, કાવ્યને ઉપયોગી, ઉપકારક ઘણુંબધું, 'કાન્ત'ની મૈત્રીથી પામ્યો.

બેરિસ્ટર થવા માટે ઈંગ્લેન્ડ ગયેલા યુવાન એમ. કે. ગાંધીને જીવન અને ધર્મ–વિષયક અનેક ગૂંચો થયેલી ત્યાંના ખ્રિસ્તીઓ એમને ધર્મ–પરિવર્તન કાજે સમજાવતા હતા પણ ખ્રિસ્તીધર્મની તુલનામાં એમને હિંદુ ધર્મ વધુ ઉપકારક લાગતો હતો પણ દ્વિધામુક્ત પ્રતીતિ થતી નહોતી ત્યારે 'આત્મકથા'–'સત્યના પ્રયોગો'વાળા શ્રી રાયચંદભાઈ–શ્રીમદ્ રાજચંદ્ર એમના જીવન–નૈયાના ખેવૈયા બની રહ્યા. આ સંબંધ–યોગ પણ વિરલ ને ઐતિહાસિક ગણી શકાય.

મને નવાઈ એ વાતની છે કે એક જ દેશ–કાળમાં જીવી ગયેલા, લગભગ ચાર–ચાર દાયકા સુધી વિહાર કરીને લગભગ એક જ પ્રકારના–અહિંસા, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, સત્ય, કરુણા, મુદિતા, તૃષ્ણાત્યાગ વગેરે ગુણોનો ઉપદેશ આપનાર ને દેહમુક્તિ પછી જૈનધર્મ અને બૌદ્ધધર્મના આદ્ય એવા મહાવીર–બુદ્ધ ક્યારેય મળી શક્યા નહીં. આ બે વિભૂતિઓ મળી હોત તો? ધર્મ–અધ્યાત્મ, રાજકારણ, સાહિત્ય અને જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં થતા આવા વિરલ સંબંધો માનવ–જાતિનું સદ્ભાગ્ય ગણાય. મામકાઃવાળા મહાભારતના કુટુંબ–કલેશના સંબંધો અને એકબીજા માટે ઘસાઈ છૂટવાના રામાયણના આદર્શ કુટુંબપ્રેમના સંબંધો પણ અહીં સ્મરણમાં રાખવા જેવા છે.

ધૃતરાષ્ટ્રને ત્યાં જન્મ લેવો કે રાજા દશરથને ત્યાં, એ જેમ આપણા હાથની વાત નથી તેમજ કોની સાથે સંબંધ બાંધવોને કોની સાથે ન બાંધવો તે પણ આપણા હાથમાં નથી. સંબંધો બાંધ્યા બંધાતા નથી, એ તો આપોઆપ બંધાઈ જ જાય છે. 'કાન્ત'ની કવિતાઈ ભાષામાં કહીએ તોઃ–

'નથી તારું એ કૈં સકળ રચના છે કુદરતી,
નિસર્ગે બંધાતી, ત્રુટિત પણ મેળે થઈ જતી.'

આપણે રાજમાર્ગ પરથી પસાર થઈએ છીએ. કેટલાયે ચહેરા આપણી આંખ આગળથી પસાર થાય છે. કેટલાક માટે કુદરતી ભાવ જાગે છે, કેટલાક માટે તટસ્થવૃત્તિ દાખવીએ છીએ, જ્યારે કેટલાકે

આપણું કશું જ અનિષ્ટ કર્યું હોતું નથી, આપણો બાપ માર્યો હોતો નથી તો પણ, દૈવ જાણે શાથી એમના મુખ–કમલ–દર્શને આપણને સહજ ભાવે અભાવની લાગણી જન્મે છે. આવું કેમ થાય છે? દરેક જીવમાં એક જ આત્મા, પરમાત્માનો નિવાસ હોય છે, આત્મવત્ સર્વભૂતેષુ–આ સત્ય સમજવા છતાંયે આવા ભાવ-અભાવની લાગણી શાને કારણે થાય છે? આપણા અજ્ઞાનને કારણે? કોઈ પૂર્વગ્રહને કારણે? કવિ-નાટ્યકાર ભવભૂતિએ તો, હજ્જારો માઈલ દૂર હોવા છતાં પણ ચંદ્રકિરણ સ્પર્શે કુમુદ અને સૂર્યકિરણ–સ્પર્શે કમલ ખીલે છે એવાં બે પ્રતીતિજનક કાવ્યાત્મક દૃષ્ટાંતો આપી, અર્થાન્તરન્યાસી સત્ય કહી દીધુંઃ પ્રથમ દૃષ્ટિએ પ્રેમ (લવ એટ ફર્સ્ટ સાઈટ)માં પણ આજ સત્ય!

ભાવ-અભાવના આવા પ્રત્યાઘાત માનવ–પ્રકૃતિને માટે સાવ સ્વાભાવિક છે. એ વિકૃત ન બને તે ખાસ જોવાનું...ને એ પ્રાકૃતિકને સંસ્કરવાની સંસ્કારી જનની પ્રાથમિક ફરજ છે. પ્રકૃતિ, જ્ઞાન, પૂર્વગ્રહ, પરંપરાગત ગ્રંથિઓ ભૂર્ત કાલીન કટુ અનુભવ, એકાંગી વિચારણા, સમભાવનો સદંતર અભાવ–ભાવ-અભાવ માટેનાં આવાં અને અન્ય કારણો ગમે તે હો પણ કવિવર રવીન્દ્રનાથના આ વિધાનમાં આપણને આપણી પ્રકૃતિની ગૂંચો ને ઘાંચોનું વિશ્લેષણ ને કૈંક અંશે સમાધાન પણ સાંપડે છે. રવીન્દ્રનાથ કહે છેઃ-'આપણા રાગ અને દ્વેષ, સુખ અને દુઃખ, ભય અને વિસ્મય જગત ઉપર ક્રીડા કરે છે, અને એ ક્રીડા મારફતે જ જગતને આપણા વ્યક્તિ-સ્વરૂપનું અંગીભૂત બનાવી દે છે. એ આત્મીકૃત જગતનાં હ્રાસવૃદ્ધિ અને સઘળાં પરિવર્તન આપણા વ્યક્તિ સ્વરૂપની સાથે તાલ મિલાવીને ચાલે છે. જગતને આપણે જેટલે અંશે પોતાનું કરી લઈ શકીએ તેટલે જ અંશે ગુણમાં અને પરિમાણમાં આપણે નાના કે મોટા થઈએ છીએ. આ જગત જો આપણાથી વિચ્છિન્ન થઈ જાય તો આપણા વ્યક્તિ–સ્વરૂપનું કોઈ ઉપાદાન જ બાકી ન રહે.' એટલે જ આપણે ગાવું ઘટેઃ 'નવા સંબંધોનો સમય રસભીનો ગ્રહી લીધો!

✷✷✷

રસિકભાઈ રણજિતભાઈ પટેલ,
C/12, નવદીપ એપાર્ટમેન્ટ, સારથિ બંગલોની સામે, A-1, સ્કૂલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨. મોબાઈલ : ૯૮૯૮૧૬૯૦૬૯.

# જયભિખ્ખુ જીવનધારા : ૧૫

☐ ડૉ. કુમારપાળ દેસાઈ

*[નવલકથા, નવલિકા, ચરિત્ર અને બાળસાહિત્યના ક્ષેત્રમાં ખેડાણ કરનાર સાહિત્યકાર શ્રી જયભિખ્ખુની જીવનધારામાં આવતા અનેક વળાંકોનો આપણે પરિચય મેળવ્યો. બાળપણના પ્રસંગો કઈ રીતે સર્જકના ચિત્ત પર અંકિત થતા હોય છે અને એમાંથી કેવા પ્રકારનું સર્જન પ્રગટ થાય છે એનો પણ આલેખ મેળવ્યો. આવા સર્જકના બાળપણની એક ઘટના જોઈએ જયભિખ્ખુના ચરિત્રને આલેખતા આ પંદમા પ્રકરણમાં.]*

## છે પણ અને નથી પણ!

આજથી શતાબ્દી પૂર્વેનો ગુજરાતનો સમાજ કેટલીય માન્યતાઓ, ધારણાઓ અને વહેમોથી બંધાયેલો હતો. એ સમાજને જેમ બહારવટિયાઓની પરાક્રમગાથા રસભેર કહેવી પસંદ કરતો હતો એ જ રીતે એના વાતાવરણમાં ભૂતપ્રેત અને મંત્રતંત્રની વાતો સતત ગુંજતી હતી.

ઉત્તર ગુજરાતના વરસોડા ગામમાં આવી ભૂતપ્રેતની કેટલીય વાતો પ્રચલિત હતી. ગામનાં અમુક સ્થળોને ભૂતપ્રેતના નિવાસ તરીકે વર્ણવવામાં આવતાં અને અંધારું થયા પછી ત્યાં જવામાં લોકોને જોખમ લાગતું હતું. ઘેઘૂર પીપળો, આંબલી કે અવાવરું મકાનો એ ભૂતપ્રેતના આશ્રયસ્થાનો મનાતા અને સ્મશાન એ ભૂતપ્રેતનું સ્થાયી સરનામું મનાતું.

એમાં પણ વરસોડાની સાબરમતી નદીકિનારે આવેલા ઊંડા વાંઘા અને કોતરોની પશ્ચાદ્‌ભૂમિ આ રોમહર્ષક ભૂતકથામાં ઓર રંગ ઉમેરતી હતી. કોઈ કહેતું કે એમને કોતરમાં ભૂતનો મેળાપ થયો હતો, તો કોઈ કહેતું કે એ કોતરમાંથી પસાર થતી કોઈ વ્યક્તિને અમુક કારણે ભૂત વળગ્યું હતું.

બાળપણમાં ભીખાને ('જયભિખ્ખુ'નું હુલામણું નામ) પણ આવી કેટલીય વાતો સાંભળવા મળી. કેટલીક વાતો સાંભળીને હસી કાઢતા, તો કેટલાકથી ભય પણ પામતા. ચોમેર જ્યાં અને ત્યાં ભૂત દેખાયાની, મળ્યાની કે એનો અનુભવ થયાની વાતો જ સંભળાયા કરતી હોય, ત્યાં કોરી પાટી જેવું બાળમન એનાથી અસ્પૃશ્ય કઈ રીતે રહી શકે ? પરંતુ આવે સમયે ભીખાને એના ઘરમાં કામ કરતા વાણોતર (ગુમાસ્તા) ભૂતાભાઈનો સાથ મળ્યો અને એને પરિણામે આ ભૂતાભાઈએ આવી અને બીજી ઘણી રસપ્રદ બાબતો સામે એમનો રક્ષણાત્મક કિલ્લો બની ગયા.

વાત એવી હતી કે ગામ આખું ભૂતથી ડરતું હતું, ત્યારે ભૂતાભાઈએ ભૂતને વશ કરીને એની પાસે પોતાના કેટલાય કામો કરાવ્યાં હતાં, એવી કથા ઠેર ઠેર પ્રચલિત હતી. એમનું મૂળ નામ ભૂલાભાઈ હતું, પણ 'પ્રચંડ' ભૂતસાધનાને કારણે એ ભૂતાભાઈ તરીકે ગામમાં જાણીતા થયા.

બાળક ભીખાલાલને ભૂતાભાઈએ કરેલી ભૂતસાધનાની રસભરી વાત જાણવા મળી. ભૂતાભાઈ શરીરે અલમસ્ત હતા, પણ માતા-પિતા, ઘરબાર અને સગાં-સ્વજન વિહોણા હોવાથી સાવ નફકરું જીવન ગાળતા હતા. ભોજન મળ્યું તોય ઠીક અને ન મળ્યું તોય ઠીક, કોઈએ આદરમાન આપ્યાં તોય ઠીક અને ન આપ્યાં તોય ઠીક!

આ ભૂતો ભાવસાર હતો. કપડાં રંગવાનો એનો ધંધો હતો. આખી રાત આ કામ કરે અને પછી આખો દિવસ ઊંઘ્યા કરે. ભૂતો કામમાં પાવરધો એટલે ગમે તેટલાં કપડાં આપો, પણ સવાર થતાં તો કામ પૂરું કરી દેતો. કપડાં પર રંગ ચડાવવાની એની આવડત પણ અનોખી હતી. એની ઝડપ અને સ્ફૂર્તિને જોઈને લોકો જ માનતા હતા કે ભૂતાએ જરૂર ભૂત સાધ્યું છે અને એની પાસે જ એ આ સઘળું કામ કરાવે છે!

ભૂતાની આ ભૂતસાધના વિશે આખાય ગામમાં એક રસભરી કથા ચાલે. વળી આ કથા કહેનારા પણ એવા કે એમાં ગાંઠનું ઉમેરણ કરીને એને વધુ રસિક બનાવે. તેઓ કહે,

'એક વાર શિયાળાની કડકડતી રાત્રે ભૂતો ગામના તળાવની પાળ પર કપડાં ધોતો હતો. સમી સાંજથી કપડાં પર રંગ કરવાનું કામ શરૂ કરનારા ભૂતાના બીજા સાથીઓ તો કામ વહેલું આટોપીને ઘેર પાછા ફરી ગયા, ત્યારે ભૂતાને તો હજી કપડાંનો એક ગાંસડો રંગવાનો બાકી હતો.

'કાળી અંધારી ઘનઘોર રાત હતી. મસાણમાં મડદાં હોંકારા કરે અને ચૂડેલ રાસડા લે એવું ભેંકાર અંધારું હતું. આવા સમયે સ્મશાનમાં કોઈની ચેહ સળગતા જોઈને કારમી ઠંડીશી ઠૂંઠવાઈ રહેલા ભૂતાએ વિચાર કર્યો કે લાવ, જરા હાથપગનાં તળિયાં શેકી આવું, તો દેહમાં થોડો ગરમાવો આવે. અંધારી રાત્રે એ સ્મશાનમાં ગયો. એનું કલેજું ભયનો સહેજે થડકો અનભવતું નહોતું. એ તો કહેતો કે અરે! જીવતા દેહને મેલા દેહ શું કરવાના હતા?

ફક્કડરામ જેવો ભૂતો સ્મશાનમાં જઈને હાથપગ શેકી આવ્યો. પણ કહે છે કે અગ્નિથી એની ટાઢ વળી અને શરીરમાં ગરમાવો આવતાં આંખમાં ઊંઘ ઘેરાવા લાગી. ફક્કડ ગિરધારી ભૂતાભાઈને ક્યાં કશી ફિકર હતી! એમને થયું કે લાવ, જરા આંખ મીંચી થોડી ઊંઘ લઈ લઉં. પાછલી રાત્રે બધું કામ ધડુસી(ધડસ ધડસ મારવું-ધોકાવવું)ને પૂરું કરી નાંખીશ, આથી તળાવના કાંઠે ઊંઘ માણવાનો વિચાર થયો. પરંતુ થયું કે કિનારા પર તો વીંછી, ઘો કે સાપ આવે એટલે એને બદલે કોઈ ઝાડ પર સૂઈ જાઉં. ભૂતાના શરીરમાં થાક હતો અને આંખો ઊંઘથી ઘેરાતી હતી. જોરથી બગાસું ખાધું અને હાથ ઊંચા કરીને આળસ ભાંગી અને તળાવની પાળ પરની આંબલીની લાંબી ડાળોને બાંધીને એના પારણામાં ભૂતો નિરાંતે સૂતો.

એને લાગ્યું કે જાણે માએ એને પારણામાં સુવાડ્યો હોય. રાતપરી હાલરડાં ગાવા લાગી હોય અને નીંદપરી આજુબાજુ નૃત્ય કરી રહી હોય. આવી નિરવ અને ભેંકાર રાત્રીમાં ભૂતાને એકાએક કોઈના રુદનનો અવાજ સંભળાયો. એ સફાળો જાગી ગયો ને ચોતરફ નજર ફેરવી, પણ કોઈ દેખાયું નહીં. આથી પુનઃ ઊંઘવાનો વિચાર કર્યો, ત્યાં વળી કરુણ અને ડૂસકાભર્યાં રુદનનો અવાજ કાને પડ્યો. ચમકીને નીચે જોયું તો એક પડછંદ આદમી સફેદ બગલા જેવા શ્વેત વસ્ત્ર પહેરીને નીચે બેઠો બેઠો રોતો હતો.

ભૂતાએ વિચાર્યું કે 'નક્કી, આ ભૂત જ હોવું જોઈએ.' એ દાતણ કાપવા કે ડુંગળી સમારવા માટે પોતાની પાસે છરી રાખતો હતો. કમરમાં ખોસેલી એ ધારદાર છરી કાઢીને એણે ભૂતની ચોટલી કાપી લીધી. કાપીને પોતાનો સાથળ ચીરીને એમાં સંતાડી દીધી. ઉપર હાથ ફેરવ્યો તો સાથળ જેવો હતો તેવો જ બની ગયો.

એકાએક આવી અણધારી ઘટના બનતાં આંબલી નીચે બેઠેલું ભૂત ચમક્યું. પરંતુ એ કંઈ કરે, તે પહેલાં તો ભૂતાભાઈએ સિફ્તથી એની ચોટલી કાપીને કામ પતાવી દીધું. ભૂતને લાગ્યું કે આજે નક્કી કોઈ મારો ભાઈ જ ભેટ્યો છે આથી એને હું નકામા ચાળા કરીને છેતરી શકીશ નહીં, તેથી એ બિચારું હાથ જોડીને કરગરવા માંડ્યું.

'હે ભૂતાભાઈ, કહો તે કામ કરું! પહાડ ખોદીને મેદાન કરું. કહો તો મેદાન પર પહાડ ઊભો કરી દઉં, પણ મારી ચોટલી મને મહેરબાની કરીને પાછી આપો. અમારું સઘળું જોર એમાં હોય છે.'

ભૂતાભાઈએ વિચાર્યું કે ઠીક હાથમાં આવ્યો છે. હવે એને જવા દેવો નથી. એણે કહ્યું, 'ભાઈ! મારે કોઈ સાથી નથી કે સંગાથી નથી. સાવ એકલો છું. તું મારી સાથે રહીશ તો મને ઘણું સારું લાગશે, પણ પહેલાં આ બધાં કપડાં ધોઈ નાંખ. હું જરા આડો પડું છું.'

બિચારા ભૂતને ભૂતાભાઈનો આદેશ માથે ચડાવ્યા વિના આરો-ઓવારો નહતો. એ કપડાં ધોવાં અને એના પર રંગ ચડાવવા લાગ્યું. ભૂતાભાઈએ નિરાંતે આંબલી પર ચડીને ઊંઘ માણી લીધી. પરોઢ થતાં થતાં તો કામ પૂરું થઈ ગયું. ભૂતે કહ્યું, 'ભૂતાભાઈ, મારું કામ પૂરું થયું. હવે મને મારી ચોટલી આપીને રજા આપો.'

'ના રે ના, આ કપડાંનો આટલો મોટો ગાંસડો ઘેર કોણ લઈ જશે? ચાલ, પહેલાં મારા ઘેર મૂકી અને પછી તું સુખેથી જજે.'

જ્યાં સુધી ભૂતાભાઈ પાસે એની ચોટલી હતી, ત્યાં સુધી ભૂત લાચાર અને પરવશ હતું. ભૂતાભાઈને તો ભૂત મળતાં સુખના સોનેરી દિવસો ઊગ્યા. રોજ તળાવ પર જાય અને આંબલીએ ચડીને પોઢી જાય. આખી રાત ભૂત રડ્યા કરે અને કપડાં ધોયાં કરે. આ કામના બદલામાં ભૂતાભાઈ રોજ એને એક વાર્તા કહે. એ વખતે ભૂત હોંશભેર હોંકારો દેતું જાય અને કપડાં ધોવાનું કામ કરતું જાય. ભૂત પણ કહે, 'અરે! હું પણ એક વખત પૂરો સંસારી હતો.

મનેય સંસારના સુખદુઃખની વાતો સાંભળવામાં ઘણો રસ પડે છે.' અને આમ ખૂબ રસપૂર્વક બધી વાતો સાંભળતું હતું.

આવું કેટલાય મહિનાઓ સુધી ચાલ્યું. એવામાં ભૂતાભાઈને એકાંતરિયો (દર ત્રીજે દિવસે આવતો) તાવ લાગુ પડ્યો અને સાવ દુબળા થઈ ગયા. હવે એમણે તળાવ પર કપડાં લઈ જવાનું પણ માંડી વાળ્યું. ભૂતને ઘેર બેઠા બોલાવે, ભૂત એમની પાસેથી કપડાં, સાબુ, રંગ બધું લઈ જાય. આખી રાત કપડાં ધુએ અને સવારે બધું પાછું સોંપી જાય.

એક વાર બીમાર ભૂતાભાઈએ વિચાર્યું કે આ શરીરમાં ભૂતની ચોટલી છે. માટે જ વારંવાર તાવ આવે છે અને શરીર નંખાતું જાય છે. આથી ચોટલી કાઢીને રંગની કોઠીમાં મૂકી. તેઓ હંમેશાં જાતે ઊઠીને જ ભૂતને રંગ આપતા હતા, તેથી ચોટલીની કોઈ ચિંતા નહોતી. પરંતુ બન્યું એવું કે એક વાર ભૂતાભાઈને ખૂબ તાવ ચડી ગયો. એ તાવના ઘેનમાં હતા અને ભૂત રંગ માગવા આવ્યું. અત્યાર સુધી આદેશ કરવા ટેવાઈ ગયેલા ભૂતાભાઈએ કહ્યું, 'લઈ લે પેલી કોઠીમાંથી.'

ભૂત રંગ લેવા ગયું. પણ થોડી વારમાં તો એ રંગ લીધા વિના નાચતું-કૂદતું પાછું આવ્યું અને કહેવા લાગ્યુંઃ 'ભૂતાભાઈ, રામરામ! હું જાઉં છું!'

બીમાર ભૂતાભાઈને પોતાની ભૂલનો ખ્યાલ આવી ગયો એટલે એમણે ભૂતને કહ્યું, 'અરે ભલા આદમી, તારે જવું હોય તો સુખેથી જા. તને ઘણા દિવસ મેં રોકી રાખ્યો છે, પણ તારી યાદગીરી રૂપે તો કંઈ આપતો જા.'

'મારી યાદગીરી? લો, હું તમને એકાંતરિયો તાવ ઉતારવાનો મંત્ર આપું છું. કોઈને પણ તાવ આવશે તો તમે આ તાવ-ઉતાર મંત્ર દ્વારા એને સાજો કરી શકશો.'

કહે છે કે ભૂતાભાઈને મંત્ર આપીને ભૂત વિદાય પામ્યું. એ મંત્રથી પહેલાં એમનો પોતાનો એકાંતરિયો તાવ દૂર થયો અને પછી તો ગામ આખામાં કોઈને પણ એકાંતરિયો તાવ આવે એટલે ભૂતાભાઈ પાસે હાજર થઈ જાય.

બન્યું એવું કે જયભિખ્ખુના પિતા વીરચંદભાઈ પાંચેક વર્ષના હતા ત્યારે એમને આવો એકાંતરિયો તાવ આવ્યો હતો. આ વીરચંદભાઈનો જન્મ વિ. સં. ૧૯૯૯ની ચૈત્ર સુદ બીજને દિવસે થયો હતો. ઘણા દિવસ સુધી આવો તાવ આવતાં વીરચંદભાઈના દાદીમા એમને ભૂતાભાઈ પાસે લઈ ગયા અને ભૂતાભાઈએ મંત્ર ભણીને એ જક્કી તાવને હઠાવ્યો. આનાથી દાદીમા ખુશ ખુશ થઈ ગયાં, પરંતુ ફક્કડરામ ભૂતાભાઈનો લઘરવઘર વેશ જોઈને કહયું,

'અરે ભૂતાભાઈ, તમે સહુનું દુઃખ હરો છો, પણ તમારું દળદર કેમ કોઈ હરતું નથી?'

ભૂતા ભાવસારે પોતાની વેદના કહીઃ 'શું કહું મા! હવે તો વિલાયતી કાપડ તરેહ તરેહનું રંગાઈને આવે છે. શું ભપકો અને શી ભાત! આથી તો અમારો ભાવસારોનો રંગકામનો ધંધો સાવ પડી ભાંગ્યો છે. પૂરતી રોજી પણ મળતી નથી.'

'મારે ત્યાં વાણોતર રહેશો?'

ભૂતાએ હરખાઈને કહ્યું, 'હા માજી, મારું તે એવું નસીબ ક્યાંથી કે વાણિયા-બામણ સાથે રહીને આ મનખા દેહને સાર્થક કરું. બાકી. આ કપડાં રંગવાનો ધંધો એ તો ભૂતના જેવો ધંધો.'

અને ભૂતાભાઈ વાણોતર બની રહ્યા. એ છોકરાંઓ રાખવાનું કામ કરે, એમણે જયભિખ્ખુના પિતા વીરચંદભાઈને પોતાના હાથે હિંચોળ્યા હતા. સવારે બજારમાં જઈને શાક લઈ આવે. ઘરના બધા પરચૂરણ કામ કરે. મહેમાનનું ધ્યાન રાખે. એમની ઉંમર વધતી ગઈ. ભૂતાભાઈમાંથી ભૂતાભાભા બન્યા, પણ જીવ તો એવો ને એવો જ યુવાન.

ક્યારેક ભીખાલાલ તોફાન કરે કે કોઈ વાંક-ગુનો થયો હોય, ત્યારે ભૂતાભાઈની સોડમાં ભરાઈ જાય. પિતા વીરચંદભાઈ દીકરાને ધમકાવવા આવે તો એમના બાલ્યકાળનો આખોય ભૂતકાળ ઉખેળીને કહે,

'છોકરા માતર (માત્ર) આવા જ. તું ક્યાં આનાથી સારો હતો? આ ઉંમરે તોફાન નહીં કરે તો મારા જેમ ઘરડાં થઈને કરશે?'

વીરચંદભાઈ ભૂતાભાભાને આદર આપતા, આથી પોતાનો રોષ અંદર સમાવી દેતા. પરંતુ જતાં જતાં કહેતા, 'ભૂતાભાઈ, છોકરાને તમે બગાડશો.'

આવા ભૂતાભાભા બાળક ભીખાલાલના ખાસ મિત્ર હતા. એમાંય એમની પાસેથી ભૂતપ્રેતની વાતો સાંભળવામાં ખૂબ આનંદ આવતો.

બાળક ભીખાલાલ ક્યારેક વિચારે પણ ચડી જાય. 'ભૂત છે કે નહીં?' આ મહાભારત પ્રશ્ન એને મૂંઝવતો હતો. નિશાળના શિક્ષક તો ચોક્કસપણે કહે છે કે ભૂત–બૂત એવું કશું નથી. એ તો મંછા ભૂત ને શંકા ડાકણ જેવું છે. ભયમાંથી જાગ્યું છે. એને કારણે મન આવા ડરપોક વિચારો કરે છે.

જ્યારે ગામના લોકો તો ભૂતની કેટલીય રસભરી અનુભવ-કથાઓ કહેતા. એમાં કોઈના દુઃખની વાત હોય તો કોઈની અવગતિની કથા હોય. ગામલોકો ભીખાને કહેતા કે ભૂત છે એ સાવ સાચી વાત છે. અમે નજરોનજર એને દીઠું છે.

ભીખાને થતું ભૂતની ચોટલીથી ભૂતને વશમાં રાખનાર ભૂતાભાભા શું કહે છે? એમને પૂછે ત્યારે ભૂતાભાભા કહેતાઃ

'છે પણ અને નથી પણ.' **(ક્રમશઃ)**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭. ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૬૭૫
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય દ્વારા આયોજિત
# ૨૦ મો જૈન સાહિત્ય સમારોહ

રુપ માણક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટ–મુંબઈના સૌજન્ય નિમંત્રણથી જાન્યુઆરી ૨૯, ૩૦, ૩૧ના રતલામ ખાતે ૨૦ મા જૈન સાહિત્ય સમારોહનું આયોજન થયું.આ સમારોહનો વિષય હતો 'જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથ.'

સમારોહનું ઉદ્‌ઘાટન પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ કર્યું અને વીરચંદ ગાંધીના સાહિત્ય વિશે મનનીય પ્રવચન આપ્યું તેમજ વિશેષ અતિથિપદેથી જૈન સાહિત્યના પ્રકાંડ પંડિત ડૉ. સાગરમલ જૈને પ્રાચીન જૈન સાહિત્ય વિશે પોતાનું દીર્ઘ વક્તવ્ય પ્રસ્તુત કર્યું.

સમારોહની વિવિધ બેઠકોમાં જૈન સાહિત્યના ગહન અભ્યાસી વિદ્વદ્ મહાનુભાવો ડૉ. જિતેન્દ્ર બી. શાહ, ડૉ. કલાબેન શાહ, ડૉ. જયકુમાર જલજજી અને ડૉ. બાલાજી ગણોટકર બિરાજ્યા અને સંચાલનની જવાબદારી ડૉ. અભય દોશી, પ્રો. માલતી બહેન શાહ, ડૉ. શેખરચંદ્રજી જૈન અને ડૉ. કોકિલા શાહે સ્વીકારી.

સમગ્ર સમારોહનું આયોજન ડૉ. ધનવંત શાહે કર્યું. આ સમારોહમાં રતલામના સ્થાનિક વિદ્વાનો અને અગ્રગણ્ય મહાનુભાવોએ ઉપસ્થિત રહી સમારોહમાં પોતાના વક્તવ્ય પ્રસ્તુત કરી રતલામની ધરતી ઉપરની આ ઘટનાને સદ્‌ભાગી અને ઐતિહાસિક ગણાવી તેમજ જૈન ધર્મના ચારે ફિરકાના ૧૭૫ જૈન–અજૈન વિદ્વાનો એક જ છત્ર હેઠળ એકત્ર થઈ જૈન સાહિત્યની જ્ઞાનચર્ચા કરે એ પ્રસંગને અદ્વિતિય ગણાવ્યો.

રુપ–માણક ભંશાલી તરફથી સર્વ સ્થાનિક વ્યવસ્થા શ્રી મુકેશ જૈન અનેએમના સાથીઓએ સંભાળી અને વિદ્વાનોને ઉત્તમ આતિથ્ય પીરસી યજમાનપદ શોભાવ્યું.

આ સમારોહમાં જૈન સાહિત્યના ગૌરવભર્યા ૧૦૭ ગ્રંથો વિશેના પોતાના શોધનિબંધો અભ્યાસી વિદ્વદ્‌જનોએ પ્રસ્તુત કર્યા જેની વિગત નીચે મુજબ છે. આ સર્વ મહાનુભાવો ડૉક્ટરેટની ઉપાધિ પ્રાપ્ત તેમજ સાહિત્ય સંશોધક છે.

| ક્રમ | નામ | સ્થાન | વય | ગ્રંથનું નામ |
|---|---|---|---|---|
| ૧ | અભયભાઈ દોશી | મુંબઈ | ૫૦ | લલિતવિસ્તરા |
| ૨ | અજિતસિંહ આઈ. ઠાકોર | આણંદ | ૫૬ | કાવ્ય કલ્પલતા – શ્રી અરિસિંહ રચિત |
| ૩ | અનેકાંતકુમાર જૈન | ન્યૂ દિલ્હી | ૩૧ | પંચાસ્તિકાય |
| ૪ | અર્ચનાબેન કે. પારેખ | અમદાવાદ | ૨૭ | સમરાદિત્ય કેવલી ચરિત્ર |
| ૫ | અરુણ પ્રતાપ સિંહ | યુ.પી. | ૫૩ | મૂલાચાર – એક અધ્યયન |
| ૬ | અરવિંદ સ્વરૂપચંદ સંઘવી | રાધનપુર | ૫૦ | ધર્મરત્ન પ્રકરણ |
| ૭ | બાબુભાઈ એમ. શાહ | સુરત | ૬૫ | અષ્ટાન્હિકા વ્યાખ્યાન |
| ૮ | ભાનુબેન શાહ | મુંબઈ | ૫૧ | કવિ ઋષભદાસ |
| ૯ | ભરતકુમાર એમ. ગાંધી | રાજકોટ | ૪૮ | જ્ઞાતા ધર્મ કથા સૂત્ર |
| ૧૦ | ભાવેશભાઈ આર. દોશી | અમદાવાદ | ૪૦ | વિતરાગ સ્તોત્ર – હેમચંદ્રાચાર્ય કૃત |
| ૧૧ | ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી | પાટણ | ૫૫ | દ્રવ્યાશ્રય મહાકાવ્ય |
| ૧૨ | ચેતનભાઈ સી. શાહ | ભાવનગર | ૪૮ | વસ્તુપાલ ચરિત્ર |
| ૧૩ | છાયાબેન શાહ | અમદાવાદ | ૬૨ | પરમ તેજ – ભૂવનભાનુ સૂરીશ્વરજી મ.સા. |
| ૧૪ | ધનવંતભાઈ ટી. શાહ | મુંબઈ | ૬૯ | નાટ્ય દર્પણ |
| ૧૫ | ધનવંતીબેન એન. મોદી | મુંબઈ | ૭૪ | ગૌતમ પૃછા |
| ૧૬ | ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા | સુરત | ૭૬ | વિશેપાવશ્યક ભાષ્ય |
| ૧૭ | ધીરેન્દ્રભાઈ આર. મહેતા | ભાવનગર | ૪૪ | કર્મગ્રંથ ૧–૬ |
| ૧૮ | દીનાનાથ શર્મા | અમદાવાદ | ૪૮ | ધૂર્તાખ્યાન |
| ૧૯ | દિનેશભાઈ વી. જાની | વડોદરા | ૬૪ | પ્રબંધ કોશ |
| ૨૦ | દિનેશચંદ્ર કે. મહેતા | અમદાવાદ | ૪૯ | ભાષ્યત્રયમ્ |
| ૨૧ | દીક્ષા એચ. સાવલા | આણંદ | ૨૬ | કવિ શિક્ષા (વિજયચંદ્ર સૂરિ કૃત) |
| ૨૨ | ફાલ્ગુનીબેન પી. ઝવેરી | મુંબઈ | ૩૯ | દ્વાત્રિંશત્દ્વાત્રિંશિકા – ઉપાધ્યાય યશોવિજયજી કૃત |
| ૨૩ | ફૂલચંદ્ર જૈન | વારાણસી | ૫૯ | ન્યાયકુમુદચંદ્ર |

| ક્રમ | નામ | સ્થાન | વય | ગ્રંથનું નામ |
|---|---|---|---|---|
| ૨૪ | ગ્રીષ્માબેન એસ. શાહ | શુજાલપુર | ૨૮ | ન્યાયાવતાર |
| ૨૫ | હંસાબેન શાહ | મુંબઈ | ૬૭ | સ્યાદ્વાદ મંજરી |
| ૨૬ | હર્ષદભાઈ પી. મહેતા | જામનગર | ૬૨ | નયચક્ર |
| ૨૭ | હિંમતલાલ એ. શાહ | મુંબઈ | ૮૦ | ધર્મ બિન્દુ |
| ૨૮ | હિંમતલાલ જી. કોઠારી | સુરેન્દ્રનગર | ૭૪ | શાલિભદ્ર ચરિત્ર |
| ૨૯ | હિંમતલાલ એસ. ગાંધી | મુંબઈ | ૭૦ | વિજયાનંદ સૂરિ |
| ૩૦ | હિના વિજયકુમાર દોશી | અમદાવાદ | ૪૫ | કષાય પ્રાભૃત |
| ૩૧ | હિતેશભાઈ બી. જાની | ભાવનગર | ૩૫ | અભિધાન ચિંતામણિ નામમાલા |
| ૩૨ | હિતેશભાઈ વી. પંડ્યા | અમદાવાદ | ૪૫ | જ્ઞાનાવર્ણ (લેખક : શુભચંદ્ર) |
| ૩૩ | ઈલા શાહ | મુંબઈ | ૫૦ | તત્ત્વાર્થાધિગમ સૂત્ર |
| ૩૪ | જાગૃતિબેન એન. ઘીવાલા | અમદાવાદ | ૫૦ | ઉત્તરાધ્યયન સૂત્ર |
| ૩૫ | જસવંતભાઈ ડી. શાહ | વાપી | ૭૪ | પરમાત્મ પ્રકાશ (આચાર્ય યોગેન્દ્ર કૃત) |
| ૩૬ | જયંતીલાલ એમ. શાહ | મુંબઈ | ૭૮ | કલ્પસૂત્ર |
| ૩૭ | જયકુમાર જલાજ | રતલામ | ૭૫ | યોગસાર |
| ૩૮ | જયપ્રકાશ એન. દ્વિવેદી | જામનગર | ૫૬ | ગાથા સપ્તશતી |
| ૩૯ | જયશ્રીબેન એ. ઠાકોર | આણંદ | ૫૪ | પ્રબંધ ચિંતામણિ – માનતુંગાચાર્ય કૃત |
| ૪૦ | જયશ્રીબેન બી. દોશી | મુંબઈ | — | શાલીભદ્ર ચરિત્ર |
| ૪૧ | જ્હોની કે. શાહ | મુંબઈ | ૩૭ | પરિશિષ્ટ પર્વ |
| ૪૨ | કે. ટી. સુમરા | ભાવનગર | ૩૮ | જૈન તર્ક ભાષા |
| ૪૩ | કૈલાશબેન કે. મહેતા | કોલકાતા | ૫૫ | ગુણસ્થાનક સમારોહ |
| ૪૪ | કલાબેન શાહ | મુંબઈ | ૭૧ | પ્રાકૃત વ્યાકરણ |
| ૪૫ | કાનજીભાઈ ડી. બગડા | ભાવનગર | ૪૫ | યોગ શાસ્ત્ર |
| ૪૬ | કાનજીભાઈ મહેશ્વરી | કચ્છ | ૭૦ | આત્મસિદ્ધ શાસ્ત્ર |
| ૪૭ | કાંતિભાઈ બી. શાહ | અમદાવાદ | ૭૬ | ઉપદેશ માલા |
| ૪૮ | કવિનચંદ્ર એમ. શાહ | બિલીમોરા | ૭૪ | શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર |
| ૪૯ | કેતકી શરદભાઈ શાહ | મુંબઈ | ૩૨ | શ્રી મહાવીર કથા – ગોપાળભાઈ પટેલ કૃત |
| ૫૦ | કેતકી યોગેશભાઈ શાહ | મુંબઈ | ૪૮ | ધર્મ સંગ્રહ |
| ૫૧ | કિર્તીભાઈ એન. શાહ | ખંભાત | ૬૫ | જૈન પરંપરાનો ઈતિહાસ |
| ૫૨ | કોકિલાબેન એચ. શાહ | મુંબઈ | ૬૪ | શાંત સુધારસ |
| ૫૩ | કુમારપાળ દેસાઈ | અમદાવાદ | ૬૮ | વીરચંદ રાઘવજીનું સાહિત્ય |
| ૫૪ | માલતી કિશોરકુમાર શાહ | ભાવનગર | ૫૮ | ષડ્ દર્શન સમુચ્ચય |
| ૫૫ | મનહરબાલા કે. શાહ | અમદાવાદ | ૬૧ | મૂલાચાર |
| ૫૬ | મનહરભાઈ ડી. શાહ | મુંબઈ | ૬૬ | જૈન રામાયણ |
| ૫૭ | મનોજભાઈ એ. ઉપાધ્યાય | વડોદરા | ૩૪ | સમરાદિત્ય મહાકથા |
| ૫૮ | મનુભાઈ જે. શાહ | ભાવનગર | ૭૪ | કુમારપાળ ચરિત્ર |
| ૫૯ | મીતા જે. વ્યાસ | ભાવનગર | ૪૨ | છંદોનુશાસન – હેમચંદ્રાચાર્ય |
| ૬૦ | મિલિંદ એસ. જોષી | વડોદરા | ૩૫ | શ્રી ગુણવર્મ ચરિત્રાન્તર્ગતા-કથા-૧૭ પૂજા |
| ૬૧ | મુકુંદભાઈ એલ. વાડેકર | વડોદરા | ૫૪ | યોગવિંશિકા |
| ૬૨ | નલિનીબેન ડી. શાહ | મુંબઈ | ૫૪ | ગણિતસાર સંગ્રહ (મહાવીરાચાર્ય કૃત) |
| ૬૩ | નિકીતા પારસકુમાર શાહ | સુરત | ૨૫ | શ્રીપાળ રાજાનો રાસ |
| ૬૪ | નિરાલી કે. શાહ | અમદાવાદ | ૨૯ | અધ્યાત્મ સાર |
| ૬૫ | પારૂલબેન બી. ગાંધી | રાજકોટ | ૪૪ | પ્રત્યેક બુદ્ધ ચરિત્ર |

| ક્રમ | નામ | સ્થાન | વય | ગ્રંથનું નામ |
|---|---|---|---|---|
| ૬૬ | પાર્વતીબેન એન. ખીરાની | મુંબઈ | ૫૫ | પ્રજ્ઞાપના સૂત્ર |
| ૬૭ | પ્રદિપભાઈ અમૃતલાલ ટોલિયા | રાજકોટ | ૫૪ | દર્શન અને ચિંતન (પંડિત સુખલાલજી) |
| ૬૮ | પ્રફુલ્લા રસિકલાલ વોરા | ભાવનગર | ૫૮ | શીલોપદેશ માલા |
| ૬૯ | પ્રફુલભાઈ એન. શાહ | અમદાવાદ | ૩૨ | વૈરાગ્ય શતક |
| ૭૦ | પ્રતાપકુમાર જે. ટોલિયા | બેંગલોર | ૭૯ | જૈન વાસ્તુ શાસ્ત્ર પ્રકરણ |
| ૭૧ | પ્રવીણભાઈ સી. શાહ | અમદાવાદ | ૬૮ | ભગવતી સૂત્ર |
| ૭૨ | પ્રિતેશ વિનોદભાઈ શાહ | અમદાવાદ | ૩૪ | વરાંગ ચરિત્ર |
| ૭૩ | પૂર્ણિમા એસ. મહેતા | અમદાવાદ | ૫૪ | આચારાંગ સૂત્ર |
| ૭૪ | રજ્જન કુમાર | બરેલી | ૪૮ | જિવાજિવાભિગમ્ પ્રજ્ઞાપના સૂત્ર |
| ૭૫ | રાજવી ઓઝા | અમદાવાદ | ૨૮ | કુવલયમાલા |
| ૭૬ | રક્ષાબેન જે. શાહ | મુંબઈ | ૫૪ | અષ્ટાન્હિકા પ્રવચન |
| ૭૭ | રમણલાલ સોની | વડોદરા | ૬૪ | સમુદ્ર વહાણ સંવાદ |
| ૭૮ | રામનાથ પાંડે | વડોદરા | ૫૫ | કાવ્યાનુશાસન |
| ૭૯ | રશ્મિબેન ભેદા | મુંબઈ | ૫૨ | યોગબિન્દુ |
| ૮૦ | રશ્મિભાઈ ઝવેરી | મુંબઈ | ૬૮ | દશવૈકાલિક |
| ૮૧ | રતનબેન કે. છાડવા | મુંબઈ | ૫૭ | ઉપાસક દશાંગ સૂત્ર |
| ૮૨ | રેખાબેન વોરા | મુંબઈ | ૪૦ | ભક્તામર સ્તોત્ર |
| ૮૩ | રેશ્મા ડી. પટેલ | આણંદ | ૨૮ | મલ્લિકા મકરંદ – શ્રી રામચંદ્ર સૂરિકૃત |
| ૮૪ | રૂપા ચાવડા | ગાંધીનગર | ૫૫ | પ્રબુદ્ધ રૌહિણેય |
| ૮૫ | રૂપાલીબેન અજય બાફના | ધુલે | ૩૨ | જિન ધમ્મો – આચાર્ય નાલાલજી |
| ૮૬ | સાગર મકવાણા | ભાવનગર | ૧૮ | ભરતેશ્વર બાહુબલિવૃત્તિ |
| ૮૭ | સાગરમલજી જૈન | સાજાપુર | ૭૮ | જૈન સાહિત્ય |
| ૮૮ | સંદિપ જૈન | ન્યૂ દિલ્હી | — | અમૃતાશીતિ-યોગીન્દુ કૃત |
| ૮૯ | શીતલ એમ. શાહ | અમદાવાદ | ૩૫ | યોગસાર |
| ૯૦ | શેખરચંદ્ર જૈન | અમદાવાદ | ૭૨ | જ્ઞાનાર્ણવ |
| ૯૧ | શોભના પી. જૈન | નવસારી | ૪૨ | અન્તગઢ સૂત્ર |
| ૯૨ | શોભનાબેન આર. શાહ | અમદાવાદ | ૫૦ | મનોરમા કથા |
| ૯૩ | શ્રીકાંતભાઈ આર. ધ્રુવ | મુંબઈ | ૪૯ | ધર્મ પરિચય |
| ૯૪ | સ્મિતાબેન પી. જૈન | નંદરબાર | ૪૦ | દેવરચના હરમ્શરાય કૃત |
| ૯૫ | સુદર્શના પી. કોઠારી | મુંબઈ | ૬૫ | ઈન્દ્રિય પરાજય શત |
| ૯૬ | સુધાબેન પંડ્યા | વડોદરા | ૬૪ | આરામશોભા કથા |
| ૯૭ | સુમનબેન શાહ | મુંબઈ | ૭૩ | ઉપમિતિભવ પ્રપંચ કથા |
| ૯૮ | સુવર્ણા જૈન | મુંબઈ | ૬૫ | સમયસાર પ્રકરણ |
| ૯૯ | ઉર્વશી મનુભાઈ પંડ્યા | મુંબઈ | ૪૨ | વસુદેવ–હિંડી |
| ૧૦૦ | ઉષા આર. પટેલ | મુંબઈ | ૫૨ | પ્રમાણ મીમાંસા – હેમચંદ્ર સૂરિ |
| ૧૦૧ | ઉત્પલા કાંતિલાલ મોદી | મુંબઈ | ૫૬ | ત્રિષષ્ઠીશલાકા પુરુષ ચરિત્ર |
| ૧૦૨ | વર્ધમાન આર. શાહ | મુંબઈ | ૨૭ | અષ્ટક પ્રકરણ |
| ૧૦૩ | વર્ષાબેન વી. શાહ | મુંબઈ | ૪૪ | વિશેષાવશ્યક ભાષ્ય |
| ૧૦૪ | વિજયાબેન સી. શાહ | વલ્લભ વિદ્યાનગર | ૭૧ | પ્રશમરતિ પ્રકરણ |
| ૧૦૫ | માવજી સાવલા | ગાંધીધામ | ૭૦ | જીવ વિચાર પ્રકરણ |
| ૧૦૬ | જયશ્રી દોશી | મુંબઈ | ૫૦ | શ્રી શાલિભદ્ર ચરિત્ર |
| ૧૦૭ | રેણુકા પોરવાલ | મુંબઈ | ૫૦ | મથુરા કાંકાળી જિલ્લામાંથી પ્રાપ્ત જૈન કલાકૃતિ ઉપર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન |

ઉપર દર્શાવેલ વિદ્વાન લેખકો વિશેની તેમજ અન્ય માહિતી માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલય–મુંબઈ-ફોન નં. ૦૨૨-૨૩૭૫૯૧૭૯ ઉપર સંપર્ક કરવા વિનંતિ.

# શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન: ૧૬

**❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી**

**ષોડશ અધ્યાય : યોગોપસંહાર યોગ**

'શ્રી જૈન મહાવીર ગીતા'માં સોળમો અધ્યાય 'યોગોપસંહાર યોગ' છે. આ પ્રકરણમાં ૧૨૭ શ્લોક છે.

'શ્રી જૈન મહાવીર ગીતા'નું આપણે કેટલાંક સમયથી અધ્યયન કરીએ છીએ. આ એક સુંદર અને દિવ્ય ગ્રંથ છે. ધર્મગ્રંથો આપણી જાણ બહાર આપણા પર કેટલો ઉપકાર કરે છે તેનો વિચાર કરીએ છીએ ત્યારે હૃદયથી અભિભૂત થઈ જવાય છે. આ ધર્મગ્રંથો આપણા સંસ્કારને મજબૂત કરે છે. આપણા નબળા વિચારો બહાર ફેંકી દે છે. આપણને સન્માર્ગે ટકાવી રાખે છે. એમ લાગે છે કે આ ધર્મગ્રંથો આપણને કહ્યા વિના આપણા હૃદયને મસાજ કરે છે.

'ધી જૈન મહાવીર ગીતા'માં સોળમો અધ્યાય 'યોગોપસંહાર યોગ' છે. અત્યાર સુધી જે અધ્યાય આપણે જોયા તે સર્વ યોગોનો ઉપસંહાર આ ગ્રંથના સર્જક શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી અહીં કરે છે માટે આ અધ્યાયનું નામ 'યોગોપસંહાર યોગ' છે. 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'માં ૧૮ અધ્યાય છે. જ્યારે 'શ્રી જૈન મહાવીર ગીતા'માં ૧૬ અધ્યાય છે અને તે પછી ૬ અન્ય પ્રકારણ લખાયાં છે. સોળમા અધ્યાયની વિશેષતા એ છે કે તેમાં ૧૧૫મા શ્લોકથી કેટલીક ભવિષ્યવાણી કરવામાં આવી છે અને આ ગ્રંથ પૂર્વે બ્રાહ્મી લિપીમાં લખાયો હતો તેમ કહેવામાં આવે છે!

'યોગોપસંહાર યોગ'માં આરંભ આ રીતે થાય છે.

आत्मोन्नतिकरा योगाः शुद्धात्मासिद्धिसाधकाः।
योगानालमष्य भो भव्याः, संप्राप्नुत शिवश्रियम्।।
आत्मा क्षायिकभावेन प्राप्नोति परमात्मताम्।
उपादाननिमित्तैर्योभास्ते भणितास्ततः।।

**'શુદ્ધ આત્મસિદ્ધિ સાધક એવા યોગો આત્માની ઉન્નતિ કરનારા હોય છે. આવા યોગનું આલંબન કરીને કલ્યાણ પ્રાપ્ત કરો.'**

**'આત્મા ક્ષયભાવથી પરમાત્મપદ પામે છે. આ બધા યોગ ઉપાદાન અને નિમિત્ત કારણ તરીકે ગણાવેલા છે.'** (યોગોપસંહાર યોગ, ગાથા, ૧,૩).

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી જ્યારે જે પણ લખે છે તેમાં તેમનું અંતિમ લક્ષ્ય પરમાત્મ પદ હોય છે. આ પ્રકરણની શરૂઆત પણ તેવી જ રીતે થાય છે. જૈન ધર્મ આત્માના કલ્યાણ માટે સતત સદ્‌બોધ આપે છે. અને નિશ્ચય અને વ્યવહાર બંને ધર્મસાધના માટેના પંથ છે; પરંતુ નિશ્ચયને જડ થઈને વળગી ન રહેવાય તે માટે શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી દૃઢતાપૂર્વક આમ કહે છે: **'નિશ્ચયનો વ્યવહાર કરનારા લોકોએ કદી વ્યવહાર યોગનો ત્યાગ કરવો જોઈએ નહીં કેમકે વ્યવહાર વડે જ ચોક્કસ પ્રાપ્તિ થાય છે.'** (યોગોપસંહાર યોગ, ગાથા, ૧૦).

ભગવાન મહાવીર સ્વામી ઉત્તરાધ્યયન સૂત્રમાં સતત પ્રમાદનો ત્યાગ કરવાનો ઉપદેશ આપેછે એ જ વાત શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી યોગપસંહાર યોગમાં કહે છે. પરંતુ અહીં આળસનો ત્યાગ કરવાનું એ માટે કહે છે કે તમે જૈન ધર્મના પ્રચાર માટે સમર્પણ કરો. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીનું આ દૃષ્ટિ બિંદુ તેમના તમામ ધર્મગ્રંથોમાં વારંવાર ઝળકતું રહે છે. જૂઓ: **'હે ભવ્ય પુરુષો, આળસ છોડીને પ્રેમપૂર્વક ઊભા થાઓ. સર્વ કર્તવ્ય કર્મોમાં છોડીને પ્રેમપૂર્વક ઊભા થાઓ. સર્વ કર્તવ્ય કર્મોમાં હે, લોકો, વેગપૂર્વક જાગૃત થાઓ. આનંદપૂર્વક જૈન ધર્મના પ્રચાર માટે સ્વાર્પણ કરવા તૈયાર થાઓ.'** (યોગોપસંહાર યોગ, ગાથા, ૧૩,૧૪).

'શ્રી જૈન મહાવીર ગીતા' એક પ્રખર યોગીની આતમવાણી છે. શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીના રુંવાડે રુંવાડે જૈન ધર્મનો સિંહનાદ સંભળાય છે. ધર્મ માટે તમામ સાત્ત્વિક પડકાર એઓ કરવા અને ઝીલવા તૈયાર રહે છે. અહીં પણ એ જ આતમવાણીનો ટંકાર જોવા મળે છે: **'હે માનવીઓ, મેં કહેલ સર્વ યોગોમાં શંકા છોડી દો અને પૂર્ણ શ્રદ્ધાનું આલંબન કરીને વર્તન કરો, સર્વ શક્તિ પ્રાપ્ત કરો, સર્વલોકોને જાગૃત કરો, સર્વ વિશ્વની ઉન્નતિ કરો. તે મારા ધર્મના જ્ઞાનથી થશે. દેશ અને કાળના યોગને કારણે મારા લોકોએ શક્તિ અને યુક્તિઓ વડે વિધર્મી લોકો સાથે સ્પર્ધા કરવી જોઈએ. ભાવિ જૈનોની ઉન્નતિ આપનાર આ મારી આજ્ઞા છે. આથી પ્રયત્નપૂર્વક અને સર્વ સંઘોએ વર્તવું જોઈએ.'** (યોગોપસંહાર યોગ ગાથા ૨૧, ૨૨, ૨૩, ૨૪).

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ 'યોગોપસંહાર યોગ'માં આ પૂર્વે કહેવાયેલા યોગોનું આલંબન કરીને આગળ વધવાનો ઉપદેશ આપ્યો છે. પરસ્પર પ્રેમ વધારીને જૈનોએ એકબીજાને સહાય કરવી જોઈએ તેમ કહ્યું છે. વિદ્વાનોએ પરસ્પર વિરોધ ઘટાડીને કળિયુગમાં વિધર્મીઓની સામે સત્તા અને શાંતિ એકઠાં કરીને મજબૂત થવું જોઈએ અને દેશકાળ અનુસાર શક્તિવર્ધક કાર્યો કરીને વળી, સર્વલોકોને સહાય આપીને આગળ વધવું જોઈએ તેમ કહ્યું છે. સંઘની ઉન્નતિ કરવા માટે અને વિશ્વમાં પ્રત્યેક જન સુધી જૈન ધર્મ પહોંચાડવા માટે પ્રચંડ પૂરૂષાર્થ કરવો જોઈએ તેવું શ્રી બુદ્ધિસાગર-સૂરીશ્વરજી 'યોગપસંહાર યોગ'માં સતત કહે છે.

દયા એ ધર્મનું મૂળ છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી 'યોગપસંહાર યોગ'માં ૩૮ થી ૪૪મી ગાથા સુધીનું સર્વની સુખાકારી માટે અન્નદાન, ધનદાન વગેરે કરવાનું કહે છે. અહીં તેમની માર્મિક દૃષ્ટિનો પરિચય થાય છે. જેમ ખ્રિસ્તી લોકો અન્ય લોકોને પોતાના તરફ આકર્ષિત કરવા માટે સહાયક બને છે. તેવી જ રીતે શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની આ વાતમાં દીર્ઘદૃષ્ટિપૂર્વક સહાયક બનવાની પ્રેરણા મળે છે.

આત્મકલ્યાણ માટે ધ્યાન એ પણ એક ઉત્તમ પંથ છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી સ્વયં એક પ્રખર યોગી હતા. 'શ્રી મહાવીર જૈન ગીતા'ના યોગોપસંયોગ યોગ'માં તેઓ સૌને ધ્યાનના પંથે જવાની શીખ આપે છે: **'હે ભવ્ય પુરુષો, આત્મશક્તિને પ્રકટ કરો. આત્મધ્યાનના પ્રભાવથી ગુપ્તજ્ઞાન પ્રકાશ પામે છે. પ્રકાશિત થયેલા જ્ઞાન વડે આનંદ જ્ઞાન ગુપ્ત છે તે પ્રકાશ પામે છે. તેનો પ્રકાશ ધ્યાન વડે થાય છે કે જ્યાંથી વાણી પાછી ફરે છે. આત્મજ્ઞાનના પ્રકાશ માટે જલ્દી જાગૃત થાઓ. આત્મધ્યાન અને સમાધિ માટે પ્રેમપૂર્વક જાગૃત થાઓ.**

(યોગોપસંહાર યોગ, ગાથા, ૪૯, ૫૦, ૫૧).

જિનવાણીનો મહિમા અપાર છે. જિનવાણી યુક્તિપૂર્વકની હોય છે. જિનેશ્વરની ભાષા એટલે અનેકાંતની ભાષા. જિનવાણીમાં સંસારના રહસ્યોનું ઉદ્‌ઘાટન પણ થાય છે અને આત્મકલ્યાણનો માર્ગ પણ ખૂલે છે. 'શ્રી જૈન મહાવીર ગીતા'માં ભાષાનું જે સંયોજન થયું છે તે અનેકાંતલક્ષી ભાષા છે. શ્રી મહાવીર સ્વામી 'યોગપસંહાર યોગ'માં પોતે જે કહે છે તે માટે આવો નિર્દેશ કરે છેઃ

**'હું વીતરાગી, કેવલજ્ઞાનના દર્શન વાળો, મહાવીર છું. લોકોના ઉપકાર માટે સર્વ યોગોનો ઉપદેશ આપું છું. હું મોહથી કહેતો નથી. હું પૂર્ણમોહનો નાશ કરનાર છું. જેનાથી સર્વ મનુષ્યોની ઉન્નતિ થાય એવા વચનો હું યુક્તિપૂર્વક બોલું છું. જેનાથી લોકો ઉપર ઉપકાર થઈ શકે તેવા વ્યવહારના વિવેક વડે મુક્તિ સાધી શકાય એવા યોગો મેં કહ્યા છે. હું અથવા મેં આવી ભાષા વ્યવહારને કારણે વાપરી છે. વીતરાગી એવા મેં લોકો ઉપર ઉપકાર કરવા માટે આ પ્રમાણે કહ્યું છે. વિશ્વમાં રહેનારા મનુષ્યોના ઉદ્ધાર માટે હું આમ કહું છું. મેં જે મારા તારાનો ભેદ કહ્યો છે તે મનુષ્યોના વિવેક માટેનો છે.** (યોગપસંહાર યોગ ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦).

સંસારી જીવનની વિશેષતા એ છે કે તેમાં સંસારના તમામ કાર્યો ગૃહસ્થે કરવા પડે છે. સંસારી માણસે સંહારનો મોહ ન રખાય તેવી રીતે ધાર્મિક આગ્રહોથી ચિત્તને જડ પણ ન બનાવી દેવાય. અત્યંત માર્મિક શબ્દોમાં શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી આ ઉપદેશ અહીં આપે છે. આ સંપૂર્ણ વાક્ય ગાગરમાં સાગર જેવું છે : **'વંશ પરંપરાનો ધર્મ વ્યવહારથી જ પ્રવર્તે છે. વ્યવહાર વિનાનું જ્ઞાન શુષ્ક અને ધર્મનો નાશ કરનારું છે.'** (યોગોપસંહાર યોગ, ગાથા, ૬૬).

'શ્રી જૈન મહાવીર ગીતા'ની રચના શ્રી મહાવીર સ્વામી સ્વયં ઉપદેશ આપે છે તે પ્રકારની છે. શ્રી મહાવીર સ્વામીએ જૈન ધર્મની પુનઃ ઉદ્‌ઘોષણા કરી અને સૌને જૈન ધર્મનું પ્રદાન કર્યું, તેમાં જૈન મતના અનુયાયીઓએ કેવું વર્તન કરવું જોઈએ તેની પ્રેરણા આ મુજબ કરવામાં આવી છેઃ **'મેં જૈન ધર્મનો ઉદ્ધાર બધા યોગ વડે કરેલો છે. આથી મારા ભક્તોએ વિશ્વના ઉદ્ધાર માટે વર્તવું જોઈએ. સંસારીને જાગૃત કરવા માટે અનેક નય વાળી મારી ઉક્તિઓ છે. તેના મોહને કારણે કોઈ શંકા કરવી જોઇએ નહીં. સર્વજ્ઞ એવા મેં જે કાંઈ કહ્યું છે તેને લોકોએ આત્મશ્રદ્ધાપૂર્વક કરવું જોઈએ. પોતાના અધિકાર પ્રમાણે આત્મશુદ્ધિ કરવી જોઈએ. ધર્મના વ્યવહારમાં મારો કોઈ પક્ષપાત નથી. મહાવીર એવો હું નિમિત્તને કારણે ધાર્મિક લોકોને મોક્ષ આપું છું. પોત પોતાના કર્મ અનુસાર, પુણ્ય અને પાપ અનુસાર ધર્મીઓ અને વિધર્મીઓ દુઃખ અને સુખ ભોગવે છે.'** (યોગોપસંહાર યોગ, ગાથા, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬).

'શ્રી જૈન મહાવીર ગીતા'નું મહત્ત્વ આ પંક્તિઓમાં સમજાવવામાં આવ્યું છે કેઃ **'જે માણસ મારી ગીતાને મારા સમાન માનીને તેને પૂજે છે અને તેમાં જણાવેલ પદ્ધતિ પ્રમાણે વર્તે છે તે મારા સમાન થાય છે.** (યોગોપસંહાર યોગ, ગાથા, ૯૮).

'યોગોપસંહાર યોગ'માં કેટલીક ભવિષ્યવાણી પણ કરવામાં આવી છે, તથા ૧૨૫મા શ્લોકમાં 'શ્રી જૈન મહાવીર ગીતા' પૂર્વે ઋષિમુનિઓએ બ્રાહ્મી લિપીમાં લખ્યો હતો તેને સમય જતા શ્રી યશોભદ્રસૂરિએ પુનઃ લખી રાખેલો તે ગ્રંથ, શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિશ્વરજી નિર્દેશ કરે છે કે મને મળ્યો અને તે મેં તમને પહોંચાડ્યો. આ સંપૂર્ણ વિધાન વાંચીએ છીએ ત્યારે વિચારમાં ડૂબી જવાય છે. શ્રી યશોભદ્રસૂરિ કોણ હતા, ક્યારે થયા વગેરે નિર્દેશ મળતો નથી પરંતુ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી એમ કહેવા માંગે છે કે આ ગ્રંથ પૂર્વે લખેલા મહાપુરુષને અનુસાર છે અને તેની પ્રાપ્તિ તેમને કોઈ દિવ્ય શક્તિ દ્વારા થઈ હતી તે મુજબ તેમણે લખ્યો છે.

થોડાક શ્લોકાર્થ જોઈએઃ

**'ભારતમાં દક્ષિણમાં અને ઉત્તરમાં યુગ પ્રધાન એવા પ્રભાવવાળા પુરુષો પ્રકટ થશે.'** (યોગોપસંહાર યોગ, ગાથા-૧૧૬).

**'ભવ્ય દેવો અને દેવીઓ રાગ પૂર્ણ રીતે પ્રત્યક્ષ થશે અને ધર્મમાં સહાયક થશે એમાં શંકા નથી.'** ('યોગોપસંહાર યોગ, ગાથા, ૧૧૭).

**'હે જૈનો, અવધિનું જ્ઞાન પ્રાપ્ત કરનારા, જાતિ સ્મરણનું જ્ઞાન રાખનારા, યુગ પ્રધાન એવા સૂરિઓ ઉત્પન્ન થશે.'** (યોગોપસંહાર યોગ, ગાથા, ૧૧૮)

**'મારા પછી બે હજાર પાંચસો વર્ષ પછી સર્વ વિશ્વ પ્રકાશક એવો જૈન ધર્મ થશે.'** (યોગોપસંહાર યોગ, ગાથા, ૧૧૯).

**'બધા વર્ણના લોકો સમગ્ર વિશ્વમાં જૈન ધર્મની અભિલાષા રાખનારા થશે.'** (યોગોપસંહાર યોગ, ગાથા, ૧૨૦).

**'મહાજનોએ ચાર પ્રકારના સંઘના સામ્રાજ્યની વૃદ્ધિ માટે સર્વસ્વ અર્પણ કરીને વર્તવું જોઈએ.'** (યોગોપસંહાર યોગ, ગાથા, ૧૨૧).

**'સર્વસ્વ અર્પણ કરનારા જૈનોની ઉન્નતિ વિવિધ રીતે થાય છે. કળિયુગમાં આવી ઉન્નતિ થઈ છે, થાય છે અને થશે.'** (યોગોપસંહાર યોગ, ગાથા, ૧૨૨).

**'ચાર પ્રકારનું મહાસંઘ રૂપ શ્રી જૈન શાસન, મંગલકારક છે. અને ધર્મધારક છે. તે સર્વત્ર જય પામો.'** (યોગોપસંહાર યોગ, ૧૨૩).

**'જ્યાં સુધી પૃથ્વી, ચંદ્ર, સૂર્ય, તારાઓ છે ત્યાં સુધી મેં કહેલ મંગલકારક જિનશાસન હંમેશાં જય પામો.'** (યોગોપસંહાર યોગ, ગાથા, ૧૨૪).

**'આ મહાવીર ગીતા પૂર્વના ઋષિઓએ બ્રાહ્મી લિપીમાં લખેલ તેને સમય જતા યશોભદ્રસૂરિએ લખેલ હતી.'** (યોગોપસંહાર યોગ, ગાથા, ૧૨૫).

**'મેં તેને જ્ઞાનકોષમાં ગુપ્ત રાખેલ તેને ભક્તિપૂર્વક દેવનાગરી લિપીમાં લખીને પ્રકટ કરી.'** (યોગોપસંહાર યોગ, ગાથા, ૧૨૬).

**'મારા પછી ધર્મની વૃદ્ધિ માટે ભવિષ્યના સૂરિઓ, મહર્ષિઓ વગેરે બીજી લિપીઓમાં અને બીજી ભાષાઓમાં પ્રેમપૂર્વક લખશે.** (યોગોપસંહાર યોગ, ગાથા, ૧૨૭).

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી એમની કાંત દૃષ્ટિથી જે આલેખન કરે છે તેમાં જૈન શાસનનું ઉજ્વળ ભવિષ્ય સમજાય છે. આ યોગી પુરુષે કરેલી અનેક આગાહીઓ સર્વથા સત્ય સાબિત થઈ છે અને એ મુજબ આ આગાહી પણ સત્ય થશે એવી શ્રદ્ધા અંતરમાં જાગે છે. **(ક્રમશઃ)**

પૂજ્ય આચાર્ય વાત્સલ્યદીપ,
ચંદ્રપ્રભુ જૈન દેરાસર, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

**(ડિસેમ્બર ૨૦૦૯ના અંકથી આગળ)**

૫૯૬. પ્રશમ : તત્ત્વના મિથ્યા પક્ષપાતથી ઉત્પન્ન થતા કદાગ્રહ આદિ દોષોનો ઉપશમ એ 'પ્રશમ'.
तत्त्वों के असत् पक्षपात से होनेवाले कदाग्रह आदि दोषों का उपशम प्रशम ।
The calming down of the vices like wrong insistence etc. that result from a misplaced partisanship of philosophical views-that is prasama.

૫૯૭. પ્રસ્તર (પ્રતર) : જે માળવાળા ઘર તળ સમાન છે તે.
जो कि मंजिलावाले घर के तले के समान है ।
Strata which are like storeys of a multistoreyed building.

૫૯૮. પ્રાણ : પાંચ ઈન્દ્રિયો, મન-વચન-કાયબલ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ અને વાયુ એ દશ પ્રાણ છે.
पाँच इन्द्रियाँ, मन-वचन-काय से तीन बल, अच्छ्वासनि:श्वास और आयु ये दस प्राण है।
The five sense organs, the three energies i.e.-manas, speech and body, out-breath and in-breath, life-quantum these are ten pranas.

૫૯૯ પ્રાણત (ઈન્દ્ર) : આનત અને પ્રાણત દેવલોકના ઈંદ્રનું નામ.
आनत और प्राणत देवलोक के इन्द्र का नाम।
The name of the indra of Anata and Pranata Kalpas.

૬૦૦. પ્રાણાતિપાતિકી ક્રિયા : પ્રાણીઓને પાંચ ઈન્દ્રિયો, મન-વચન-કાયબલ, ઉચ્છ્વાસનિઃશ્વાસ અને વાયુ એ દશ પ્રાણથી વિખૂટા કરવાની ક્રિયા 'પ્રાણાતિપાતિકી' છે.
प्राणियों को पाँच इन्द्रियाँ, मन-वचन-काया से तीन बल, उच्छ्वासनि:श्वास और आयु ये दस प्राणों से वियुक्त करने की क्रिया।
Action of the form of depriving the living beings of their Pranas or vital elements.

૬૦૧. પ્રાત્યયિકી ક્રિયા : નવાં શસ્ત્રો બનાવવાં તે પ્રાત્યયિકી ક્રિયા.
नये शस्त्रों का निर्माण करने की क्रिया।
The forging of new weapons.

૬૦૨. પ્રાદોષિકી ક્રિયા : ક્રોધના આવેશથી થતી ક્રિયા તે પ્રાદોષિકી ક્રિયા.
क्रोध के आवेश से होनेवाली क्रिया ।
Action undertaken under the impulse of anger.

૬૦૩. પ્રાપ્યકારી (ઈન્દ્રિય): જે ઇન્દ્રિય ગ્રાહ્ય વિષયો સાથે સંયુક્ત થઈને જ એમને ગ્રહણ કરે તે.
जो इन्द्रिय ग्राह्य विषयों को उनसे संयुक्त होकर ग्रहण करती है।
Those indriyas which grasp their object only through coming in contact with it.

૬૦૪. પ્રાયશ્ચિત્ત : લીધેલ વ્રતમાં થયેલ પ્રમાદજનિત દોષોનું જેના વડે શોધન કરી શકાય તે 'પ્રાયશ્ચિત્ત'.
धारण किए हुए व्रत में प्रमादजनित दोषों का शोधन करना ।
That through which it is possible to make clean sweep of the defects born of negligence arisen in connection with a vrata that has been accepted.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

**(વધુ આવતા અંકે)**

# સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **નમો તિથ્થસ્સ**
(ડૉ. રમણલાલ ચી. શાહે લખેલ તીર્થ યાત્રાના લેખો-તારાબેન શાહે તૈયાર કરેલ)
પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ-મુંબઈ. ૩૩, મોહમ્મદી મિનાર, ૧૪ ખેતવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૪. મૂલ્ય : રૂા. ૧૪૦/- પાના-૧૦૨, પ્રથમ આવૃત્તિ-૨૦૦૯.

સંસાર રૂપી સાગરને પાર પામવામાં જે નિમિત્ત બને છે તેને તીર્થ કહેવામાં આવે છે. જે ભૂમિ તીર્થંકર પરમાત્મા, કેવળી ભગવંતો, ગણધર ભગવંતોની વિચરણ ભૂમિ, કલ્યાણ ભૂમિ હોય તે તીર્થ તરીકે પ્રસિદ્ધ થાય છે. જેના નિર્માણનો વિશિષ્ટ ઇતિહાસ હોય, ૧૦૦ વર્ષ કરતાં વધુ પ્રાચીન હોય, સાધકોની સાધના ભૂમિ હોય તેવાં સ્થળો પણ તીર્થ તરીકે પ્રચલિત છે. જૈન ધર્મમાં તીર્થનો મહિમા અપાર છે. તીર્થની ભૂમિને સ્પર્શતા અને પરમાત્માની ભક્તિથી જન્મ સાર્થક બને છે. આવા તીર્થોની યાત્રા શ્રાવક જીવનના કર્તવ્યમાં જણાવેલ છે.

ડૉ. રમણભાઈ પ્રવાસના રસિયા હતા. તેઓ પ્રતિ વર્ષ જુદાં જુદાં તીર્થોની યાત્રાએ જતા. તેઓ યાત્રા કરવા જતા પહેલાં તે સ્થળનો ઇતિહાસ જાણતા, તેનો મહિમા જાણતા અને યાત્રા દરમ્યાન ભક્તિપૂર્વક સંપૂર્ણ ઇતિહાસને જાણતા અને પછી લખતા – આવા તીર્થયાત્રાના લેખોનો આ સંગ્રહ છે.

રમણભાઈના લખાણની વિશેષતા એ છે કે તે જે તીર્થના દર્શન કરે તે સ્થળ, સ્થાપત્ય, વાતાવરણ, પ્રતિમાજી તેનો મહિમા વગેરેનું યથાશક્ય વર્ણન કરે. તેમના યાત્રા વર્ણનો વાંચતા તેમની બાહ્યયાત્રા સાથે સાથે તેમની આંતર-યાત્રા, વિચારયાત્રાની પણ અનુભૂતિ થાય છે.

આ પુસ્તકમાં મોટાભાગના તીર્થોના ફોટા મૂકવામાં આવ્યા છે જેથી પુસ્તક વાંચનારને તીર્થની ભવ્યતા, પ્રાચીનતા વગેરેનો ખ્યાલ આવે છે.

'નમો તિથ્થસ્સ'ના લેખો તારાબેન શાહે એકઠા કરી સંપાદિત કરેલ છે. આ લેખોમાં આપવામાં આવેલ તીર્થયાત્રાના વર્ણનો જિજ્ઞાસુઓને ઉપયોગી થાય તેવા છે.

x x x

**રસપ્રદ કથા, અભિનવ દર્શન, વિશિષ્ટ પ્રસ્તુતિ**
**ત્રણેનો ત્રિવેણીસંગમ રચાશે**
**• કથા તત્ત્વ, સંગીત અને સ્તવન દ્વારા •**
***ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે***
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા
આયોજિત દ્વિદિવસીય
**।। મહાવીર કથા ।।**
જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય ચિંતક,
તીર્થંકર મહાવીર વિશેનાં ગ્રંથોના પ્રસિદ્ધ લેખક
**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા**
**પ્રથમવાર મુંબઈમાં યોજાશે**
**।। મહાવીર કથા ।।**
(૧) તા. ૨૭-૩-૨૦૧૦, શનિવાર, સાંજે ચાર કલાકે
સ્થળ : કે. સી. કૉલેજ હૉલ, ચર્ચગેટ, મુંબઈ.
(૨) તા. ૨૮-૩-૨૦૧૦ રવિવાર, સવારે દસ કલાકે
સ્થળ : ભારતીય વિદ્યા ભવન, હૉલ, ચોપાટી, મુંબઈ.
**પ્રવેશપત્ર માટે**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સંપર્ક કરવા વિનંતી.**

પુસ્તકનું નામ : **જૈન જનકા જૈન વાસ્તુસાર (હિન્દી)**
સંપાદક-અનુવાદક : **પ્રો. પ્રતાપકુમાર ટોલિયા-સુમિત્રા ટોલિયા**
પ્રકાશક : **જિનભારતી, વર્ધમાનભારતી ઈન્ટર-નેશનલ ફાઉન્ડેશન,** પ્રભાત કોમ્પ્લેક્સ, કે. જી. રોડ, બેંગલોર-૫૬૦ ૦૦૯. મૂલ્ય : રૂા. ૨૫૧/- પાના-૧૨૬, આવૃત્તિ : પ્રથમ-૨૦૦૮.

આ પુસ્તક ચન્દ્રાગજ ઠક્કર ફેરુએ રચેલ પ્રાકૃત ગ્રન્થ 'સિરિ વત્થુસાર પયરણં' પર આધારિત છે. આ ગ્રંથનું સંકલન-સંપાદન અને અનુવાદ પ્રો. પ્રતાપકુમાર ટોલિયા અને તેમની પત્ની સુમિત્રા ટોલિયાએ કરેલ છે.

જિનાલય, દેવાલય તથા ગૃહનિર્માણના કાર્યમાં પૂરી સાવધાની રાખવી જરૂરી છે. નક્ષત્ર, ગણ, ભૂમિપરીક્ષા તથા દિશાદર્શન વગેરેનું ધ્યાન રાખવું જરૂરી છે. ભવન નિર્માણની પ્રક્રિયાઓને સમજાવનારા શિલ્પ સંબંધી અનેક ગ્રંથો વિશ્વમાં વિદ્યમાન છે જેમાં ઠક્કુર ફેરુ કૃત વાસ્તુશાસ્ત્ર ગ્રંથ સર્વસ્વીકૃત મૌલિક ગ્રંથ છે.

આ ગ્રંથમાં વાસ્તુદોષો જનિત ગૃહકષ્ટોના નિવારણમાં પ્રાયોગિક રૂપે કેટલાં નિમિત્તરુપ બન્યા છે અને પ્રાચીન વાસ્તુની વાસ્તવિકતા કેટલી વૈજ્ઞાનિક સર્વકાલીન સર્વદેશીય છે તે સિદ્ધ કરવાનો પ્રયત્ન છે.

તે ઉપરાંત સર્વજનોપયોગી ગૃહાદિ વાસ્તુ, પ્રતિમા પૂજકોને માટે પ્રતિમા-માન અને મહિમા તથા જિનાલયો, જિન પ્રાસાદોના નિર્માતા અને ધન્યભાગ્ય મહાનુભાવો માટે સંપૂર્ણ શિલ્પ વાસ્તુવિજ્ઞાન પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

વાસ્તુશાસ્ત્રના જિજ્ઞાસુઓને મદદરૂપ થાય તેવું આ પુસ્તક છે.

x x x

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪,
ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2009-11



# અવિસ્મરણીય કાશ્મીર પ્રવાસ

❑ ગાંગજી શેઠિયા

સ્કૂલમાં ભણતાં ભણતાં વાંચનનો શોખ કેળવાતો રહ્યો. પ્રવાસ વર્ણનો ખૂબ ગમતાં, કિશોર વયે મનમાં એક એવો દૃઢ નિશ્ચય કર્યો કે લગ્ન પછી મધુરજનીની ઉજવણી સ્વર્ગ સમાન કાશ્મીરમાં કરવી. કાશ્મીર-પ્રવાસ વિશે ખૂબ માહિતી ભેગી કરી રાખી હતી.

૧૯૬૩માં આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી હતી. રજીસ્ટાર પાસે જઈ સહી કરીને સિવિલ-મેરેજથી લગ્ન કર્યા. કાશ્મીર પ્રવાસનું સ્વપ્ન અધુરૂં રહ્યું.

લગ્ન બાદ કાશ્મીર પ્રવાસ માટે દર મહિને થોડી થોડી બચત કરતાં-કરતાં ૧૯૬૫નાં ઑગસ્ટ માસમાં ૩-૪ અઠવાડિયા કાશ્મીર પ્રવાસનું આયોજન કર્યું. મુંબઈથી પઠાનકોટની ટ્રેન ટિકિટ બુક કરી દીધી.

જુલાઈ ૧૯૬૫માં કાશ્મીરમાં પાકિસ્તાની ઘૂસણખોરીના સમાચારો અવારનવાર સમાચાર પત્રોમાં વાંચી, સૌ કુટુંબીઓએ પ્રવાસ કેન્સલ કરવાની સલાહ આપી. માંડ-માંડ કાશ્મીર પ્રવાસની તૈયારી કર્યા બાદ મન મક્કમ કરી અમે ઑગસ્ટ '૬૫ની શરૂઆતમાં ટ્રેન દ્વારા પઠાનકોટ પહોંચ્યા. પઠાનકોટ રેલ્વે સ્ટેશને કાશ્મીરથી પ્રવાસીઓના ટોળે ટોળાં પાછા વળતાં હતાં. વાતાવરણ ખૂબ જ તંગ હતું. દરેકની સલાહ એક જ હતી, કાશ્મીર જવું હિતાવહ નથી.

અમે નિયતી પર અટલ વિશ્વાસ કરી મનને મજબૂત કરી પઠાનકોટથી બસ દ્વારા ઉધમપુર પહોંચ્યા. બસમાં પ્રવાસી અમારા સિવાય કોઈ જ નહોતા. સ્થાનિક ૭-૮ જણ જ હતા. રાત્રે ઉધમપુર રોકાઈ બીજે દિવસે શ્રીનગર પહોંચ્યા. બસમાં એક સ્થાનિક હૉટલ માલિક સરદારજી સાથે પરિચય થતાં એણે એની શ્રીનગર-પહેલગામની હૉટેલોમાં ખૂબ નજીવા દરે ઉતરવાની સગવડ કરી આપી. પઠાનકોટથી શ્રીનગર સુધી આખા રસ્તે મિલીટરીની ચહલ-પહલ પૂરજોશમાં હતી.

શ્રીનગરની બજારમાં લાલ-ચોક પાસે સરદારજીની હૉટલમાં ફક્ત રૂપિયા પાંચમાં રૂમ મળી હતી. બે-ત્રણ દિવસ ત્યાં રહી, ચારેક દિવસ હાઉસ બોટમાં પણ રૂપિયા પાંચમાં રહેવા ગયા. હાઉસબોટવાળાએ શિકારામાં ખૂબ ફેરવ્યા.

હાઉસબોટમાં રેડિયો પાકિસ્તાનના સમાચારો જ હાઉસબોટનો માલિક સાંભળતો રહેતો. મેં પૂછતાં એ કહેતો, 'જબ એક મુસલમાન બંદા ખુદા કી કસમ ખાકે સમાચાર પઢતા હૈ તો સચ હી બોલતા હૈ, ઉસકા હમ ઐતબાર કરતે હૈં.' એકંદરે વાતાવરણ ખૂબ જ ડહોળાયેલું હતું. ભારત-પાકિસ્તાન વચ્ચે ગમે ત્યારે યુદ્ધ શરૂ થઈ જાય એમ હતું.

શ્રીનગરથી અઠવાડિયું રોકાઈ અમે પહેલગામ પહોંચ્યા. પહેલગામની ખળ-ખળ વહેતી નદી કિનારે પ્રખ્યાત પહેલગામ હૉટલ સંપૂર્ણ ખાલી હતી. સરદારજી માલિકે અમને રૂા. ૭૦માં ભાડાનો સ્વીટ રૂમ વીથ કીચન ફક્ત રૂા. પાંચમાં ભાડે આપ્યો. જેથી એની હૉટલ ખૂલી રહે અને સ્ટાફ ચાલ્યો ન જાય. યુદ્ધના ભણકારા વાગતાં ઘણી હોટેલો, સ્ટાફ પોતાને ગામ ચાલ્યો ગયો હોઈ બંધ થઈ ગઈ હતી. બે દિવસ બાદ ભારત-પાકિસ્તાનની લડાઈ જાહેર થઈ અને ફટાફટ બજારની દુકાનો, રેસ્ટોરંટો બંધ થવા લાગી. દરેક જણ પોતાને ગામ જવા લાગ્યો હતો.

લડાઈને લીધે ફળ-ફળાદિ કાશ્મીરથી બહાર ન જતાં મફતને ભાવે મળતાં હતાં. અમે રોજ ૧૦૦ લીલા અખરોટ ફક્ત એક રૂપિયામાં લઈ તોડીને ખાતાં. રોજ સાંજે ફક્ત આઠ આનામાં જાત જાતનાં ફળ-ફળાદિથી પેટ ભરતાં સવારનાં ગવર્મેન્ટ ફાર્મ હાઉસમાંથી તાજાં શાક લઈ આવી બનાવીને ખાતાં.

હૉટલનો સ્ટાફ તદ્દન ફ્રી હોઈ સવારના કુમળા તડકામાં સરસવના તેલથી મસાજ કરાવી સૂર્યસ્નાનનો લાભ પણ હું લેતો હતો.

પહેલગામ હૉટલમાં દહેરાદૂનથી સર્વે ઑફ ઈન્ડિયાના એક આધેડ વયના ઑફિસર આવ્યા. મને કહે અમરનાથની યાત્રા કરવા કંપની આપો. મારી ધર્મપત્ની નાની દીકરી સાથે પહેલગામ એકલી રહેવા તૈયાર થતાં, અમે ઘોડાવાળા સાથે રૂપિયા પચાસ-પચાસમાં બે ઘોડા સાથે અમરનાથ યાત્રાએ જવાનું નક્કી કરી લીધું.

બીજે દિવસે વહેલી સવારે યાત્રામાં નીકળતી વખતે જ દૂધ ઊભરાતાં અપશુકન માની પત્નીએ યાત્રા કેન્સલ કરવા કહ્યું. દહેરાદૂનવાળા ભાઈ કહે, બહેન જૂનવાણી ન થાઓ, તમારા પતિની જવાબદારી મારા શીરે રહેશે. હું એને સંભાળીને પાછો લઈ આવીશ.

ઘોડા ઉપર પહેલગામથી ચંદનવાડી થઈ પિસુ-ઘાટીનાં કપરાં ચઢાણ ચઢી, પંચતરણી નદી પાર કરી અમે ૧૦,૦૦૦ ફીટની ઊંચાઈએ આવેલ શેષનાગ લેઈક ઉપર P.W.D. ડિપાર્ટમેન્ટનાં સિમેન્ટ શેડમાં રાત્રિ રોકાણ કર્યું.

પૂર્ણિમાની રાત્રિ, ચારે બાજુ બરફાચ્છાદિત હિમાલય, બરફ પીગળીને બનેલ શેષ નાગ લેઈક, અદ્‌ભુત પ્રાકૃતિક સૌંદર્યથી મનને ભાવવિભોર કરતો હતો. આવું અપ્રતિમ સૌંદર્ય મેં જીવનમાં ક્યારેય માણ્યું ન હતું.

બીજે દિવસે વહેલી સવારે કડકડતી ઠંડીમાં સહપ્રવાસી શેષનાગ-લેઈકથી ઘોડાવાળા પાસે બાલદીમાં પાણી મંગાવી નહાયા. એ કહે કે દહેરાદુનમાં શિયાળામાં ૦ ડિગ્રી ટેમ્પરેચર પણ થઈ જાય, હું ૩૬૫ દિવસ ઠંડા પાણીથી જ નહાઉં છું. મેં નહાવાનો વિચાર ન કર્યો.

પૂર્ણિમાને લીધે ગુફાની ટોચ સુધી કુદરતી બરફનું લીંગ રચાયું હતું. અમે દર્શન કરી ધન્યતા અનુભવી. અમરનાથ ગુફાથી પાછા વળતાં શેષનાગ-લેઈક પાસે મારા ઘોડાનો પગ લપસ્યો. હું ઘોડા ઉપરથી ઢળાણમાં ગબડ્યો. હાથના પંજાને બરફમાં ખોંસી માંડ માંડ અટક્યો. બન્ને હાથ બરફમાં બળીને કાળા થઈ ગયા.

બંને ઘોડાવાળાઓએ રસ્સીઓ ભેગી કરી માંડ-માંડ મને ઉપર ખેંચીને બચાવ્યો. મારા હોશ-કોશ ઉડી ગયા હતા. ઢળતી સાંજે પહેલગામ હૉટલ પહોંચ્યા ત્યારે જીવમાં જીવ આવ્યો.

અમરનાથની વાર્ષિક યાત્રા વખતે બહાર ગામના ઘોડા ખૂબ આવે. રસ્તામાં ઉગતું ઝેરી ઘાસનો ચારો ચરતાં ચક્કર ખાઈને મરણ પામે. અમે એવા કેટલાય ઘોડાઓનાં મૃતદેહો બરફમાં એવા ને એવા તાજા-માજા જોયા, જાણે હમણાં જ ઊભા થશે.

લડાઈને લીધે મુંબઈથી ૧૫-૨૦ દિવસે ટપાલ આવી. મુંબઈમાં બ્લેક આઈટ હતો. કુટુંબીઓએ જલ્દી પાછા આવવા લખ્યું હતું. લડાઈને લીધે રસ્તા બંધ હતા. જમ્મુ, પુંચ, પઠાનકોટ, પંજાબ, રાજસ્થાન તરફ દરરોજ બોમ્બાર્ડમેન્ટ થતું હતું. કાશ્મીરની ૯૦% પ્રજા મુસ્લિમ હોઈ બિલકુલ બોમ્બાર્ડમેન્ટ થતું નહીં. તેથી બ્લેક આઉટ પણ કાશ્મીરમાં નહતો.

લગભગ વીસ દિવસ પછી યુદ્ધબંધી જાહેર થતાં અમે શ્રીનગરથી રવાના થયા.

પ્રદૂષણરહિત સુંદર હવામાન, લીલાં તાજાં શાક-ફળોના સેવનથી તબિયત લાલ-ગુલાબી થઈ ગઈ. અમારા નિર્ધારિત Low Budget કરતાં ઓછા ખર્ચે ૧ માસ પૃથ્વીના સ્વર્ગ કાશ્મીરમાં અમે ખૂબ જ આનંદથી રહ્યા. એક અમુલ્ય યાદગાર સંભારણું આ પ્રવાસ બની રહ્યો. ✷✷✷

૧૨, તુલીપ્સ, ૭૧, નેપિયન સી રોડ, મુંબઈ-૬.
ટેલિફોન : ૦૨૨-૬૫૦૫૭૭૬૭.
મોબાઈલ ૯૮૩૩૭૦૨૨૨૦.

# પંથે પંથે પાથેય...

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.